
શ્રીમન્મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર વિરચિત

# દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસના છૂટા બોલ

## રાસના આધારે વિવેચન




વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસના છૂટા બોલ

## રાસના આધારે વિવેચન

❖ મૂળ ગ્રંથકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

પારૂલબેન હેમંતભાઈ પરીખ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન


❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**



વીર સં. ૨૫૩૯ ❖ વિ. સં. ૨૦૬૯ ✦✦ આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૬૦-૦૦


卐 આર્થિક સહયોગ 卐

પૂજ્ય માતુશ્રી સ્વ. વિમળાબેન તથા
પૂજ્ય પિતાશ્રી સ્વ. રમણલાલ ભોગીલાલ ગાંધીની પુણ્યસ્મૃતિમાં,
પ્રજ્ઞાલોકના ટ્રસ્ટીઓ
શ્રી ઉત્તમભાઈ રમણલાલ ગાંધી અને
ગીતાબેન ઉત્તમભાઈ ગાંધી


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૬૦

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com

✻ મુદ્રક ✻

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન


**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**

C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

**'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,**
**ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્ગતિ તમારા હાથમાં !
૭. દર્શનાચાર
૮. શાસન સ્થાપના
૯. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૦. અનેકાંતવાદ
૧૧. પ્રશ્નોત્તરી
૧૨. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૩. ચિત્તવૃત્તિ
૧૪. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૫. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૬. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૭. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૮. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૯. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

૨૦. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૧. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૨. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૩. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૪. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૫. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. ગૃહજિનાલય મહામંગલકારી
૨૮. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. | શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. | સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. | સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. | Right to Freedom of Religion !!!!! | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. | 'રક્ષાધર્મ' અભિયાન | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. | 'Rakshadharma' Abhiyaan | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. | સેવો પાસ સંખેસરો | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. | સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

**વિવેચનકાર :– પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપંઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન

૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઇઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સમ્મતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સમ્મતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બાર ભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

## દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસના છૂટા બોલ

# પ્રસ્તાવના

'દ્રવ્યગુણપર્યાયનો રાસ' ગ્રંથ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે રચ્યો છે. શાસ્ત્રીય ગંભીર પદાર્થોને સમજાવવા માટે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથ ગુજરાતી ભાષામાં રચીને દ્રવ્ય, ગુણ અને પર્યાય-વિષયક મર્મસ્પર્શી બોધ થાય તેવો યત્ન કરેલ છે.

ત્યારપછી તે ગ્રંથના દરેક ઢાળના પદાર્થોને સંક્ષિપ્તથી સ્મરણ કરી શકાય તે રીતે છૂટા બોલો લખ્યા છે, જેના બળથી જેઓએ ઢાળનું વાંચન કર્યું છે તેઓને તે પદાર્થોનું ઉપયોગપૂર્વક સ્મરણ થઈ શકે છે અને તે બોલોનો અર્થ પણ કંઈક સ્પષ્ટ કરવાનું આવશ્યક જણાવાથી તે તે ઢાળને લક્ષમાં રાખીને પ્રસ્તુત 'છૂટા બોલ'માં સંક્ષિપ્તથી તેનું કથન કરેલ છે તેથી પ્રસ્તુત 'છૂટા બોલ'નું હાર્દ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' છે અને જેઓને ભગવાનના શાસનમાં બતાવેલા પદાર્થો કઈ રીતે વ્યવસ્થિત છે ? તેનો બોધ કરીને તેનું સ્મરણ કરવું હોય તેને માટે પ્રસ્તુત 'છૂટા બોલો' અત્યંત ઉપકારક છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તે બદલ ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૯, પોષ વદ-૫,**
**તા. ૧-૨-૨૦૧૩, શુક્રવાર,**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

श्रीमन्महोपाध्याय श्री यशोविजयजी गणिवर विरचित

# द्रव्य-गुण-पर्यायना रासना छूटा बोल

## रासना आधारे विवेचन

**(१) मूळ बोल :-**

**(A) विश्व-जगत् (i) कथंचित् द्रव्यपर्यायरूप छे.**

**भावार्थ :-**

विश्व=जगत्=षड्द्रव्यात्मक जगत्, (i) कथंचित् द्रव्यरूप अने कथंचित् पर्यायरूप छे. दरेक द्रव्यो ऊर्ध्वतासामान्यरूप अने तिर्यक्सामान्यरूप छे, तेमां ऊर्ध्वतासामान्यने अने तिर्यक्सामान्यने ग्रहण करवामां आवे तो सर्व द्रव्यमां अनुगत अने सर्वकाळमां अनुगत एवुं एक द्रव्य प्राप्त थाय तथा तेमां वर्तमानमां वर्तता सर्व भावो एककाळभावी पर्यायो बने अने पूर्वउत्तरना भावो भिन्नकाळभावी पर्यायो बने. वळी, व्यवहारनयथी ते ते द्रव्योने पृथक् स्वीकारीए तो ते ते द्रव्यमां वर्तता वर्तमानना भावो अने पूर्वउत्तरना भावो पर्यायो बने तथा त्रिकाळवर्ती ते ते द्रव्य एकस्वरूप प्राप्त थाय.

**मूळ बोल :-**

**अथवा (ii) उत्पादव्ययध्रौव्यरूप छे.**

**भावार्थ :-**

उत्पादव्ययध्रौव्यरूप जगत् छे अर्थात् जगत्वर्ती दरेक द्रव्यो द्रव्यरूपे शाश्वत छे अने ते द्रव्य दरेक क्षणमां कोईक रूपे व्यय पामे छे तथा कोईक

સ્વરૂપે ઉત્પન્ન થાય છે. તેથી તે રીતે દરેક દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ પ્રાપ્ત થાય છે અને તે સ્વરૂપ જ જગત્ છે.

**મૂળ બોલ :-**

**(B) એ ત્રણેય કથંચિત્ પરસ્પર (i) ભિન્ન અને (ii) અભિન્ન છે.**

**ભાવાર્થ :-**

એ ત્રણેય=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રણેય, કથંચિત્ પરસ્પર ભિન્ન અને અભિન્ન છે. જેમ પોતાના આત્મદ્રવ્યમાં વર્તતા પ્રતિક્ષણના બાલાદિ પર્યાયો આત્મસ્વરૂપ જ છે; પરંતુ ઘટપટાદિની જેમ પોતાના આત્માથી ભિન્ન નથી. તેથી પોતાના આત્મામાં વર્તતો બાલપર્યાય, યૌવનપર્યાય અને વૃદ્ધપર્યાય દ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે અર્થાત્ દ્રવ્યને જોનારી દૃષ્ટિથી તે ત્રણે પર્યાયો આત્મસ્વરૂપ જ જણાય છે; પરંતુ પોતાના આત્માથી જેમ અન્ય દ્રવ્યો ભિન્ન દેખાય છે તેમ બાલાદિ પર્યાયો ભિન્ન જણાતા નથી.

વળી, જેમ બાળપર્યાય, યૌવનપર્યાય અને વૃદ્ધપર્યાય સર્વથા આત્મરૂપ હોય તો પોતાની બાલ્યાવસ્થા જુદી છે, યુવાવસ્થા જુદી છે તથા વૃદ્ધાવસ્થા જુદી છે, એવી જે પ્રતીતિ પોતાને થાય છે તે પ્રતીતિ સંગત થાય નહીં. માટે અવસ્થાને જોનારી પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી તે ત્રણેય પર્યાયો પરસ્પર ભિન્ન છે, તેમ તે પર્યાયમાં વર્તતો ધ્રુવ અંશ પણ તે પર્યાયથી ભિન્ન છે. માટે આત્મામાં વર્તતો પ્રતિક્ષણનો ઉત્પાદ, પ્રતિક્ષણનો નાશ અને પ્રતિક્ષણમાં વર્તતી ધ્રુવતા પર્યાયાર્થિકનયથી ભિન્ન છે અને દ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે.

**(૨) મૂળ બોલ :-**

**(C) દ્રવ્ય સ્કંધ, દેશ અને પ્રદેશ - એ ત્રણ પ્રકારે છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્ય સ્કંધરૂપ, દેશરૂપ અને પ્રદેશરૂપ એ ત્રણ પ્રકારે છે. જેમ ધર્માસ્તિકાયદ્રવ્યને સમૂહરૂપે વિચારીએ તો ધર્માસ્તિકાયદ્રવ્ય એક સ્કંધરૂપ છે, તેનો એક દેશ ગ્રહણ કરીને વિચારીએ તો તે ધર્માસ્તિકાયનો દેશ છે એ પ્રકારે બોધ થાય છે તથા પરમાણુની અવગાહનાતુલ્ય ધર્માસ્તિકાયનો પ્રદેશ છે=પ્રકૃષ્ટ એવો નાનો દેશ

છે. એ ત્રણ પ્રકારે કાળ સિવાયના પાંચેય દ્રવ્યોની વિચારણા કરાય છે જેથી તે પાંચેય દ્રવ્યોના સ્વરૂપનો સ્કંધ, દેશ અને પ્રદેશ સ્વરૂપે બોધ થાય છે.

**મૂળ બોલ :-**

**(D) દ્રવ્ય, ગુણ, પર્યાય એ ત્રણેય ઉપચારથી – સ્કંધ, દેશ અને પ્રદેશરૂપ હોવાથી નવ પ્રકારે છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્ય, ગુણ, પર્યાયએ ત્રણેય ઉપચારથી સ્કંધ, દેશ અને પ્રદેશરૂપ હોવાથી નવ પ્રકારે તેના ભેદોની પ્રાપ્તિ થાય છે. જેમ ધર્માસ્તિકાયદ્રવ્ય, ધર્માસ્તિકાયના ગુણો અને ધર્માસ્તિકાયના પર્યાય-એ ત્રણેનો ઉપચાર કરીએ તો ધર્માસ્તિકાયરૂપ સ્કંધમાં તે ત્રણેની પ્રાપ્તિ થાય છે; કેમ કે ધર્માસ્તિકાય અખંડ એક દ્રવ્ય છે, જે સ્કંધરૂપ છે, તે દ્રવ્યરૂપે પ્રાપ્ત થાય છે. તેમાં ગતિસહાયક ગુણ વર્તે છે, તેથી ધર્માસ્તિકાયનો સ્કંધ ગુણરૂપે પ્રાપ્ત થાય છે અને તે ધર્માસ્તિકાયના સ્કંધમાં પ્રતિક્ષણ નવા નવા પર્યાયો થાય છે તેને આશ્રયીને ધર્માસ્તિકાયનો સ્કંધ પર્યાયરૂપે પ્રાપ્ત થાય છે. માટે ધર્માસ્તિકાય સ્કંધમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ઉપચાર કરવાથી તેના ત્રણ ભેદો પ્રાપ્ત થયા. તે રીતે ધર્માસ્તિકાયનો એક દેશ ગ્રહણ કરીને વિચારવામાં આવે તો તે દેશ દ્રવ્યરૂપ છે, તે દેશમાં વર્તતો ગતિસહાયક ગુણ છે તે અપેક્ષાએ તે દેશ ગુણરૂપ છે અને તે દેશ પ્રતિક્ષણ અન્ય અન્ય પર્યાયરૂપે થાય છે તેથી તે દેશ પર્યાયરૂપ છે માટે દેશના પણ ત્રણ ભેદો પ્રાપ્ત થાય.

તે રીતે ધર્માસ્તિકાયનો એક પ્રદેશ ગ્રહણ કરીને વિચારીએ તો તે પ્રદેશ દ્રવ્યસ્વરૂપ છે; કેમ કે દ્રવ્યનો જ પ્રદેશ છે. વળી, ગુણસ્વરૂપ છે; કેમ કે ધર્માસ્તિકાયના એક પ્રદેશમાં પણ ગતિસહાયકરૂપ ગુણ છે. વળી, તે પ્રદેશ પર્યાયસ્વરૂપ પણ છે; કેમ કે ધર્માસ્તિકાય અખંડ દ્રવ્ય હોવાથી તેમાં પ્રતિક્ષણ જે પરાવર્તન થાય છે તે સર્વ પ્રદેશોમાં થતું હોવાથી વિવક્ષિત પ્રદેશમાં પણ પર્યાયની પ્રાપ્તિ છે. આ રીતે નવ પ્રકારોની પ્રાપ્તિ થાય છે. માટે દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા માટે સ્કંધ, દેશ, પ્રદેશને આશ્રયીને સૂક્ષ્મ વિચારણા કરવાથી દ્રવ્ય-ગુણ-પર્યાયના જ નવ ભેદોની પ્રાપ્તિ થાય છે.

**મૂળ બોલ :-**

**(E) દ્રવ્ય, ગુણ, પર્યાય - એ ત્રણેય ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ લક્ષણવાળા છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્ય, ગુણ, પર્યાય એ ત્રણેય ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ લક્ષણવાળા છે; કેમ કે 'સત્'નું લક્ષણ છે કે "જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ હોય તે 'સત્' છે". દરેક દ્રવ્યો ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે માટે સત્ છે. વળી, તે દ્રવ્યમાં રહેલો ગુણ પણ ગુણરૂપે ધ્રુવ છે, કોઈક સ્વરૂપે વ્યય પામે છે અને કોઈક સ્વરૂપે ઉત્પન્ન થાય છે. જેમ આત્માનો જ્ઞાનગુણ ગુણસ્વરૂપે ધ્રુવ છે, જે તે-તે બોધસ્વરૂપે ઉત્પન્ન થાય છે અને પૂર્વ-પૂર્વના બોધસ્વરૂપે નાશ પામે છે. વળી, આત્મામાં પરિવર્તન પામતા પર્યાયો પણ પર્યાયસ્વરૂપે સદા છે, પૂર્વ પર્યાયરૂપે નાશ પામે છે અને ઉત્તર પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે. સંસારી જીવોનો આત્મા ક્યારેય પર્યાય વગરનો નથી તેથી પર્યાયસ્વરૂપે ધ્રુવ છે, તે તે પર્યાયસ્વરૂપે ઉત્પન્ન થાય છે અને તે તે પર્યાયરૂપે નાશ પામે છે. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યનું યોજન કરવાથી દ્રવ્યનો જ સૂક્ષ્મ બોધ થાય છે.

**(૩) મૂળ બોલ :-**

**(F) (૧) દ્રવ્ય - સામાન્ય ધર્મ છે. (૨) ગુણ, પર્યાય - વિશેષ ધર્મો છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્ય સામાન્યધર્મ છે અને ગુણ, પર્યાય એ વિશેષધર્મો છે અર્થાત્ દ્રવ્યમાં જે દ્રવ્ય, દ્રવ્ય એ પ્રકારે પ્રતીતિ થાય છે તે સામાન્યધર્મ છે. ગુણ અને પર્યાય અન્ય દ્રવ્ય કરતાં અન્ય દ્રવ્યને પૃથક્ કરતા હોવાથી વિશેષધર્મો છે. જેમ ઘટમાં રહેલ ઘટના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યથી ઘટને જુદો પાડે છે દા.ત. ઘટમાં રહેલો જડત્વગુણ આત્મદ્રવ્યથી ઘટને પૃથક્ કરે છે, તેમ ઘટમાં વર્તતા પર્યાયો પણ આત્માથી ઘટને પૃથક્ કરે છે માટે ઘટના પર્યાયો ઘટના વિશેષધર્મો છે.

એક દ્રવ્યમાં રહેલું દ્રવ્યત્વ દ્રવ્યથી અન્ય દ્રવ્યને પૃથક્ કરતું નથી, પરંતુ બધા દ્રવ્યમાં અનુગત છે માટે સામાન્યધર્મ છે.

**(૪) મૂળ બોલ :-**

**(G) સામાન્ય :- (૧) ઊર્ધ્વતાપ્રચય સામાન્ય ધર્મ, (૨) તિર્યક્પ્રચય સામાન્ય ધર્મ.**

**ભાવાર્થ :-**

દરેક દ્રવ્યોમાં ઊર્ધ્વતારૂપે દ્રવ્ય અનુગત હોય છે, તેથી ઊર્ધ્વતાપ્રચય સામાન્યધર્મ છે. જેમ આત્મામાં આત્મા, આત્મા, આત્મા એ પ્રકારે ત્રણ કાળમાં પ્રતીતિ થાય તેવા પ્રચય છે તે ઊર્ધ્વતા સામાન્યધર્મ છે અને દરેક આત્માઓમાં આ આત્મા છે, આ આત્મા છે, એ પ્રકારની પ્રતીતિ થાય છે તે તિર્યક્પ્રચય સામાન્યધર્મ છે. ઊર્ધ્વતાપ્રચય સામાન્યધર્મ કાળને આશ્રયીને પ્રતીત થાય છે અને તિર્યક્પ્રચય સામાન્યધર્મ દેશને આશ્રયીને પ્રતીત થાય છે. આથી જ, ભિન્ન ભિન્ન આત્મારૂપ દેશમાં 'આ આત્મા છે', 'આ આત્મા છે' એ પ્રકારનો તિર્યક્પ્રચયરૂપ સામાન્યધર્મ છે.

**મૂળ બોલ :-**

**(G) ઊર્ધ્વતાપ્રચય સામાન્ય ધર્મ :- (૧) ઓઘશક્તિ ઊર્ધ્વતા સામાન્ય, (૨) સમુચ્ચયશક્તિ ઊર્ધ્વતા સામાન્ય.**

**ભાવાર્થ :-**

ઊર્ધ્વતાપ્રચય સામાન્યધર્મના બે ભેદો છે :- (૧) ઓઘશક્તિ ઊર્ધ્વતા સામાન્યધર્મ અને (૨) સમુચ્ચયશક્તિ ઊર્ધ્વતા સામાન્યધર્મ.

**(૧) ઓઘશક્તિ ઊર્ધ્વતા સામાન્યધર્મ :-** જેમ ચરમાવર્તની બહાર રહેલા ભવ્ય જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતારૂપ ઓઘશક્તિ અનંતકાળથી હતી અને ચરમાવર્ત પ્રાપ્તિકાળ સુધી હોય છે. તેથી ચરમાવર્તની બહાર રહેલા જીવોમાં મોક્ષગમનની યોગ્યતારૂપ જે ઓઘશક્તિ અનંતકાળથી હતી, વર્તમાનમાં પણ છે અને ચરમાવર્ત પ્રાપ્ત ન થાય ત્યાં સુધી હોય છે, તે ઓઘશક્તિ નામનો ઊર્ધ્વતાસામાન્યધર્મ છે.

**(૨) સમુચ્ચયશક્તિ ઊર્ધ્વતા સામાન્યધર્મ :-** વળી, જીવ ચરમાવર્તમાં આવે ત્યાર પછી મોક્ષમાં જવાની જે યોગ્યતા તે જીવમાં છે, તે સમુચ્ચયશક્તિ નામનો ઊર્ધ્વતા સામાન્યધર્મ છે; કેમ કે સમ્યક્ પ્રયત્નથી તે જીવ મોક્ષમાં જવાની યોગ્યતાને વિકસાવી શકે છે. જેમ વર્તમાનમાં કોઈક જીવ કેટલાક ભવ પૂર્વે ચરમાવર્તમાં આવેલો હોય ત્યારે પૂર્વમાં તેમાં સમુચ્ચયશક્તિ હતી, વર્તમાનમાં છે અને સિદ્ધિગમન સુધી ભવિષ્યમાં રહેશે, તે સમુચ્ચયશક્તિ ઊર્ધ્વતા સામાન્યધર્મ છે.

**(૫) મૂળ બોલ :-**

**(H) કેટલીક પરસ્પર ભિન્નતા :-**

**ભાવાર્થ :-**

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કેટલીક પરસ્પર ભિન્નતા છે, તેને સ્પષ્ટ કરે છે –

**મૂળ બોલ :-**

**(૧) દ્રવ્ય તે સામાન્ય છે, ગુણ-પર્યાય વિશેષ છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્ય તે સામાન્ય છે અને ગુણ-પર્યાય તે વિશેષ છે, તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાયમાં ભિન્નતા છે. જેમ આત્મદ્રવ્ય ત્રણ કાળમાં દ્રવ્યરૂપે સામાન્ય છે અને તેમાં વર્તતા જ્ઞાન, વીર્ય આદિ ગુણો વિશેષ છે; કેમ કે એક જ આત્માને જ્ઞાનથી, વીર્યથી કે અન્ય ગુણથી ભેદ કરાય છે માટે વિશેષ છે. વળી, પ્રતિક્ષણ આત્મામાં વર્તતા પર્યાયો પણ અન્ય અન્યરૂપે પરિવર્તિત થાય છે. તેથી પર્યાય સામાન્ય નથી પરંતુ વિશેષ છે.

**મૂળ બોલ :-**

**(૨) એક દ્રવ્યમાં – ગુણો અને પર્યાયો અનેક હોય છે.**

**ભાવાર્થ :-**

એક દ્રવ્યમાં ગુણો અને પર્યાયો અનેક હોય છે, તેથી દ્રવ્ય એક અને ગુણો તથા પર્યાયો અનેક હોવાથી દ્રવ્યની અને ગુણ-પર્યાયની પરસ્પર ભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(૩) દ્રવ્ય આધાર છે. ગુણો અને પર્યાયો આધેય છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્ય આધાર છે અને ગુણો તથા પર્યાયો આધેય છે. માટે આધાર-આધેયભાવરૂપે દ્રવ્ય અને ગુણ-પર્યાયમાં ભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(૪) ગુણો અને પર્યાયો એકેક ઇન્દ્રિયગ્રાહ્ય પણ હોય છે. દ્રવ્ય બે ઇન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોય છે.**

**ભાવાર્થ :-**

ગુણો અને પર્યાયો એકેક ઇન્દ્રિયગ્રાહ્ય પણ હોય છે. જેમ પુદ્ગલનો રૂપ ગુણ ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય છે, ગંધગુણ ઘ્રાણેન્દ્રિયથી ગ્રાહ્ય છે, વગેરે. વળી, પર્યાયો=પુદ્ગલમાં પરિવર્તન થતા કાળા-નીલા-ધોળાવર્ણ આદિ પર્યાયો, ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય થાય છે અને પુદ્ગલમાં પરિવર્તન થતા કટુ આદિ રસોરૂપ પર્યાયો રસનેન્દ્રિયથી ગ્રાહ્ય થાય છે.

દ્રવ્ય બે ઇન્દ્રિયથી પણ ગ્રાહ્ય થાય છે. જેમ ઘટરૂપ દ્રવ્ય ચક્ષુરિન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયથી ગ્રાહ્ય થાય છે. અહીં "બે ઇન્દ્રિયથી પણ" એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે ઘટ માત્ર ચક્ષુરિન્દ્રિયથી તો ગ્રાહ્ય થાય છે, પરંતુ ચક્ષુરિન્દ્રિયથી અને સ્પર્શેન્દ્રિયથી પણ ગ્રાહ્ય થાય છે.

વળી, "ગુણ અને પર્યાય એકેક ઇન્દ્રિયથી ગ્રાહ્ય પણ છે" એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે કેટલાક દ્રવ્યના ગુણો અને પર્યાયો ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી જ્યારે કેટલાક દ્રવ્યના ગુણો અને પર્યાયો એકેક ઇન્દ્રિયથી ગ્રાહ્ય પણ છે.

**મૂળ બોલ :-**

**(૫) દ્રવ્યોના - જીવ વગેરે, અને ગુણોના - જ્ઞાન વગેરે, પર્યાયોનાં દેવાદિ નામો છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્યોનાં જીવ વગેરે નામો છે, ગુણોનાં જ્ઞાન વગેરે નામો છે અને પર્યાયોનાં દેવાદિ નામો છે. આ જીવદ્રવ્યને આશ્રયીને કહ્યું. તે રીતે અજીવદ્રવ્યનાં ધર્માસ્તિકાયાદિ નામો છે. તેમાં વર્તતા ગતિસહાયકતા આદિ ગુણોનાં નામો છે અને પ્રતિક્ષણ તે તે જીવ, પુદ્ગલદ્રવ્યને ગતિ આદિના પર્યાયના ઉપષ્ટંભકને પ્રાપ્ત કરતા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં વર્તતા પર્યાયોનાં નામો છે. માટે દ્રવ્યમાં અને ગુણ-પર્યાયમાં પરસ્પર ભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(૬) દ્રવ્યો છ છે. ગુણો અને પર્યાયો અનંત અનંત છે.**

**ભાવાર્થ :-**

દ્રવ્યો છ છે: જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ. વળી, ગુણો અને પર્યાયો અનંત અનંત છે. જો કે જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય સંખ્યાથી અનંત છે તોપણ પ્રત્યેક દ્રવ્યમાં ગુણો અને પર્યાયો અનંત છે. તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાયમાં પરસ્પર ભિન્નતા છે.

**મૂળ બોલ :-**

| | |
|---|---|
| **(૭) ગુણો અને પર્યાયયુક્ત :- દ્રવ્ય** | **આમ લક્ષણો પણ** |
| **સહભાવી ધર્મ :- ગુણ** | **ત્રણેયનાં જુદાં** |
| **ક્રમભાવી ધર્મ :- પર્યાય** | **જુદાં છે.** |

**ભાવાર્થ :-**

'ગુણ-પર્યાયયુક્ત દ્રવ્ય' એ પ્રમાણે દ્રવ્યનું લક્ષણ છે. સહભાવી ધર્મ=દ્રવ્યના યાવત્કાળભાવી ધર્મ, તે ગુણ છે અને ક્રમભાવી ધર્મ=દ્રવ્યમાં ક્રમસર થનારા ધર્મ, તે પર્યાય છે એ પ્રમાણે ગુણ અને પર્યાયનાં લક્ષણ છે. આમ ત્રણેયનાં લક્ષણો પણ જુદાં જુદાં છે માટે ત્રણેની પરસ્પર ભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(I) કેટલીક પરસ્પર અભિન્નતા :-**

**ભાવાર્થ :-**

દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે કેટલાક દૃષ્ટિકોણથી પરસ્પર અભિન્નતા છે તે બતાવે છે –

**મૂળ બોલ :-**

**(૧) ગુણ-ગુણીભાવ અખંડ રહે છે.**

**ભાવાર્થ :-**

(૧) ગુણ-ગુણીભાવ અખંડ રહે છે અર્થાત્ દ્રવ્યમાં વર્તતા ગુણો સાથે ગુણી એવા દ્રવ્યમાં ગુણ-ગુણીભાવ સદા રહે છે. તેથી ઘટ, પટની જેમ દ્રવ્ય અને ગુણ વચ્ચે ભેદ નથી; પરંતુ ગુણ સાથે દ્રવ્ય લોલીભાવરૂપે સદા રહે છે અને પર્યાયો સાથે પણ દ્રવ્ય લોલીભાવરૂપે રહે છે. આમ દ્રવ્ય અને ગુણ-પર્યાયો પૃથક્ પ્રાપ્ત થતા નથી. માટે દ્રવ્ય અને ગુણ-પર્યાયનો પરસ્પર અભેદ છે.

**મૂળ બોલ :-**

**(૨) અનવસ્થા દોષ લાગતો નથી.**

**ભાવાર્થ :-**

અનવસ્થા દોષ લાગતો નથી=ગુણ-ગુણીભાવને અખંડ સ્વીકારવામાં અનવસ્થા દોષ લાગતો નથી. જો દ્રવ્યનો અને ગુણનો પરસ્પર અભેદ ન સ્વીકારવામાં આવે અને નૈયાયિક માને છે તેમ દ્રવ્યમાં ગુણનો સમવાય સંબંધ છે તેમ સ્વીકારવામાં આવે તો તે સમવાય સંબંધને ગુણમાં અને દ્રવ્યમાં રાખવા માટે અન્ય સંબંધાંતરની કલ્પના કરવી પડે, તેથી અનવસ્થા દોષ લાગે છે. તેના બદલે દ્રવ્યમાં ગુણ-પર્યાય અખંડરૂપે રહે છે જેને દ્રવ્યમાં રાખવા માટે સંબંધની આવશ્યકતા નથી, તેમ સ્વીકારવામાં આવે તો અનવસ્થા દોષ લાગતો નથી.

**મૂળ બોલ :-**

**(૩) એક દ્રવ્યના અનેક અવસ્થાભેદો ઘટી શકે છે.**

**ભાવાર્થ :-**

એક દ્રવ્યના અનેક અવસ્થાભેદો ઘટી શકે છે. જેમ આત્મદ્રવ્ય જ્ઞાનસ્વરૂપ પણ છે, સુખસ્વરૂપ પણ છે, મોહસ્વરૂપ પણ છે ઇત્યાદિ અનેક અવસ્થાભેદો એક આત્મદ્રવ્યમાં ઘટી શકે છે. માટે તેમાં વર્તતા ગુણ-પર્યાયની આત્મદ્રવ્ય સાથે પરસ્પર અભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(૪) દ્રવ્યમાં ભાર વધતો નથી.**

**ભાવાર્થ :-**

દ્રવ્યમાં વર્તતા ગુણો અને પર્યાયોને કારણે કે નવા ઉત્પન્ન થતા પર્યાયોને કારણે દ્રવ્યનો ભાર વધતો નથી. તેથી દ્રવ્યની અને ગુણ-પર્યાયની પરસ્પર અભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(૫) અનેક દ્રવ્યોના સમૂહરૂપ પર્યાય પણ એક તરીકે જણાય છે.**

**ભાવાર્થ :-**

અનેક દ્રવ્યોના સમૂહરૂપ પર્યાય પણ એક તરીકે જણાય છે. જેમ ગૃહનું નિર્માણ રેતી, સિમેન્ટ આદિ અનેક દ્રવ્યોના સમૂહરૂપ છે તે ગૃહરૂપ એક પર્યાય તરીકે જણાય છે. તેથી તે અનેક દ્રવ્યોના સમૂહથી પૃથક્ ગૃહરૂપ પર્યાય નથી માટે દ્રવ્ય-ગુણ-પર્યાયની પરસ્પર અભિન્નતા છે. વળી, જેમ સંસારી જીવદ્રવ્ય કાર્મણશરીર, તૈજસશરીર અને ઔદારિક આદિ કોઈ શરીરના સમૂહરૂપ છે તે સમૂહ એક પર્યાયરૂપે જણાય છે. તેથી તે પર્યાય તે દ્રવ્યથી પૃથગ્ નથી; પરંતુ પરસ્પર અભિન્ન છે.

**મૂળ બોલ :-**

**(૬) ત્રણેય એક આકારે મળી ગયેલા જણાય છે.**

**ભાવાર્થ :-**

ત્રણેય=દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેય, એકાકારે મળી ગયેલા જણાય છે='આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે' એ રીતે જુદી પ્રતીતિ જણાતી નથી; પરંતુ જે દ્રવ્ય જણાય છે તે જ કોઈક ગુણસ્વરૂપ અને પર્યાયસ્વરૂપ પ્રતીત થાય છે. માટે પરસ્પર અભિન્નતા છે.

**મૂળ બોલ :-**

**(૭) કારણમાં કાર્યની ઉત્પત્તિ અભેદથી ઉત્પન્ન થાય છે.**

**ભાવાર્થ :-**

કારણમાં કાર્યની ઉત્પત્તિ અભેદથી ઉત્પન્ન થાય છે અર્થાત્ દ્રવ્યરૂપ કારણમાં તે તે પર્યાયરૂપ કાર્યની ઉત્પત્તિ અભેદથી થાય છે. માટે દ્રવ્ય-ગુણ-પર્યાયનો પરસ્પર અભેદ છે.

**મૂળ બોલ :-**

**(J) ભેદ, અભેદ અને ભેદાભેદનાં પક્ષકાર દર્શનો :-**

**ભાવાર્થ :-**

દ્રવ્ય, ગુણ અને પર્યાયના પરસ્પર ભેદ, અભેદ અને ભેદાભેદના પક્ષને સ્વીકારનારાં દર્શનો કયાં છે ? તે બતાવે છે –

**મૂળ બોલ :-**

**(૧) નૈયાયિકો :- એકાંત ભેદ માને છે.**

**ભાવાર્થ :-**

**(૧) નૈયાયિકદર્શન :-** નૈયાયિક એકાંત ભેદ માને છે. આથી જ નૈયાયિક અસત્કાર્યવાદી છે. તેથી અવયવોમાં નિમિત્તકારણ સામગ્રીથી અવયવી પ્રગટ થાય છે, તે અવયવમાં સમવાય સંબંધથી રહે છે તેમ સ્વીકારીને અવયવ-અવયવીનો એકાંત ભેદ માને છે.

**મૂળ બોલ :-**

**(૨) સાંખ્યો :- એકાંત અભેદ માને છે.**

**ભાવાર્થ :-**

(૨) **સાંખ્યદર્શન :-** સાંખ્ય દર્શનકારો એકાંત અભેદ માને છે. આથી સાંખ્ય દર્શનકાર સત્કાર્યવાદી છે. તેથી તે કહે છે કે જેમ સરાવમાં ગંધ વિદ્યમાન છે અને અભિવ્યંજક એવા જળથી અભિવ્યક્ત થાય છે તેમ, ઘટના ઉપાદાન કારણમાં ઘટ વિદ્યમાન છે અને તેની અભિવ્યંજક સામગ્રીથી ઘટ અભિવ્યક્ત થાય છે માટે કારણ અને કાર્યનો એકાંત અભેદ છે એમ સાંખ્યદર્શનકારો માને છે.

**મૂળ બોલ :-**

**(૩) જૈનો :- ભેદ અને અભેદ બન્નેય કથંચિત્ માને છે.**

**ભાવાર્થ :-**

(૩) **જૈનદર્શન :-** જૈનો ભેદ અને અભેદ બન્ને કથંચિત્ માને છે; કેમ કે પદાર્થને જોનારી વ્યવહારદૃષ્ટિથી સ્યાદ્વાદીને ઘટના ઉપાદાન કારણમાં ઘટ નથી તેમ પ્રતીત થાય છે અને પ્રયત્નથી ઘટ ઉત્પન્ન થયો તેમ પ્રતીત થાય છે. આથી વ્યવહારનયથી સ્યાદ્વાદી માને છે કે મિથ્યાદૃષ્ટિ જીવમાં સમ્યક્ત્વ ન હતું અને પ્રયત્નથી પ્રગટ થયું. આમ કહીને ઉપાદાનસામગ્રીમાં કાર્યનો ભેદ વ્યવહારનયની દૃષ્ટિથી જૈનો સ્વીકારે છે. વળી, નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી જ્યારે જોવામાં આવે ત્યારે દ્રવ્યમાં શક્તિરૂપે વિદ્યમાન જ કાર્ય કારણસામગ્રીથી અભિવ્યક્ત થાય છે તેમ સ્યાદ્વાદી માને છે, માટે નિશ્ચયનયની દૃષ્ટિથી જૈનો ઉપાદાનમાં કાર્યનો કથંચિત્ અભેદ માને છે. આથી જ સ્યાદ્વાદી સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીને કહે છે કે સમ્યક્ત્વ એ જીવનું સ્વરૂપ છે, જે જીવમાં વિદ્યમાન જ હતું, ધનાદિની જેમ આગંતુક પદાર્થ નહોતું, ફક્ત કર્મથી આવરાયેલું હોવાથી જણાતું ન હતું અને નિમિત્તસામગ્રીથી કર્મ ખસે છે ત્યારે શક્તિરૂપે વિદ્યમાન જ સમ્યક્ત્વ અભિવ્યક્ત થાય છે. માટે આત્મારૂપ દ્રવ્યમાં સમ્યક્ત્વરૂપ કાર્યનો અભેદ છે એમ નિશ્ચયનયથી જૈનો સ્વીકારે છે.

(૬) મૂળ બોલ :-

**(K) જગતમાં નયવ્યવસ્થાનું બીજ :- દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેયની પરસ્પર ભેદ અને અભેદની અપેક્ષાએ જુદાં જુદાં દ્રવ્યો, ક્ષેત્રો, કાળો અને ભાવોને આશ્રયીને અનેક અભિપ્રાયભેદો= વિચારણાના ભેદો, પડે છે, તે સઘળા નય પ્રકારો ગણાય.**

ભાવાર્થ :-

જેમ જગતમાં નયવ્યવસ્થાનું બીજ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેયની પરસ્પર ભેદ અને અભેદની અપેક્ષાએ જુદાં જુદાં દ્રવ્યો, જુદાં જુદાં ક્ષેત્રો, જુદા જુદા કાળો અને જુદા જુદા ભાવોને આશ્રયીને અનેક અભિપ્રાયના ભેદો વિચારકની વિચારણારૂપે થાય છે, તે સઘળા નયના પ્રકારો ગણાય.

જગતમાં દરેક વસ્તુ દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ જ છે. પર્યાયવિશેષને ગુણ કહેવામાં આવે છે અને તે ગુણ તથા પર્યાય ઘટ, પટની જેમ દ્રવ્યથી પૃથક્ પ્રાપ્ત થતા નથી; પરંતુ દ્રવ્યની સાથે જ એકપ્રદેશથી વળગેલા પ્રાપ્ત થાય છે. તેથી દ્રવ્યથી ગુણ-પર્યાયનો અભેદ પ્રતીત થાય છે, જેને આશ્રયીને દ્રવ્યાર્થિકનય પ્રવર્તે છે. વળી, દ્રવ્યમાં વર્તતા ગુણ-પર્યાયોનો દ્રવ્ય સર્વથા સાથે અભેદ હોય તો દ્રવ્ય કરતાં ગુણ-પર્યાય જે ભિન્ન વસ્તુરૂપે ઉપસ્થિત થાય છે તે થાય નહીં, તેથી દ્રવ્યમાં વર્તતા હોવા છતાં પર્યાયને જોનારી દૃષ્ટિથી ગુણ-પર્યાયો દ્રવ્યથી પૃથક્ છે, જેને જોનારી પર્યાયાસ્તિકનયની દૃષ્ટિ છે. આ દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિ અને પર્યાયાસ્તિકનયની દૃષ્ટિ જુદાં જુદાં દ્રવ્યો, જુદાં જુદાં ક્ષેત્રો, જુદા જુદા કાળો અને જુદા જુદા ભાવોને આશ્રયીને જુદા જુદા અભિપ્રાયો પ્રાપ્ત કરાવે છે, તેથી વસ્તુને જોનારા જેટલા અભિપ્રાયભેદો પ્રાપ્ત થાય છે તે સર્વ નયના ભેદો છે.

મૂળ બોલ :-

**(L) દરેક નયોવાર સપ્તભંગીઓ પણ કરોડો ઉત્પન્ન થાય છે.**

ભાવાર્થ :-

દરેક પદાર્થને આશ્રયીને નયોવાર=ભિન્ન ભિન્ન નયને જોનારી દૃષ્ટિથી,

સપ્તભંગીઓ પણ કરોડો ઉત્પન્ન થાય છે. જેમ દ્રવ્યગુણપર્યાયનો રાસ ઢાળ-૪માં પ્રસ્થકના વર્ણનમાં એક પ્રસ્થકરૂપ વસ્તુને જુદા જુદા નયોને આશ્રયીને અનેક સપ્તભંગીઓ બતાવાઈ છે. આવી સપ્તભંગીઓ મૂળ સાત નયના અવાંતર ભેદોને આશ્રયીને કરવામાં આવે તો કરોડો ઉત્પન્ન થાય છે.

**(૭) મૂળ બોલ :-**

**(M) સપ્તભંગીઓ બે પ્રકારે છે :- (૧) નયસપ્તભંગી, (૨) પ્રમાણસપ્તભંગી.**

**ભાવાર્થ :-**

સપ્તભંગી બે પ્રકારે છે=દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને આશ્રયીને સપ્તભંગી કઈ રીતે થાય છે ? તે પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. તે સપ્તભંગી પણ બે પ્રકારે છે.

(૧) **નયસપ્તભંગી :-** પદાર્થના કોઈક ધર્મને ગ્રહણ કરીને તેના ઉપર જોતાં સાત પ્રશ્નોને આશ્રયીને જે સપ્તભંગી થાય છે તે નયસપ્તભંગી છે.

(૨) **પ્રમાણસપ્તભંગી :-** પદાર્થના અનેક ધર્મોનો એક ધર્મ સાથે કાલાદિ આઠ દ્વારા અભેદ કરીને જિજ્ઞાસુને તે ધર્મવિષયક સાત જિજ્ઞાસા થાય છે, જેના ઉત્તરરૂપે સાત કથનો થાય છે, તેનાથી સર્વ જિજ્ઞાસાઓ પૂર્ણ થાય છે. આ સાત ઉત્તરરૂપ જે સપ્તભંગી છે, તે પદાર્થના પૂર્ણ સ્વરૂપને બતાવનાર પ્રમાણસપ્તભંગી છે.

**મૂળ બોલ :-**

**(૧) નયસપ્તભંગી :- વસ્તુના કોઈપણ એક અંશી જ્ઞાન સાથે સંબંધ ધરાવતી સપ્તભંગી.**

**ભાવાર્થ :-**

નયસપ્તભંગી શું છે ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વસ્તુના કોઈ એક અંશી જ્ઞાન સાથે સંબંધ ધરાવતી સપ્તભંગી નયસપ્તભંગી છે, જે અનંત ધર્માત્મક વસ્તુના એક ધર્મમાત્રને ગ્રહણ કરીને તેના પૂર્ણ અર્થને જાણવા માટે કરાતા માર્ગાનુસારી બોધ કરાવે તેવા સાત ભાંગા સ્વરૂપ છે.

**મૂળ બોલ :-**

**(૨) પ્રમાણસપ્તભંગી :- વસ્તુના સર્વાંશી જ્ઞાન સાથે સંબંધ ધરાવતી સપ્તભંગી.**

**ભાવાર્થ :-**

પ્રમાણસપ્તભંગી શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

વસ્તુના સર્વાંશી જ્ઞાન સાથે સંબંધ ધરાવતી સપ્તભંગી પ્રમાણસપ્તભંગી છે. જેમ કોઈ વસ્તુમાં વર્તતા અનંત ધર્મોને સંગ્રહરૂપે ગ્રહણ કરીને તે ધર્મોનો યથાર્થ બોધ કરાવવા અર્થે સાત જિજ્ઞાસાના ઉદ્ભાવનપૂર્વક સાત ઉત્તરો અપાય છે તે પ્રમાણસપ્તભંગી છે.

**મૂળ બોલ :-**

**(N) પદાર્થના મુખ્ય અને ગૌણ તરીકે વિચારવા ધારેલા ધર્મોની વક્તવ્યતા અને અવક્તવ્યતાની એકીસાથે અને અનુક્રમે અર્પણા કરવાથી સપ્તભંગી ઉત્પન્ન થાય છે.**

**ભાવાર્થ :-**

પદાર્થના મુખ્ય અને ગૌણ તરીકે વિચારવા ધારેલા ધર્મોની વક્તવ્યતાની અને અવક્તવ્યતાની એકી સાથે અને અનુક્રમે અર્પણા કરવાથી સપ્તભંગી ઉત્પન્ન થાય છે. જેમ એક ધર્મને મુખ્ય કરીને 'અસ્તિ' એમ વિકલ્પ કરાય છે, તે ધર્મને ગૌણ કરીને અન્ય નયથી તેને 'નાસ્તિ' કહેવાય છે. તે બંને એકીસાથે અવક્તવ્ય છે તેથી અવક્તવ્યનો ભાંગો પ્રાપ્ત થાય છે અને ક્રમસર વક્તવ્ય છે તેથી અનુક્રમે અર્પણા કરવાથી અન્ય અન્ય ભાંગાઓની પ્રાપ્તિ થાય છે.

**મૂળ બોલ :-**

**(O) સપ્તભંગીનાં પ્રસિદ્ધ બે દૃષ્ટાંતો :-**

| **સત્ સપ્તભંગી** | **ભેદ સપ્તભંગી** |
|---|---|
| **(૧) સ્યાદ્ સત્** | **(૧) સ્યાદ્ ભિન્ન** |
| **(૨) સ્યાદ્ અસત્** | **(૨) સ્યાદ્ અભિન્ન** |

| | |
|---|---|
| **(૩) સ્યાદ્ અવક્તવ્ય** | **(૩) સ્યાદ્ અવક્તવ્ય** |
| **(૪) સ્યાદ્ સદ્ અસદ્** | **(૪) સ્યાદ્ ભિન્ન, અભિન્ન** |
| **(૫) સ્યાદ્ સદ્-અવક્તવ્ય** | **(૫) સ્યાદ્ ભિન્ન-અવક્તવ્ય** |
| **(૬) સ્યાદ્ અસદ્-અવક્તવ્ય** | **(૬) સ્યાદ્ અભિન્ન-અવક્તવ્ય** |
| **(૭) સ્યાદ્ સદ્-અસદ્-અવક્તવ્ય** | **(૭) સ્યાદ્ ભિન્ન-અભિન્ન-અવક્તવ્ય** |

**ભાવાર્થ :-**

(૧) 'કથંચિત્ અસ્તિ, કથંચિત્ નાસ્તિ'ની જે સપ્તભંગી છે તે 'સત્'ની સપ્તભંગી છે. જેમ દરેક પદાર્થો કોઈક સ્વરૂપે સત્ છે અને કોઈ સ્વરૂપે અસત્ છે. તેથી પદાર્થમાં વર્તતા સત્ અને અસત્ સ્વરૂપને આશ્રયીને જે સપ્તભંગી થાય છે તે 'સત્'ની સપ્તભંગી છે.

(૨) 'કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન'ની જે સપ્તભંગી છે તે 'ભેદ'ની સપ્તભંગી છે. જગતના તમામ પદાર્થો કોઈક દૃષ્ટિએ પરસ્પર ભેદવાળા છે તો કોઈક દૃષ્ટિએ અભેદવાળા છે. તેથી તેઓના કથંચિત્ ભેદધર્મને આશ્રયીને અને કથંચિત્ અભેદધર્મને આશ્રયીને જે સાત વિકલ્પો થાય છે તે ભેદની સપ્તભંગી છે. વળી, સંસારી જીવોમાં પણ તેમના દેહ સાથે કથંચિત્ ભેદ છે અને કથંચિત્ અભેદ છે, તેને આશ્રયીને કોઈક વિવક્ષિત જીવમાં પણ ભેદાભેદની સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

**(૮) મૂળ બોલ :-**

**(P) નયો :- (૧) દ્રવ્યાર્થિક, (૨) પર્યાયાર્થિક.**

**ભાવાર્થ :-**

નયો બે છે :- (૧) દ્રવ્યાર્થિકનય અને (૨) પર્યાયાર્થિકનય. જગત દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ જ છે તેથી સર્વ પદાર્થોને જોવાની દૃષ્ટિ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય સ્વરૂપ છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે ત્યારે જગતનાં તમામ દ્રવ્યો દ્રવ્યરૂપે એક જણાય છે; કેમ કે દરેક પદાર્થોમાં તિર્યક્સામાન્યરૂપ

અને ઊર્ધ્વતાસામાન્યરૂપ એક દ્રવ્યત્વધર્મ છે. એક દ્રવ્યના ત્રણે કાળનાં જે પરિવર્તનો છે તેને જોનારી દૃષ્ટિ તે પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે. વળી, કોઈ વિવક્ષિત વસ્તુને ગ્રહણ કરીને આધારાંશને જોનારી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે અને આધારાંશમાં વર્તતા પર્યાયને જોનારી દૃષ્ટિ તે પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે.

**મૂળ બોલ :-**

**(૧) દ્રવ્યાર્થિક :- (i) મુખ્ય વૃત્તિથી - અભેદ પક્ષગ્રાહી, (ii) ઉપચાર વૃત્તિથી - ભેદ પક્ષગ્રાહી.**

**ભાવાર્થ :-**

દ્રવ્યાર્થિકનય મુખ્ય વૃત્તિથી અભેદપક્ષગ્રાહી છે અને ઉપચાર વૃત્તિથી ભેદપક્ષગ્રાહી છે. તેથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્યાર્થિકનય સ્યાદ્વાદની દૃષ્ટિથી દ્રવ્યને બતાવે છે ત્યારે પણ ગૌણરૂપે પર્યાયને સ્વીકારે છે માટે દ્રવ્યને જોનારી દૃષ્ટિથી અભેદની જ પ્રાપ્તિ થાય છે. જેમ પોતાનો આત્મા ચારે ગતિઓમાં દ્રવ્યરૂપે એક છે માટે ચારે ગતિઓના પર્યાયમાં અભેદપક્ષને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયની મુખ્ય વૃત્તિ=મુખ્ય દૃષ્ટિ, છે.

વળી, દ્રવ્યાર્થિકનય પણ સર્વથા એકાંતપક્ષવાદી નથી તેથી ગૌણરૂપે પર્યાયને પણ સ્વીકારે છે આ ગૌણરૂપે સ્વીકારવારૂપ ઉપચારવૃત્તિથી=લક્ષણાથી= ગૌણ દૃષ્ટિથી, ભેદપક્ષને પણ દ્રવ્યાર્થિકનય સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(૨) પર્યાયાર્થિક :- (i) મુખ્ય વૃત્તિથી - ભેદ પક્ષગ્રાહી, (ii) ઉપચાર વૃત્તિથી - અભેદ પક્ષગ્રાહી.**

**ભાવાર્થ :-**

પર્યાયાર્થિકનય મુખ્યવૃત્તિથી ભેદપક્ષગ્રાહી છે; કેમ કે પર્યાયને જોનારી દૃષ્ટિ પ્રતિક્ષણ થતાં પરિવર્તનોમાં ભેદને દેખાડે છે, છતાં સ્યાદ્વાદની દૃષ્ટિથી પરિકર્મિત પર્યાયાર્થિકનયની દૃષ્ટિ ગૌણરૂપે દ્રવ્યને પણ સ્વીકારે છે તેથી ઉપચારવૃત્તિથી=ગૌણ દૃષ્ટિથી, પર્યાયાર્થિકનય અભેદપક્ષગ્રાહી પણ છે.

**-: દિગંબર પ્રક્રિયાથી નયના ભેદો :-**

**મૂળ બોલ :-**

**(૧) તર્ક શાસ્ત્રની દૃષ્ટિથી, (૨) અધ્યાત્મ શાસ્ત્રની દૃષ્ટિથી.**

**ભાવાર્થ :-**

દિગંબરો બે પ્રકારે નયના ભેદ કરે છે :- (૧) તર્કશાસ્ત્રની દૃષ્ટિથી, (૨) અધ્યાત્મશાસ્ત્રની દૃષ્ટિથી.

**મૂળ બોલ :-**

**(૧) તર્ક શાસ્ત્રની દૃષ્ટિથી :- (i) નયો, (ii) ઉપનયો.**

**ભાવાર્થ :-**

દિગંબરો તર્કશાસ્ત્રની દૃષ્ટિથી નૈગમાદિ નયો અને ઉપનયો સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(૨) અધ્યાત્મ શાસ્ત્રની દૃષ્ટિથી :- (i) નિશ્ચય, (ii) વ્યવહાર.**

**ભાવાર્થ :-**

યોગમાર્ગની પ્રવૃત્તિને બતાવનાર વ્યવહારનયને અને નિશ્ચયનયને દિગંબરો અધ્યાત્મશાસ્ત્રની દૃષ્ટિથી સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(i) નયો નવ :- (a) દ્રવ્યાર્થિક : ૧૦ (b) પર્યાયાર્થિક : ૬ (c) નૈગમ : ૩ (d) સંગ્રહ : ૨ (e) વ્યવહાર : ૨ (f) ઋજુસૂત્ર : ૨ (g) શબ્દ : ૧ (h) સમભિરૂઢ : ૧ (i) એવંભૂત : ૧.**

**ભાવાર્થ :-**

દિગંબરમતાનુસાર નયો નવ છે જેના ભેદો નીચે જણાવ્યા મુજબ છે :

(a) દ્રવ્યાર્થિકનયના દસ ભેદો છે. (b) પર્યાયાર્થિકનયના છ ભેદો છે. (c) નૈગમનયના ત્રણ ભેદો છે. (d) સંગ્રહનયના બે ભેદો છે. (e) વ્યવહારનયના બે ભેદો છે. (f) ઋજુસૂત્રનયના બે ભેદો છે. (g) શબ્દનયનો એક ભેદ છે. (h)

સમભિરૂઢનયનો એક ભેદ છે. (i) એવંભૂતનયનો એક ભેદ છે.

દિગંબરમતાનુસાર કરાયેલ નવ નયોનો વિભાગ ઉચિત નથી, તેનો શ્વેતાંબર મત સાથે વિરોધ છે; કેમ કે દ્રવ્યાર્થિકનયના દસ ભેદોમાં પૂર્ણ દ્રવ્યાર્થિકનો સંગ્રહ થતો નથી અને પર્યાયાર્થિકનયના છ ભેદોમાં પૂર્ણ પર્યાયાર્થિકનો સંગ્રહ થતો નથી, પરંતુ નૈગમાદિ સાત નયોનો જ દ્રવ્યાર્થિકનયમાં અને પર્યાયાર્થિકનયમાં સમાવેશ થતો હોવાથી નૈગમાદિ સાત નયોથી પૃથગ્ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયોની કલ્પના ભગવાનના વચનથી વિરુદ્ધ છે. તે સ્વયં ગ્રંથકારશ્રીએ 'દ્રવ્યગુણપર્યાયના રાસ'માં સ્પષ્ટ કરેલ છે. જો કે નૈગમાદિ સાત નયો અને તેના ભેદો સાથે શ્વેતાંબર પક્ષને કોઈ વિરોધ નથી.

**મૂળ બોલ :-**

**(a) દ્રવ્યાર્થિક – ૧૦**

**૧. શુદ્ધ : (i) કર્મોપાધિ રહિત, (ii) સત્તાગ્રાહક, (iii) ભેદકલ્પના-રહિત.**

**૨. અશુદ્ધ : (i) કર્મોપાધિ સાપેક્ષ, (ii) ઉત્પાદ અને વ્યય સાપેક્ષ, (iii) ભેદકલ્પના સાપેક્ષ.**

**૩. મિશ્ર : (i) અન્વય, (ii) સ્વદ્રવ્યાદિ ગ્રાહક, (iii) પરદ્રવ્યાદિ ગ્રાહક, (iv) પરમભાવ ગ્રાહક.**

**ભાવાર્થ :-**

(a) **દ્રવ્યાર્થિકનય** :-

દિગંબરમતાનુસાર દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદો છે.

**૧. શુદ્ધ દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદો છે :** (i) કર્મઉપાધિથી રહિત શુદ્ધ આત્માને જોનારી દૃષ્ટિ, (ii) દરેક પદાર્થોમાં રહેલી ધ્રુવાંશરૂપ સત્તાને જોનારી દૃષ્ટિ અને (iii) ભેદકલ્પનાથી રહિત છએ દ્રવ્યોમાં સમાનતાને જોનારી અભેદ દૃષ્ટિ. આ ત્રણ દૃષ્ટિઓ શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિઓ છે.

**૨. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદો છે :** (i) કર્મઉપાધિથી સાપેક્ષ અશુદ્ધ

જીવદ્રવ્યને જોનારી દૃષ્ટિ, જેનાથી સંસારી જીવ દેહધારી દેખાય છે, રૂપસંપત્તિવાળો દેખાય છે, કાષાયિક પરિણામવાળો દેખાય છે, ક્ષયોપશમભાવની ગુણસંપત્તિવાળો દેખાય છે. તેથી અશુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી જીવ ચૌદ ગુણસ્થાનકની પરિણતિવાળો દેખાય છે, ફક્ત દ્રવ્યને જોનારી દૃષ્ટિ હોવાથી દ્રવ્યાર્થિકનય છે. (ii) ઉત્પાદ-વ્યય સાપેક્ષ દ્રવ્યને જોનારી દૃષ્ટિ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે, જેનાથી સંસારી જીવો, પુદ્‌ગલો કે અન્ય દ્રવ્યોમાં થતા ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને તેનાથી સંવલિત એવા જીવાદિ દ્રવ્યને જોનારી દૃષ્ટિ છે તે અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે; કેમ કે ઉત્પાદવ્યય પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી આક્રાંત છે માટે અશુદ્ધ છે. આ નયદૃષ્ટિથી સિદ્ધના જીવોને પણ તેમનામાં થતા ઉત્પાદવ્યય સાપેક્ષ જોવામાં આવે ત્યારે તે ઉત્પાદવ્યયથી યુક્ત સિદ્ધના આત્માને બતાવનાર દૃષ્ટિ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય બને છે. (iii) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી જીવ, પુદ્‌ગલ વગેરે દ્રવ્ય દેખાય છે; કેમ કે જીવ અને પુદ્‌ગલનો ભેદ કરનારી દૃષ્ટિ પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે તેની અપેક્ષા રાખીને જીવ કે પુદ્‌ગલ દ્રવ્યને જોનારી દૃષ્ટિ છે તેથી અશુદ્ધ છે.

**૩. મિશ્ર દ્રવ્યાર્થિકનયના ચાર ભેદો છે :** (i) અન્વય દ્રવ્યાર્થિકનય એક સ્વભાવને કહે છે. તે કહે છે કે એક જ દ્રવ્ય એ ગુણ-પર્યાયસ્વભાવવાળું છે. આમ કહીને ગુણ-પર્યાયના વિષયમાં દ્રવ્યનો અન્વય સ્વીકારે છે, જે મિશ્ર દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે. (ii) સ્વદ્રવ્યાદિગ્રાહક મિશ્ર દ્રવ્યાર્થિકનય છે=દરેક પદાર્થો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ છે, તેને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે. આ કથનમાં દ્રવ્યને જોનારી દૃષ્ટિ હોવાથી અને સાથે પરદ્રવ્યાદિની વ્યાવૃત્તિ કરનારી દૃષ્ટિ હોવાથી મિશ્ર દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે. (iii) વળી, પરદ્રવ્યાદિ ગ્રાહકનયની દૃષ્ટિ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવને આશ્રયીને 'તે દ્રવ્ય નથી' એમ કહે છે અર્થાત્ 'વિદ્યમાન પણ ઘટાદિ પદાર્થ તે=પટાદિ, સ્વરૂપે નથી' એમ કહે છે. આ કથનમાં ઘટાદિ દ્રવ્યને જોનારી દૃષ્ટિ છે અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ વિભાગ કરનારી હોવાથી મિશ્ર દૃષ્ટિ છે. (iv) વળી, પરમભાવ ગ્રાહકનયની દૃષ્ટિ આત્મામાં અનેક ભાવો હોવા છતાં આત્માને જ્ઞાનસ્વરૂપે સ્વીકારે છે. તે દૃષ્ટિ આત્માના મુખ્ય ભાવને જોનારી હોવાથી પરમભાવને જોનારી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે; કેમ કે

તે આત્માને પરમભાવસ્વરૂપે જુએ છે. આત્માનો પરમભાવ એ આત્માનો પર્યાય છે અને આત્માને તે પર્યાયરૂપે જુએ છે તેથી મિશ્ર દૃષ્ટિ છે.

**મૂળ બોલ :-**

**(b) પર્યાયાર્થિક : ૬**

**૧. શુદ્ધ : (i) અનાદિ નિત્ય (ii) સાદિ નિત્ય (iii) અનિત્ય.**

**૨. અશુદ્ધ : (i) નિત્ય (ii) કર્મોપાધિ રહિત નિત્ય (iii) કર્મોપાધિ સાપેક્ષ નિત્ય.**

**ભાવાર્થ :-**

**(b) પર્યાયાર્થિકનય :-** દિગંબર મતાનુસાર પર્યાયાર્થિકનયના ૬ ભેદો છે. (૧) શુદ્ધ પર્યાયાર્થિકનયના ૩ ભેદો છે :

**(i) અનાદિ નિત્ય :-** જેમ મેરુપર્વત પ્રતિક્ષણ ચયઉપચય પામે છે તોપણ પ્રવાહથી અનાદિ અને નિત્ય છે તેમ શુદ્ધ પર્યાયાર્થિકનય સ્વીકારે છે. અહીં દિગંબર મતાનુસાર ધ્રૌવ્ય અંશનો સ્વીકાર કરાયો નથી; પરંતુ ચયઉપચયમાત્રનો જ સ્વીકાર કરાયો છે અને સદૃશ આકારરૂપે ચયઉપચય થતો હોવાથી તેને શુદ્ધ કહે છે, માટે શુદ્ધ પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે.

**(ii) સાદિ નિત્ય :-** વળી, સાદિ નિત્ય એ શુદ્ધ પર્યાયાર્થિકનયનો ભેદ છે. જેમ સિદ્ધના જીવો કર્મક્ષય કરીને ઉત્પન્ન થાય છે ત્યારપછી સતત નવા નવા શુદ્ધ પર્યાયો થાય છે. સાદિ નિત્ય તેને જોનાર હોવાથી શુદ્ધ પર્યાયાર્થિકનય છે. તે પર્યાયો સદા સદૃશ જ થાય છે, તેથી સદૃશ પ્રવાહની અપેક્ષાએ નિત્ય કહે છે. વળી, આવો શુદ્ધ પર્યાય અનાદિનો નથી પરંતુ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિકાળમાં પ્રારંભ થાય છે અને પછી સદા રહે છે તેથી સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનયનો ભેદ છે.

**(iii) અનિત્ય :-** શુદ્ધ પર્યાયાર્થિકનય સત્તાને ગૌણ કરીને પ્રતિક્ષણ ઉત્પાદવ્યયને ગ્રહણ કરે છે તેથી શુદ્ધ છે અને પર્યાયને ગ્રહણ કરે છે માટે પર્યાયાર્થિકનય છે.

૨. અશુદ્ધ પર્યાયાર્થિકનયના ત્રણ ભેદો છે :- (i) અનાદિ નિત્ય (ii)

સાદિ નિત્ય (iii) અનિત્ય. (i) નિત્ય (ii) કર્મોપાધિ રહિત નિત્ય (iii) કર્મોપાધિ સાપેક્ષ નિત્ય.

**(i) નિત્ય :-** આ નય એક સમયમાં પર્યાય ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે તેમ કહે છે. સત્તાને ન સ્વીકારવી એ પર્યાયાર્થિકનયનું શુદ્ધ સ્વરૂપ છે જ્યારે આ નય ઉત્પાદવ્યયધ્રૌવ્ય ત્રણ સ્વરૂપ પર્યાય છે એમ કહે છે. તેથી સત્તા બતાવનાર હોવાથી અશુદ્ધ પર્યાયાર્થિકનય છે.

**(ii) કર્મોપાધિ રહિત નિત્ય :-** વળી, કર્મોપાધિ રહિત સંસારી જીવને સિદ્ધ જેવા માને તે કર્મોપાધિ રહિત નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય છે; કેમ કે સંસારી અવસ્થામાં અને સિદ્ધ અવસ્થામાં આત્માના શુદ્ધપર્યાયને જોનારી દૃષ્ટિ છે તેથી કર્મોપાધિરહિત છે; અને કર્મની ઉપાધિ વિદ્યમાન હોવા છતાં તેની વિવક્ષા કરતો નથી તેથી અશુદ્ધ પર્યાયાર્થિકનય છે.

**(iii) કર્મોપાધિ સાપેક્ષ નિત્ય :-** વળી, સંસારી જીવને જન્મ-મરણ એ વ્યાધિ છે એમ કહીએ ત્યારે જીવના કર્મસંયોગજનિત જન્માદિક અશુદ્ધ પર્યાયનું કથન થાય છે. જન્માદિ વ્યાધિરૂપ પર્યાય છે માટે મોક્ષાર્થી જીવ તેના નાશ માટે પ્રયત્ન કરે છે; કેમ કે પ્રયત્નથી પર્યાયનો જ નાશ થઈ શકે, દ્રવ્યનો નહીં. વળી કર્મોપાધિ સાપેક્ષ સંસારકાળમાં રહેનાર એવા જન્માદિ પર્યાય નિત્ય છે તેનું કથન થાય છે. માટે જન્મ-મરણ એ વ્યાધિ છે એમ કહેવાથી કર્મઉપાધિ સાપેક્ષ નિત્ય પર્યાયનું કથન થાય છે.

**મૂળ બોલ :-**

**(c) નૈગમ : 3**

**૧. ભૂતનો વર્તમાનમાં આરોપ ૨. ભાવિનો ભૂતમાં આરોપ 3. ભૂત અને ભાવિનો વર્તમાનમાં આરોપ.**

**ભાવાર્થ :-**

**(c) નૈગમનય :-** દિગંબરો નૈગમનયના ત્રણ ભેદો સ્વીકારે છે.

**(૧) ભૂતનો વર્તમાનમાં આરોપ :-** જેમ ભૂતકાળમાં શ્રી વીરભગવાન દિવાળીના દિવસે નિર્વાણ પામ્યા હતા, તેનો વર્તમાનની દિવાળીમાં આરોપ

કરીને કહેવાય છે કે "આજે શ્રી વીરભગવાન નિર્વાણ પામ્યા."

(૨) **ભાવિનો ભૂતમાં આરોપ :-** વળી, ભાવિનો ભૂતમાં આરોપ કરીને નૈગમનો બીજો ભેદ કહેવાય છે. જેમ કેવલીને ભવિષ્યમાં સિદ્ધપણું પ્રાપ્ત થશે, તે નજીકમાં થવાનું હોવાથી કેવલીને સિદ્ધ કહેવામાં આવે ત્યારે ભાવિના સિદ્ધપણાનો ભૂતમાં ઉપચાર થાય છે અર્થાત્ "સિદ્ધ થયેલા" એમ કહેવારૂપ ભૂતપણામાં ઉપચાર છે.

(૩) **ભૂત અને ભાવિનો વર્તમાનમાં આરોપ :-** જેમ "ચોખા રંધાય છે" એમ કહીએ ત્યાં કેટલાક ચોખા રંધાયેલા છે, તે રૂપ ભૂતમાં વર્તમાનનો આરોપ છે અને કેટલાક ચોખા રંધાવાના બાકી છે તે રૂપ ભવિષ્યમાં વર્તમાનનો આરોપ છે.

**મૂળ બોલ :-**

**(d) સંગ્રહ : ૨**

**૧. ઓઘ સંગ્રહ, ૨. વિશેષ સંગ્રહ.**

**ભાવાર્થ :-**

(d) **સંગ્રહનય :-** સંગ્રહનયના બે ભેદ છે.

(૧) **ઓઘ સંગ્રહનય :-** ઓઘ સંગ્રહનય સત્તા માત્રને ગ્રહણ કરનાર છે, તેથી સર્વ પદાર્થોનો સંગ્રહ કરે છે.

(૨) **વિશેષ સંગ્રહનય :-** વિશેષ સંગ્રહનય અજીવને છોડીને જીવરૂપે સર્વ જીવોનો સંગ્રહ કરે છે, તે રીતે અન્ય પણ વિશેષ સંગ્રહ કરે છે. તેથી વિશેષ સંગ્રહનય છે.

**મૂળ બોલ :-**

**(e) વ્યવહાર : ૨**

**૧. સામાન્ય સંગ્રહ ભેદક, ૨. વિશેષ સંગ્રહ ભેદક.**

**ભાવાર્થ :-**

(e) **વ્યવહારનય :-** વ્યવહારનયના બે ભેદ છે.

(૧) **સામાન્ય સંગ્રહનયે સ્વીકારેલાનો ભેદક :-** જેમ જે સત્ છે, તે જીવ-અજીવ સ્વરૂપ્ છે. ત્યાં ઓઘ સંગ્રહનયે જે સત્ ભાવે સંગ્રહ કરેલો તેનો પ્રસ્તુત નય ભેદ કરે છે.

(૨) **વિશેષ સંગ્રહનયે સ્વીકારેલાનો ભેદક :-** જેમ વિશેષ સંગ્રહનય જીવરૂપે, બધા જીવોનો સંગ્રહ કરે છે તેને જ વ્યવહારનય "સંસારી અને મુક્ત" ઇત્યાદિ ભેદોથી ભેદ કરે છે. તેથી વિશેષ સંગ્રહનો ભેદક એવો વ્યવહારનયનો બીજો ભેદ છે.

**મૂળ બોલ :-**

**(f) ઋજુસૂત્ર : ૨**

**૧. સ્થૂલ ઋજુસૂત્ર, ૨. સૂક્ષ્મ ઋજુસૂત્ર.**

**ભાવાર્થ :-**

(f) **ઋજુસૂત્રનય :-** ઋજુસૂત્રનયના બે ભેદ છે.

(૧) **સ્થૂલ ઋજુસૂત્રનય :-** સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્યભવના આખા જીવનને ક્ષણરૂપે સ્વીકારીને મનુષ્યક્ષણરૂપે કહે છે.

(૨) **સૂક્ષ્મ ઋજુસૂત્રનય :-** સૂક્ષ્મ ઋજુસૂત્રનય મનુષ્યભવની પ્રત્યેક ક્ષણને ભિન્ન કરીને માત્ર વર્તમાનની ક્ષણને જ સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(g) શબ્દ : ૧**

**ભાવાર્થ :-**

(g) **શબ્દનય :-** શબ્દનયના અવાંતર ભેદો નથી. તેથી તેનો એક ભેદ જ છે. શબ્દનય લિંગના ભેદથી કે વચનના ભેદથી અર્થનો ભેદ કરે છે. તેથી એક જ નદીના તટને તટઃ, તટમ્ અને તટી કહીને લિંગના ભેદથી નદીના તટનો ભેદ કરે છે. વળી, એક જ પાણીને आपः કહેવામાં આવે તે બહુવચનનો પ્રયોગ છે અને जलं કહેવામાં આવે તે એકવચનનો પ્રયોગ છે. તેથી તે પાણીને ભિન્ન સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(h) સમભિરૂઢ : ૧**

**ભાવાર્થ :-**

**(h) સમભિરૂઢનય :-** સમભિરૂઢનયના અવાંતર ભેદો નથી. વળી, સમભિરૂઢનય 'ઘટ', 'કુંભ' આદિ શબ્દોના ભેદથી એક જ ઘટને ભિન્ન કહે છે.

**મૂળ બોલ :-**

**(i) એવંભૂત : ૧**

**ભાવાર્થ :-**

**(i) એવંભૂતનય :-** એવંભૂતનયના અવાંતર ભેદો નથી. વળી, એવંભૂતનય 'ઘટ' શબ્દ જે ક્રિયાનો વાચક છે તે ક્રિયા થતી હોય ત્યારે જ તેને 'ઘટ' સ્વીકારે છે, અન્ય કાળમાં તેને 'ઘટ' શબ્દવાચ્ય કહેતો નથી.

**મૂળ બોલ :-**

**(ii) ઉપનયો : ૩**

**(a) સદ્ભૂત વ્યવહાર-૨, (b) અસદ્ભૂત વ્યવહાર-૯, (c) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર-૬.**

**ભાવાર્થ :-**

દિગંબર મતાનુસાર ઉપનયોના ત્રણ ભેદ છે.

(a) સદ્ભૂત વ્યવહારનયના બે ભેદો છે. (b) અસદ્ભૂત વ્યવહારનયના નવ ભેદો છે. (c) ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયના ૬ ભેદો છે.

**મૂળ બોલ :-**

**(a) સદ્ભૂત વ્યવહાર : ૨**

**૧. શુદ્ધ સદ્ભૂત વ્યવહાર, ૨. અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર.**

**ભાવાર્થ :-**

**(a) સદ્ભૂત વ્યવહાર :-** સદ્ભૂત વ્યવહારરૂપ પ્રથમ ઉપનયના (૧) શુદ્ધ અને (૨) અશુદ્ધ એમ બે ભેદો છે.

**(૧) શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય :-** શુદ્ધ એવા ધર્મ-ધર્મીનો ભેદ બતાવનાર શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય છે. જેમ વ્યવહારનય શુદ્ધ આત્માનું કેવળજ્ઞાન છે એમ કહે છે, ત્યાં કેવલજ્ઞાનનો આત્માથી ભેદ બતાવે છે. આત્માના શુદ્ધ ભાવોને ગ્રહણ કરનાર હોવાથી તે શુદ્ધ છે તથા આત્મામાં વિદ્યમાન એવા કેવળજ્ઞાનને ગ્રહણ કરે છે તેથી સદ્ભૂત છે અને ભેદ કરે છે તેથી વ્યવહાર છે; કેમ કે ભેદ કરવાથી જ આત્માથી અતિરિક્ત જ્ઞાનનો વ્યવહાર થઈ શકે છે.

**(૨) અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય :-** વળી, અશુદ્ધ એવા આત્મામાં મતિજ્ઞાનાદિક બતાવનાર સદ્ભૂત અશુદ્ધ વ્યવહાર ઉપનય છે, ત્યાં કર્મવાળા અશુદ્ધ આત્માને જોનાર હોવાથી અશુદ્ધ છે, આત્મામાં મતિજ્ઞાનાદિ ગુણ વિદ્યમાન છે તેને જોનાર હોવાથી સદ્ભૂત છે અને આત્માથી મતિજ્ઞાનનો ભેદ કરે છે માટે વ્યવહાર છે.

**મૂળ બોલ :-**

**(b) અસદ્ભૂત વ્યવહાર : ૯**

**(૧) દ્રવ્યનો દ્રવ્યમાં ઉપચાર, (૨) ગુણનો ગુણમાં ઉપચાર, (૩) પર્યાયનો પર્યાયમાં ઉપચાર, (૪) ગુણનો દ્રવ્યમાં ઉપચાર, (૫) પર્યાયનો દ્રવ્યમાં ઉપચાર, (૬) દ્રવ્યનો ગુણમાં ઉપચાર, (૭) દ્રવ્યનો પર્યાયમાં ઉપચાર, (૮) પર્યાયનો ગુણમાં ઉપચાર, (૯) ગુણનો પર્યાયમાં ઉપચાર.**

**ભાવાર્થ :-**

અસદ્ભૂત વ્યવહારરૂપ બીજા ઉપનયના નવ ભેદો છે.

**(૧) દ્રવ્યનો દ્રવ્યમાં ઉપચાર :-** જેમ પુદ્ગલદ્રવ્યનો જીવદ્રવ્યમાં ઉપચાર કરીને જીવને પુદ્ગલ કહેવાય; કેમ કે પુદ્ગલ સાથે જીવદ્રવ્ય એકમેક છે. અહીં દ્રવ્યના દ્રવ્યમાં ઉપચારરૂપ પ્રથમ ભેદની પ્રાપ્તિ છે.

**(૨) ગુણનો ગુણમાં ઉપચાર** :- જેમ આત્માની ભાવલેશ્યા જીવના પરિણામરૂપ હોવાથી આત્માના અરૂપી ગુણમાં પુદ્‌ગલના કૃષ્ણાદિ ગુણનો ઉપચાર કરીને કૃષ્ણાદિ લેશ્યા કહેવાય છે. અહીં ગુણના ગુણમાં ઉપચારરૂપ બીજા ભેદની પ્રાપ્તિ છે.

**(૩) પર્યાયનો પર્યાયમાં ઉપચાર** :- હાથી, ઘોડા વગેરે આત્મદ્રવ્યના અસમાનજાતીય જે પર્યાયો છે તેને સ્કંધ કહીએ ત્યારે પર્યાયરૂપ હાથીમાં=આત્માના પર્યાયરૂપ હાથીમાં, પુદ્‌ગલના સ્કંધપર્યાયનો ઉપચાર કરીને હાથીને સ્કંધ કહેવાય છે. અહીં પર્યાયમાં પર્યાયના ઉપચારરૂપ ત્રીજા ભેદની પ્રાપ્તિ છે.

**(૪) ગુણનો દ્રવ્યમાં ઉપચાર** :- જીવદ્રવ્યમાં 'હું ગૌર છું' એ પ્રકારે પુદ્‌ગલના ગુણનો ઉપચાર કરવામાં આવે ત્યારે ગુણના દ્રવ્યમાં ઉપચારરૂપ ચોથા ભેદની પ્રાપ્તિ છે.

**(૫) પર્યાયનો દ્રવ્યમાં ઉપચાર** :- જેમ, 'હું દેહ છું' એમ બોલીએ ત્યારે 'હું' શબ્દથી આત્મદ્રવ્યનું ગ્રહણ થાય છે અને તેમાં દેહરૂપ પર્યાયનો ઉપચાર થાય છે, તેથી પર્યાયના દ્રવ્યમાં ઉપચારરૂપ પાંચમા ભેદની પ્રાપ્તિ છે.

**(૬) દ્રવ્યનો ગુણમાં ઉપચાર** :- "આ ગૌર દેખાય છે" એમ કહેવામાં આવે ત્યારે પુદ્‌ગલના ગૌરરૂપ ગુણમાં આત્મદ્રવ્યનો ઉપચાર થાય છે. તેથી દ્રવ્યના ગુણમાં ઉપચારરૂપ છઠ્ઠા ભેદની પ્રાપ્તિ છે.

**(૭) દ્રવ્યનો પર્યાયમાં ઉપચાર** :- 'દેહ તે આત્મા છે' એમ કહેવામાં આવે ત્યારે દેહરૂપ પુદ્‌ગલપર્યાયમાં આત્મદ્રવ્યનો ઉપચાર થાય છે. તેથી દ્રવ્યના પર્યાયમાં ઉપચારરૂપ સાતમા ભેદની પ્રાપ્તિ છે.

**(૮) પર્યાયનો ગુણમાં ઉપચાર** :- 'મતિજ્ઞાન એ શરીર છે' એમ કહેવામાં આવે ત્યારે આત્માના મતિજ્ઞાનરૂપ ગુણમાં શરીરરૂપ પુદ્‌ગલપર્યાયનો ઉપચાર થાય છે. તેથી પર્યાયના ગુણમાં ઉપચારરૂપ આઠમા ભેદની પ્રાપ્તિ છે.

**(૯) ગુણનો પર્યાયમાં ઉપચાર** :- જેમ 'શરીર તે મતિજ્ઞાનરૂપ છે' એમ કહેવામાં આવે ત્યારે શરીરરૂપ પુદ્‌ગલપર્યાયમાં આત્માના મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર થાય છે. તેથી ગુણના પર્યાયમાં ઉપચારરૂપ નવમા ભેદની પ્રાપ્તિ છે.

**મૂળ બોલ :-**

**(c) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : ૬**

**(૧) શુદ્ધ ઉપચરિત : ૩**

**(i) સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર, (ii) વિજાતિ અસદ્ભૂત વ્યવહાર, (iii) સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂત વ્યવહાર.**

**(૨) ઉપચરિતોપચરિત અસદ્ભૂત વ્યવહાર : ૩**

**(i) સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર, (ii) વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર, (iii) સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર.**

**ભાવાર્થ :-**

**ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર :-** દિગંબર મતાનુસાર ઉપચરિત અસદ્ભૂત વ્યવહારના છ ભેદો છે. જેમાં શુદ્ધ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયના અને ઉપચરિત ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનયના ૩-૩ ભેદો છે.

(૧) શુદ્ધ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય :- એક ઉપચાર ઉપર બીજો ઉપચાર નથી તે શુદ્ધ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર છે. તેના ત્રણ ભેદો છે.

**(i) સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર :-** જેમ 'પરમાણુ બહુપ્રદેશ છે' એમ કહેવામાં આવે છે; કેમ કે પરમાણુમાં બહુપ્રદેશ થવાની યોગ્યતા છે માટે સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર છે.

**(ii) વિજાતિ અસદ્ભૂત વ્યવહાર :-** જેમ 'મતિજ્ઞાન મૂર્ત છે' એમ કહેવામાં આવે છે; કેમ કે મૂર્ત એવા ઘટાદિ વિષયો, મૂર્ત એવા પ્રકાશના પુદ્ગલો અને મૂર્ત એવા મનોવર્ગણાના પુદ્ગલો - તેને અવલંબીને આત્મામાં મતિજ્ઞાન પ્રગટે છે. તેથી મતિજ્ઞાન મૂર્ત નહીં હોવા છતાં મૂર્ત એવા વિષયો આદિથી થતું હોવાને કારણે વિજાતિ અસદ્ભૂત વ્યવહારથી મતિજ્ઞાનને મૂર્ત કહેવાય છે.

**(iii) સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂતવ્યવહાર :-** જેમ કોઈને જીવ-અજીવ

વિષયક જ્ઞાન થાય ત્યારે સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂતવ્યવહારથી તે મતિજ્ઞાન થવાને કારણે સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂતવ્યવહારથી જીવ-અજીવ વિષયક મતિજ્ઞાન છે તેમ કહેવાય છે.

**(૨) ઉપચરિતોપચરિત અસદ્ભૂત વ્યવહાર :-** એક ઉપચાર ઉપર બીજો ઉપચાર કરવામાં આવે ત્યારે ઉપચરિતોપચરિત અસદ્ભૂત વ્યવહાર બને છે, જે શુદ્ધ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી ભિન્ન છે. તેના પણ ત્રણ ભેદો છે.

**(i) સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર :-** 'હું પુત્રાદિક' એમ કહેવામાં આવે ત્યારે સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર બને છે; કેમ કે પિતાની અપેક્ષાએ પોતે પુત્રાદિક છે અને પોતાના પુત્રાદિથી પોતાનો ભેદ છે તોપણ અતિરાગને કારણે પોતાના પુત્રાદિ સાથે પોતાનો અભેદ કરીને 'હું પુત્રાદિક' કહેતી વખતે અભેદ સંબંધનો ઉપચાર કરાય છે અથવા 'આ મારા પુત્રાદિ છે' એમ કહેવામાં આવે ત્યારે પણ સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારની પ્રાપ્તિ છે.

**(ii) વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર :-** 'મારાં વસ્ત્રાદિક' કહેવામાં આવે છે ત્યારે વસ્ત્રાદિ પુદ્ગલરૂપ હોવા છતાં પણ વિજાતિ એવા પુદ્ગલોનો આત્માની સાથે અભેદ ઉપચાર કરાય છે તેથી વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહારની પ્રાપ્તિ છે.

**(iii) સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂતવ્યવહાર :-** 'આ ગઢ મારો છે' અથવા 'આ દેશ મારો છે' એમ કહેવામાં આવે ત્યારે ગઢમાં કે દેશમાં રહેલા સર્વ જીવોનો અને સર્વ પુદ્ગલોનો પોતાના આત્માની સાથે અભેદ ઉપચાર થાય છે. અહીં સ્વજાતિ એવા જીવ અને વિજાતિ એવા પુદ્ગલોનો આત્મા સાથે ઉપચાર હોવાથી સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂતવ્યવહારની પ્રાપ્તિ છે.

આ ત્રણે ભેદોમાં આત્માનો દેહ સાથે અભેદ ઉપચાર કર્યા પછી બીજો ઉપચાર છે તેથી આ ત્રણે ભેદોમાં ઉપચરિત ઉપચરિત અસદ્ભૂત વ્યવહારની પ્રાપ્તિ છે.

**મૂળ બોલ :-**

**આધ્યાત્મિક નયો-૨**

**(૧) નિશ્ચય-૨ :- (a) શુદ્ધ નિશ્ચયનય, (b) અશુદ્ધ નિશ્ચયનય.**

**(૨) વ્યવહાર-૨ :- (a) સદ્ભૂત વ્યવહાર-૨, (b) અસદ્ભૂત વ્યવહાર-૨.**

**(a) સદ્ભૂત વ્યવહાર-૨ :- (i) ઉપચરિત સદ્ભૂત, (ii) અનુપચરિત સદ્ભૂત.**

**(b) અસદ્ભૂત વ્યવહાર-૨ :- (i) ઉપચરિત અસદ્ભૂત, (ii) અનુપચરિત અસદ્ભૂત.**

**(i) ઉપચરિત અસદ્ભૂત-૨ :-**

**(૧) અસંશ્લેષિત યોગથી, (૨) સંશ્લેષિત યોગથી.**

❖ 'દ્રવ્યગુણપર્યાયના રાસ'ની ઢાળ-૮ની ગાથા-૬ અને ગાથા-૭ પ્રમાણે ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય અસંશ્લેષિત યોગથી કલ્પિત છે અને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય સંશ્લેષિત યોગથી અકલ્પિત છે. તેથી મૂળ બોલમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયનો અસંશ્લેષિત યોગથી ભેદ છે અને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયનો સંશ્લેષિત યોગથી ભેદ છે – એ પ્રમાણે જોઈએ. 'દ્રવ્યગુણપર્યાયના રાસ' પ્રમાણે જ અહીં મૂળ બોલના ભાવાર્થમાં શુદ્ધિ કરેલ છે.

**ભાવાર્થ :-**

આધ્યાત્મિક નયો બે પ્રકારના છે. (૧) નિશ્ચયનય અને વ્યવહારનય.

(૧) **નિશ્ચયનય :-** તેના બે ભેદ છે.

(a) **શુદ્ધ નિશ્ચયનય :-** શુદ્ધ નિશ્ચયનય સંસાર અવસ્થામાં પણ આત્માને સિદ્ધસદૃશ સ્વરૂપે બતાવનાર દૃષ્ટિ છે; કેમકે નિશ્ચયનયથી સંસારી જીવોનું પણ એવું જ સ્વરૂપ છે.

(b) **અશુદ્ધ નિશ્ચયનય :-** અશુદ્ધ નિશ્ચયનય સંસારી જીવોમાં કર્મોનો સંબંધ કે શરીરનો સંબંધ સ્વીકારતો નથી, તોપણ રાગાદિ ભાવો આત્મામાં છે તેમ સ્વીકારે છે; કેમ કે પુદ્ગલને અવલંબીને થનારા ભાવો પણ આત્મામાં જ થાય છે.

(૨) **વ્યવહારનય :-** તેના બે ભેદ છે.

**(a) સદ્દ્ભૂત વ્યવહાર :-** સદ્દ્ભૂત વ્યવહારનયના બે ભેદ છે.

**(i) ઉપચરિત સદ્દ્ભૂત વ્યવહારનય :-** 'જીવનું મતિજ્ઞાન' એ પ્રકારના પ્રયોગમાં ગુણ-ગુણીનો ભેદ બતાવ્યો માટે વ્યવહારનય છે, મતિજ્ઞાન શુદ્ધ આત્માનો ગુણ નથી, ઔપાધિક ગુણ છે માટે ઉપચરિત છે અને આત્મામાં વિદ્યમાન છે માટે સદ્દ્ભૂત છે. આ ઉપચરિત સદ્દ્ભૂત વ્યવહારનય 'જીવનું મતિજ્ઞાન' કહે છે.

**(ii) અનુપચરિત સદ્દ્ભૂત વ્યવહારનય :-** 'આત્માનું કેવળજ્ઞાન' એ પ્રકારના પ્રયોગમાં આત્માનો કેવળજ્ઞાનથી ભેદ કર્યો, તેથી વ્યવહારનય છે, કેવળજ્ઞાન આત્માનો નિરુપાધિક સ્વભાવ છે માટે અનુપચરિત છે અને આત્મામાં કેવળજ્ઞાન વિદ્યમાન છે માટે સદ્દ્ભૂત છે.

**(i) અસંશ્લેષિત યોગથી ઉપચરિત અસદ્દ્ભૂત વ્યવહારનય :-** 'દેવદત્તનું ધન' એ પ્રકારના પ્રયોગમાં દેવદત્તની સાથે ધનનો સંબંધ સંશ્લેષવાળો નથી. આ અસંશ્લેષિત યોગથી કલ્પિત સંબંધ છે.

**(ii) સંશ્લેષિત યોગથી અનુપચરિત અસદ્દ્ભૂત વ્યવહારનય :-**'આત્માનું શરીર' એ પ્રકારના પ્રયોગમાં આત્માનો શરીર સાથેનો સંબંધ સંશ્લેષવાળો છે. આ સંશ્લેષિત યોગથી કલ્પિત સંબંધ છે.

## -: શ્વેતાંબર પ્રક્રિયાથી નયના ભેદો :-

**મૂળ બોલ :-**

**પાંચ અને પાંચસો, અથવા સાત અને સાતસો.**

**ભાવાર્થ :-**

**પાંચ અને પાંચસો :-** તત્ત્વાર્થસૂત્રકારે અપેક્ષાએ પાંચ નયો સ્વીકાર્યા છે ત્યાં છેલ્લા ત્રણ નયોને શબ્દનયથી ગ્રહણ કરેલ છે તેથી સાત નયને સ્થાને પાંચ નયોની પ્રાપ્તિ છે દરેકના સો ભેદો હોવાથી પાંચસો નયોની પ્રાપ્તિ છે.

**અથવા**

**સાત અને સાતસો :-** વળી, શ્વેતાંબર પ્રક્રિયાનુસાર નૈગમાદિ સાત નયો છે અને દરેકના સો ભેદો હોવાથી સાતસો નયોની પ્રાપ્તિ છે.

**મૂળ બોલ :-**

**નયના ભેદો :- (૧) દ્રવ્યાર્થિક નયો, (૨) પર્યાયાર્થિક નયો.**

**(૧) દ્રવ્યાર્થિક નયો :- (a) તાર્કિક મતે :- (i) નૈગમ, (ii) સંગ્રહ, (iii) વ્યવહાર.**

**(b) સૈદ્ધાંતિક મતે :- (i) નૈગમ, (ii) સંગ્રહ, (iii) વ્યવહાર, (iv) ઋજુસૂત્ર.**

**(૨) પર્યાયાર્થિક નયો :- (a) તાર્કિક મતે :- (i) ઋજુસૂત્ર, (ii) શબ્દ, (iii) સમભિરૂઢ, (iv) એવંભૂત.**

**(b) સૈદ્ધાંતિક મતે :- (i) શબ્દ, (ii) સમભિરૂઢ, (iii) એવંભૂત.**

**ભાવાર્થ :-**

(૧) **દ્રવ્યાર્થિક નયો :-** દરેક પદાર્થ દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે, તેમાં દ્રવ્યને જોનારી દૃષ્ટિથી દ્રવ્યાર્થિકનયની પ્રાપ્તિ છે.

**(a) તાર્કિકના મતે :-** પૂ.આ.ભ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજા અને પૂ.આ.ભ. શ્રી મલ્લવાદીસૂરીશ્વરજી મહારાજાના મતે (i) નૈગમનય, (ii) સંગ્રહનય અને (iii) વ્યવહારનય એ ત્રણ નયો દ્રવ્યાર્થિકનયો છે.

**(b) સૈદ્ધાંતિકના મતે :-** શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણાદિ સિદ્ધાંતવાદીના મતે (i) નૈગમનય, (ii) સંગ્રહનય, (iii) વ્યવહારનય અને (iv) ઋજુસૂત્રનય એ ચાર નયો દ્રવ્યાર્થિકનયો છે.

(૨) **પર્યાયાર્થિકનયો :-** દરેક પદાર્થ દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે તેમાં પર્યાયને જોનારી દૃષ્ટિથી પર્યાયાર્થિકનયની પ્રાપ્તિ છે.

**(a) તાર્કિકના મતે :-** પૂ.આ.ભ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજા અને પૂ.આ.ભ. શ્રી મલ્લવાદીસૂરીશ્વરજી મહારાજાના મતે (i) ઋજુસૂત્રનય, (ii) શબ્દનય, (iii) સમભિરૂઢનય અને (iv) એવંભૂતનય – એ ચાર નયો

પર્યાયાર્થિકનયો છે.

**સૈદ્ધાન્તિકના મતે :-** પૂ. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આદિ સિદ્ધાંતવાદીના મતે (i) શબ્દનય, (ii) સમભિરૂઢનય અને (iii) એવંભૂતનય - એ ત્રણ નયો પર્યાયાર્થિકનયો છે.

**નયોના સંબંધમાં કેટલીક વિશેષ સમજ :-**

પૂર્વમાં સાત નયો બતાવ્યા તેનો આધાર મુખ્ય દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય છે. હવે તે દ્રવ્યાર્થિકનયોના અને પર્યાયાર્થિકનયોના વિષયમાં જ અન્ય દૃષ્ટિથી પદાર્થને જોવામાં આવે ત્યારે વસ્તુ કઈ રીતે પ્રાપ્ત થાય ? તે રૂપ વિશેષ સમજને બતાવે છે –

**મૂળ બોલ :-**

**(૧) અર્થનયો-૪ :- (i) નૈગમ, (ii) સંગ્રહ, (iii) વ્યવહાર, (iv) ઋજુસૂત્ર.**

**(૨) શબ્દનયો-૩ :- (i) શબ્દ, (ii) સમભિરૂઢ, (iii) એવંભૂત.**

**ભાવાર્થ :-**

સાતનયોના મુખ્ય બે ભેદો છે : (૧) અર્થનયો અને (૨) શબ્દનયો. અર્થને જોનારી જે દૃષ્ટિ તે અર્થનય છે અને શબ્દને જોનારી જે દૃષ્ટિ તે શબ્દનય છે. આ પ્રમાણે અર્થ કરવો હોય તો બહુવચનમાં 'અર્થનયો' અને 'શબ્દનયો' એમ ન કહેવાય; પરંતુ એકવચનમાં 'અર્થનય' અને 'શબ્દનય' એમ કહેવું જોઈએ, છતાં તેના પેટાભેદને સામે રાખીને અર્થને જોનારી દૃષ્ટિને અર્થનયો અને શબ્દને જોનારી દૃષ્ટિને શબ્દનયો કહેલ છે.

**(૧) અર્થનયો :-** અર્થનયોના ચાર ભેદો છે : (i) નૈગમનય, (ii) સંગ્રહનય, (iii) વ્યવહારનય અને (iv) ઋજુસૂત્રનય. આ ચારે નયો બાહ્ય પદાર્થને જોઈને વસ્તુના સ્વરૂપને સૂક્ષ્મ-સૂક્ષ્મતર બતાવવા માટે પ્રવર્તતા જ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે.

**(૨) શબ્દનયો :-** શબ્દનયોના ત્રણ ભેદો છે : (i) શબ્દનય, (ii) સમભિરૂઢનય, (iii) એવંભૂતનય. આ ત્રણે નયો બાહ્ય પદાર્થને જોયા પછી તે પદાર્થને અવલંબીને થતા શબ્દના વિકલ્પોના બળથી પદાર્થને જોઈને વસ્તુના

સૂક્ષ્મ-સૂક્ષ્મતર સ્વરૂપને બતાવવા માટે પ્રવર્તતા જ્ઞાનના ઉપયોગસ્વરૂપ છે.

હવે નૈગમાદિ નયોનું સ્વરૂપ બતાવે છે –

**મૂળ બોલ :-**

**સામાન્ય વિશેષ ઉભય સંચારી : નૈગમ**

**ભાવાર્થ :-**

નૈગમનય સામાન્યવિશેષ ઉભય સંચારી છે અર્થાત્ કોઈક સ્થાનમાં સામાન્યને જોનારી દૃષ્ટિથી નૈગમનય પ્રવર્તે છે તો કોઈક સ્થાનમાં વિશેષને જોનારી દૃષ્ટિથી નૈગમનય પ્રવર્તે છે. આથી જ, સામાન્યગ્રાહી નૈગમનય અને વિશેષગ્રાહી નૈગમનય એમ નૈગમનયના બે ભેદો છે.

**મૂળ બોલ :-**

**સામાન્ય સંચારી નય : સંગ્રહ**

**ભાવાર્થ :-**

સંગ્રહનય સામાન્ય સંચારી નય છે અર્થાત્ કોઈક સ્થાનમાં સંગ્રહનય પ્રકૃષ્ટ સામાન્યને ગ્રહણ કરે છે તો કોઈક સ્થાનમાં અવાંતર સામાન્યને ગ્રહણ કરે છે, તોપણ વિશેષને ગ્રહણ કરતો નથી. આથી જ ક્યારેક સત્ સત્‌રૂપે જગતના સર્વ પદાર્થોને સામાન્યથી ગ્રહણ કરે છે તો ક્યારેક ઘટત્વજાતિથી સર્વ ઘટોનો સંગ્રહ કરે છે.

**મૂળ બોલ :-**

**વિશેષ સંચારી નય : વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.**

**ભાવાર્થ :-**

વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય આ પાંચ નય વિશેષ સંચારી નય છે. સંગ્રહનયે જે સામાન્યને ગ્રહણ કરેલ હોય તેનો જ આ પાંચે નયો ક્રમશઃ વિશેષ વિશેષ ભેદ કરીને ગ્રહણ કરે છે. આથી જ, સત્‌રૂપે સંગ્રહનયે પ્રકૃષ્ટ સામાન્યનો સંગ્રહ કર્યો તેમાં જ વ્યવહારનય

તે સત્ જીવરૂપ કે અજીવરૂપ છે ઇત્યાદિ વિશેષનો વિભાગ કરીને પ્રવર્તે છે. વ્યવહારનયે જીવને ત્રણકાલવર્તી સામાન્યરૂપે ગ્રહણ કરેલ તેને જ વર્તમાન ક્ષણ દ્વારા ઋજુસૂત્રનય વિશેષ બતાવે છે. વર્તમાન ક્ષણના તટને ઋજુસૂત્ર તટ કહે તેને જ 'तटः, तटी, तटं' એ પ્રમાણે લિંગના ભેદથી ભેદ કરીને શબ્દનય વિશેષસંચારી બને છે. શબ્દનય 'ઘટ, કુંભ'ને સામાન્યથી ઘટરૂપે ગ્રહણ કરે છે તેને જ સમભિરૂઢનય ઘટરૂપે ઘટને અને કુંભરૂપે કુંભને ભિન્ન સ્વીકારીને વિશેષ સંચારી બને છે. વળી, સમભિરૂઢનય ઘટનક્રિયાકાળવાળા ઘટને અને ઘટનક્રિયાકાળ વગરના ઘટને સામાન્યથી ઘટરૂપે ગ્રહણ કરે છે તેને જ એવંભૂતનય ઘટનક્રિયાવાળાને ઘટ કહીને અને ઘટનક્રિયા વગરનાને અઘટ કહીને ભેદ કરે છે, જે અંતિમ વિશેષને જોનાર છે. ત્યારપછી વિશેષની અપ્રાપ્તિ છે.

**મૂળ બોલ :-**

**ત્રૈકાલિક નય : નૈગમ, સંગ્રહ, વ્યવહાર.**

**ભાવાર્થ :-**

નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય ત્રૈકાલિક છે; કેમ કે આ ત્રણે નયો ક્ષણના ભેદથી વસ્તુનો ભેદ કરનારા નથી; પરંતુ પદાર્થને ત્રિકાળવર્તી વસ્તુરૂપે સ્વીકારીને તેના જ પૂર્વપૂર્વના નય કરતાં ઉત્તરનો નય સૂક્ષ્મ સ્વરૂપને બતાવનાર છે.

**મૂળ બોલ :-**

**વર્તમાનકાલિક નય : ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય આ ચાર નયો વર્તમાનકાલિક નય છે; કેમ કે ત્રિકાળવર્તી વસ્તુને માત્ર વર્તમાનક્ષણરૂપે સ્વીકારીને ઋજુસૂત્રનય પ્રવર્તે છે અને તેમાં જ સૂક્ષ્મ-સૂક્ષ્મતર સ્વરૂપને બતાવનાર શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય આ ત્રણ નયોની દૃષ્ટિ છે.

**મૂળ બોલ :-**

**સર્વનિક્ષેપગ્રાહી : નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર.**

**ભાવાર્થ :-**

નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય આ ચાર નયો સર્વનિક્ષેપગ્રાહી છે; કેમ કે આ ચારે નયો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચારેય નિક્ષેપાને ગ્રહણ કરે છે.

**મૂળ બોલ :-**

**ભાવનિક્ષેપગ્રાહી : શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય આ ત્રણ નય માત્ર ભાવનિક્ષેપગ્રાહી છે. તેથી ભાવશૂન્ય ધર્મની ક્રિયાને આ ત્રણ નયો ધર્મરૂપે સ્વીકારતા નથી; પરંતુ મોક્ષને અનુકૂળ ભાવને જ ધર્મરૂપે સ્વીકારે છે. વળી ભાવઘટને જ ઘટ કહે છે; પરંતુ નામઘટને, સ્થાપનાઘટને અને દ્રવ્યઘટને ઘટરૂપે સ્વીકારતા નથી. આથી જ ઘટના ચિત્રને પણ આ ત્રણ નયો 'ઘટ' સ્વીકારતા નથી. ભાવઘટને ઘટરૂપે સ્વીકાર્યા પછી પણ શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય ઉત્તર-ઉત્તરના સૂક્ષ્મભાવને ગ્રહણ કરનાર છે. આથી જ ઘટનક્રિયાવાળા ઘટને જ એવંભૂતનય 'ઘટ' કહે છે, ઘટનક્રિયા વગરના ઘટને એવંભૂતનય 'ઘટ' કહેતો નથી.

**મૂળ બોલ :-**

**પાંચભાવગ્રાહી : નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર.**

**ભાવાર્થ :-**

નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય આ ચાર નયો ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક એમ પાંચેય ભાવોને ગ્રહણ કરનાર છે.

**મૂળ બોલ :-**

**એક ભાવગ્રાહી : એવંભૂતનય.**

**ભાવાર્થ :-**

એવંભૂતનય આત્માના મૂળભૂત સ્વરૂપઆત્મક ક્ષાયિકભાવને જ ગ્રહણ કરે છે. તેથી એક ભાવગ્રાહી છે.

**મૂળ બોલ :-**

**શબ્દ, અર્થ - ઉભયગ્રાહી :- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર.**

**ભાવાર્થ :-**

નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય શબ્દ અને અર્થ ઉભયને ગ્રહણ કરે છે અર્થાત્ નૈગમાદિ ચાર નયો શબ્દથી થતા જ્ઞાનને અને અર્થથી થતા જ્ઞાન એમ બંને જ્ઞાનને ગ્રહણ કરનારા છે. જેમ ઘટરૂપ વસ્તુને જોઈને નૈગમાદિ ચાર નયો પોતપોતાની દૃષ્ટિથી તેના સ્વરૂપને બતાવે છે. વળી, શાસ્ત્રકથિત શબ્દથી વાચ્ય ધર્માસ્તિકાયાદિ પદાર્થો હોય ત્યારે અર્થ દેખાતો નથી તોપણ શબ્દના અવલંબનથી ઉપસ્થિત થતા ધર્માસ્તિકાયાદિ અર્થને ગ્રહણ કરવામાં નૈગમાદિ ચાર નયો પ્રવર્તે છે.

વળી, ક્યારેક શબ્દ અને અર્થ ઉભયને ગ્રહણ કરીને નૈગમાદિ ચાર નયો પ્રવર્તે છે. સામે રહેલા પદાર્થને અવલંબીને શબ્દથી તેનું સ્વરૂપ બતાવવામાં આવે તેમાં નૈગમાદિ ચાર નયો પોતપોતાની દૃષ્ટિથી તેનો અર્થ બતાવે છે.

**મૂળ બોલ :-**

**લિંગાદિ ભેદે ભેદગ્રાહી :- શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય લિંગાદિના ભેદમાં ભેદને ગ્રહણ કરનાર છે. જેમ એક જ તટને 'तटः, तटी, तटं' એ પ્રકારના લિંગના ભેદથી ત્રણે નયો ભિન્ન સ્વીકારે છે આદિપદથી એકવચન, બહુવચનના ભેદથી ત્રણે નયો વસ્તુને ભિન્ન સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**પર્યાયભેદે ભેદગ્રાહી : સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

સમભિરૂઢનય અને એવંભૂતનય પર્યાયના ભેદથી વસ્તુનો ભેદ કરે છે. જેમ એક જ ઘટનો ઘટપર્યાયના અને કુંભપર્યાયના ભેદથી ભેદ કરે છે.

**મૂળ બોલ :-**

**યથાર્થ તથાગ્રાહી :- એવંભૂતનય.**

**ભાવાર્થ :-**

એવંભૂતનય "યથા અર્થ છે તે પ્રમાણે" ગ્રહણ કરનાર નય છે. જે શબ્દનો જે અર્થ છે તે પ્રકારના કાર્યને કરતી વસ્તુને તે શબ્દથી વાચ્ય કહે છે તે એવંભૂતનય છે.

**મૂળ બોલ :-**

**ઉત્તરોત્તર વિસ્તૃત વિષયગ્રાહી :- એવંભૂત, સમભિરૂઢ, શબ્દ, ઋજુસૂત્ર, વ્યવહાર, સંગ્રહ, નૈગમ.**

**ભાવાર્થ :-**

એવંભૂતનયથી માંડીને નૈગમનય સુધીના નયો ઉત્તરોત્તર વિસ્તૃત વિષયને ગ્રહણ કરે છે. એવંભૂતનય ઘટનક્રિયા કરતા ઘટને જ ઘટ કહે છે, જ્યારે સમભિરૂઢનય ઘટનક્રિયા ન થતી હોય અને ઘટનક્રિયા થતી હોય તે બંનેને ઘટ કહે છે. તેથી એવંભૂતનયથી વિસ્તૃત એવા ઘટરૂપ અર્થને સમભિરૂઢનય ગ્રહણ કરે છે. વળી, સમભિરૂઢનય એક જ ઘટને ઘટ અને કુંભ શબ્દથી ભિન્ન કરે છે, તેને જ શબ્દનય એકરૂપે સ્વીકારે છે. તેથી સમભિરૂઢનય કરતાં શબ્દનયનો વિષય વિસ્તૃત બને છે; કેમ કે તે 'ઘટ' અને 'કુંભ' બંને શબ્દથી વાચ્ય 'ઘટ'ને સ્વીકારે છે. વળી, શબ્દનય લિંગના ભેદથી અને એકવચન-બહુવચનના ભેદથી વસ્તુનો ભેદ કરે છે. તેથી એક જ તટને 'तटः', 'तटी' અને 'तटं' એમ કહેવાથી એ ત્રણેનો ભેદ કરે છે, જ્યારે ઋજુસૂત્રનય એ સર્વને 'તટ' પદથી ગ્રહણ કરે છે. તેથી ઋજુસૂત્રનયનો વિષય શબ્દનયના વિષય કરતાં વિસ્તૃત અર્થગ્રાહી છે. વળી, ઋજુસૂત્રનય વર્તમાનક્ષણવર્તી વસ્તુને સ્વીકારે છે અને વ્યવહારનય ત્રિકાળવર્તી વસ્તુને સ્વીકારે છે. માટે ઋજુસૂત્રનય કરતાં

વ્યવહારનયનો વિષય વિસ્તૃત છે. વળી, વ્યવહારનય વિવક્ષિત ઘટને ત્રણે કાળવર્તી ઘટરૂપે સ્વીકારે છે, જ્યારે સંગ્રહનય 'ઘટત્વેન' સર્વ ઘટનો સંગ્રહ કરે છે, તેથી સંગ્રહનય સર્વ ઘટોનો સંગ્રહ કરનાર હોવાથી વ્યવહારનયને અભિમત ઘટ કરતાં સંગ્રહનય વિસ્તૃત અર્થગ્રાહી છે. વળી, કોઈ પુરુષ જીવોની હિંસા કરે તે સર્વ હિંસાનો હિંસાપણારૂપે સંગ્રહનય સ્વીકાર કરે છે; પરંતુ ઘટને કોઈ ફોડી નાખે તો 'તેણે ઘટની હિંસા કરી છે' તેમ સ્વીકારીને હિંસારૂપે સંગ્રહનય સંગ્રહ કરતો નથી, જ્યારે નૈગમનય તો કોઈ પુરુષ જીવોની હિંસા કરે કે ઘટાદિ અજીવ પદાર્થને ફોડી નાખે તોપણ 'घटो अनेन हिंसितः' એમ કહીને જીવ-અજીવવિષયક હિંસા સ્વીકારે છે. તેથી નૈગમનય સંગ્રહનય કરતાં વિસ્તૃત વિષયને ગ્રહણ કરનાર છે.

**મૂળ બોલ :-**

**ઉત્તરોત્તર સંક્ષિપ્ત વિષયગ્રાહી :- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

નૈગમનયથી માંડીને એવંભૂતનય ઉત્તરોત્તર સંક્ષિપ્ત વિષયગ્રાહી છે. પૂર્વમાં એવંભૂતનયથી માંડીને નૈગમનય ઉત્તરોત્તર વિસ્તૃતવિષયગ્રાહી બતાવ્યા, તેનાથી વિપરીત નૈગમનયથી માંડીને એવંભૂતનયની વિચારણા કરવામાં આવે તો તે પ્રમાણે ઉત્તરોત્તર સંક્ષિપ્ત વિષયગ્રાહી નયની પ્રાપ્તિ થાય.

**મૂળ બોલ :-**

**ઉત્તરોત્તર સ્થૂલતા વિષયગ્રાહી :- એવંભૂત, સમભિરૂઢ, શબ્દ, ઋજુસૂત્ર, વ્યવહાર, સંગ્રહ, નૈગમ.**

**ભાવાર્થ :-**

એવંભૂતનયથી માંડીને નૈગમનય ઉત્તરોત્તર સ્થૂલતાગ્રાહી છે; કેમ કે એવંભૂતનય અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી જોનાર હોવાથી ઘટનક્રિયાકાળમાં જ ઘટને ઘટ કહે છે, અન્ય કાળમાં તે જ ઘટને 'ઘટ' કહેતો નથી. તે પ્રકારની એવંભૂતનયની સૂક્ષ્મદૃષ્ટિ કરતાં કંઈક સ્થૂલદૃષ્ટિ સમભિરૂઢનયની હોવાથી

ઘટનક્રિયાકાળવાળા ઘટને અને ઘટનક્રિયાકાળ રહિત ઘટને ઘટરૂપે સ્વીકારે છે. વળી, સમભિરૂઢનય ઘટનક્રિયારહિત કાળવાળા ઘટને ઘટરૂપે સ્વીકારવા છતાં ઘટ અને કુંભ વચ્ચે ભેદ જોનારી સૂક્ષ્મ દૃષ્ટિવાળો છે, તેનાથી સ્થૂલતાને ગ્રહણ કરનાર શબ્દનય ઘટને અને કુંભને એકરૂપે સ્વીકારે છે તેથી સ્થૂલદૃષ્ટિવાળો છે. વળી, શબ્દનય ઘટને અને કુંભને એકરૂપે સ્વીકારનાર હોવા છતાં 'तटः', 'तटी' અને 'तटं' એ પ્રકારના લિંગના ભેદથી એક જ તટનો ભેદ કરે છે અને એકવચન-બહુવચનના ભેદથી પણ 'आपः' અને 'जलं'નો પાણીરૂપે ભેદ કરે છે, તેથી કાંઈક વધુ સ્થૂલદૃષ્ટિવાળો છે. વળી, તેનાથી સ્થૂલદૃષ્ટિવાળો ઋજુસૂત્રનય તે ત્રણેય શબ્દથી વાચ્ય તટને એકરૂપે સ્વીકારે છે તેથી શબ્દનય કરતાં સ્થૂલતાને ગ્રહણ કરનાર ઋજુસૂત્રનય છે. વળી, ઋજુસૂત્રનય લિંગાદિના ભેદથી તટનો ભેદ નહીં કરનાર હોવા છતાં ત્રિકાળવર્તી તટને સ્વીકારતો નથી પરંતુ વર્તમાન-ક્ષણવર્તી તટને જ તટ કહે છે તેથી કાંઈક સૂક્ષ્મ દૃષ્ટિવાળો છે. તેના કરતાં વ્યવહારનય ત્રિકાળવર્તી એવા તે તટને તટરૂપે સ્વીકારે છે, તેથી સ્થૂલતાને ગ્રહણ કરનાર છે. વળી, વ્યવહારનય સન્મુખ દેખાતા તટને જ તટરૂપે સ્વીકારે છે; પરંતુ તટત્વથી સર્વ તટનો સંગ્રહ કરતો નથી. જ્યારે સંગ્રહનય તટત્વથી સર્વ તટનો સંગ્રહ કરે છે, માટે વ્યવહારનય કરતાં સ્થૂલતાને ગ્રહણ કરનાર છે. વળી, સંગ્રહનય જીવોની હિંસાને હિંસારૂપે સ્વીકારીને સર્વ હિંસાને સ્વીકારે છે તોપણ અજીવની હિંસાને હિસારૂપે સ્વીકારતો નથી જ્યારે નૈગમનય જીવ અન અજીવ એમ બંનેની હિંસાને હિંસારૂપે સ્વીકારે છે તેથી સંગ્રહનય કરતાં સ્થૂલતાને ગ્રહણ કરનાર નૈગમનય છે.

**મૂળ બોલ :-**

**ઉત્તરોત્તર સૂક્ષ્મતા વિષયગ્રાહી :- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

નૈગમનયથી માંડીને એવંભૂતનય ઉત્તરોત્તર સૂક્ષ્મતાગ્રાહી છે; કેમ કે પૂર્વમાં બતાવ્યા તેને જ વિપરીત રીતે વિચારીએ તો નૈગમનયથી માંડીને એવંભૂતનય ઉત્તરોત્તર સૂક્ષ્મતાગ્રાહી છે.

## -: "તત્ત્વાર્થાધિગમ સૂત્ર"ને આધારે નયોના ભેદ :-

**મૂળ બોલ :-**

**નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ.**

**ભાવાર્થ :-**

"તત્ત્વાર્થાધિગમ સૂત્ર"ને આધારે પાંચ નયો છે : નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય અને શબ્દનય. અહીં એવંભૂતનય, સમભિરૂઢનય અને શબ્દનયનો શબ્દનયથી સંગ્રહ છે; કેમ કે હિંસાના વિષયમાં તે ત્રણે નયોનો એક અભિપ્રાય છે. તેથી તે સ્થાનમાં તે ત્રણ નયોની દૃષ્ટિના અલગ વિભાગો પડતા નથી. જે દૃષ્ટિથી શબ્દનય આત્માના ભાવપ્રાણને જ હિંસા કહે છે, તે શબ્દનયની દૃષ્ટિ તે ત્રણ નયોનો=એવંભૂતનય, સમભિરૂઢનય અને શબ્દનય - તે ત્રણે નયોનો, એક અભિપ્રાય છે. તેથી જે જે સ્થાનોમાં તે ત્રણે નયોની એક દૃષ્ટિ હોય તે તે સ્થાનોમાં તેને આશ્રયીને નૈગમાદિ પાંચ નયોની પ્રાપ્તિ છે.

**મૂળ બોલ :-**

**(a) નૈગમ :- (i) દેશસંગ્રહી, (ii) સર્વસંગ્રહી.**

**ભાવાર્થ :-**

**(a) નૈગમનય :-** નૈગમનયના બે ભેદો છે : (i) દેશસંગ્રહી :- બધા ઘટનો ઘટત્વથી સંગ્રહ કરે છે. **(ii) સર્વસંગ્રહી :-** 'સત્' સ્વરૂપે સર્વ પદાર્થોનો સંગ્રહ કરે છે.

**મૂળ બોલ :-**

**(b) શબ્દ :- (i) સામ્પ્રત, (ii) સમભિરૂઢ, (iii) એવંભૂત.**

**ભાવાર્થ :-**

**(b) શબ્દનય :-** શબ્દનયના ત્રણ ભેદો છે : સામ્પ્રતનય, સમભિરૂઢનય અને એવંભૂતનય="તત્ત્વાર્થાધિગમ સૂત્ર"માં જે પાંચ નયો સ્વીકાર્યા છે, તે પાંચ નયોમાં જે શબ્દનય સ્વીકાર્યો છે તે સામ્પ્રતનય, સમભિરૂઢનય અને

એવંભૂતનય સ્વરૂપે ત્રણ ભેદવાળો છે. તેથી નૈગમાદિ નયોના જે સાત ભેદો છે તેમાં જે શબ્દનય છે તેના સ્થાને સામ્પ્રતનય ગ્રહણ કરીને શબ્દનયના ત્રણ ભેદો પાડેલ છે.

**-: "પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર"ને આધારે નયોના ભેદો :-**

**મૂળ બોલ :-**

**નયો-૨ : (a) દ્રવ્યાર્થિક, (b) પર્યાયાર્થિક.**

**ભાવાર્થ :-**

"પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર"ને આધારે નયોના બે ભેદો છે : (a) દ્રવ્યાર્થિકનય, (b) પર્યાયાર્થિકનય.

**મૂળ બોલ :-**

**(a) દ્રવ્યાર્થિક-૩ :- (i) નૈગમ, (ii) સંગ્રહ, (iii) વ્યવહાર.**

**ભાવાર્થ :-**

દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદો છે : નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય.

**મૂળ બોલ :-**

**(i) નૈગમ-૩ :- (૧) બે ધર્મની પરસ્પર ગૌણમુખ્યભાવવિવક્ષા, (૨) બે ધર્મીની પરસ્પર ગૌણમુખ્યભાવવિવક્ષા, (૩) ધર્મ અને ધર્મીની પરસ્પર ગૌણમુખ્યભાવવિવક્ષા.**

**ભાવાર્થ :-**

**(i) નૈગમનય :-** નૈગમનયના ત્રણ ભેદો છે : **(૧) બે ધર્મની પરસ્પર ગૌણમુખ્યભાવવિવક્ષાવાળો નૈગમનય :-** જેમ આત્મામાં જ્ઞાનગુણ પણ છે અને વીર્યગુણ પણ છે તોપણ સંદર્ભને અનુરૂપ ક્યારેક જ્ઞાનગુણને પ્રધાન કરીને કહેવામાં આવે કે, સર્વ કલ્યાણનું કારણ યથાર્થ જ્ઞાન જ છે. તે સ્થાનમાં પણ ગૌણરૂપે ક્રિયાને સ્વીકારી જ છે; કેમ કે સમ્યક્ જ્ઞાન ઉચિત ક્રિયા દ્વારા જ કલ્યાણનું કારણ છે તોપણ જે દ્વાર હોય તે ગૌણ કહેવાય અને જે દ્વારી હોય તે મુખ્ય કહેવાય. તેથી જ્ઞાન જ કલ્યાણનું કારણ છે એમ કહેવાય છે. વળી,

ક્યારેક વીર્યને પ્રધાન કરીને કહેવામાં આવે કે, સર્વ કલ્યાણનું કારણ હિતાનુકૂલ ઉચિત ક્રિયા જ છે. તે સ્થાનમાં પણ ગૌણરૂપે સમ્યગ્જ્ઞાન સ્વીકૃત જ છે; કેમ કે સમ્યગ્જ્ઞાન વગર હિતાનુકૂલ ક્રિયા થઈ શકે નહીં.

**(૨) બે ધર્મીની પરસ્પર ગૌણમુખ્યભાવવિવક્ષાવાળો નૈગમનય :-** જેમ કોઈ વિવક્ષિત કાર્ય બે વ્યક્તિ દ્વારા થયેલું હોય છતાં કોઈકને પ્રધાન કરીને અન્ય ધર્મીને ગૌણ કરીને કહેવામાં આવે કે, "આ કાર્ય આ પુરુષે જ કર્યું છે" ત્યાં અર્થથી અન્ય પુરુષનો વ્યાપાર હોવા છતાં તે ગૌણ બને છે.

**(૩) ધર્મ અને ધર્મીની પરસ્પર ગૌણમુખ્યભાવવિવક્ષાવાળો નૈગમનય :-** જેમ કોઈ યોગ્ય જીવ તત્ત્વને જાણવા માટે સ્વપરાક્રમ કરતો હોય ત્યારે ધર્મી એવો જીવ જ તત્ત્વની પ્રાપ્તિ કરે છે તોપણ તે જીવમાં વર્તતી માર્ગાનુસારી બુદ્ધિરૂપ ધર્મને મુખ્ય કરીને કહેવામાં આવે કે આ જીવમાં વર્તતી માર્ગાનુસારી બુદ્ધિને કારણે જ તેને તત્ત્વની પ્રાપ્તિ થઈ; કેમ કે બુદ્ધિનું ફળ તત્ત્વવિચારણા છે. આથી જ, અન્ય કોઈ જીવ તે પ્રકારે જ શાસ્ત્રવચનાનુસાર અધ્યયનમાં પ્રયત્ન કરતો હોવા છતાં તેનામાં માર્ગાનુસારી બુદ્ધિનો ક્ષયોપશમ થયેલો ન હોય તો તેને વિપરીત જ બોધ થાય છે, તેમ કહીને ધર્મી એવા પુરુષને ગૌણ કરવામાં આવે અને માર્ગાનુસારી બુદ્ધિને પ્રધાન કરવામાં આવે તો નૈગમનયના ત્રીજા ભેદની પ્રાપ્તિ થાય છે.

**મૂળ બોલ :-**

**(ii) સંગ્રહ-૨ :- (૧) પરસંગ્રહ, (૨) અપરસંગ્રહ.**

**ભાવાર્થ :-**

**(ii) સંગ્રહનય :-** સંગ્રહનયના બે ભેદો છે : (૧) પરસંગ્રહ અને (૨) અપરસંગ્રહ.

**(૧) પરસંગ્રહનય :-** પ્રકૃષ્ટ સંગ્રહ કરનાર દૃષ્ટિ પરસંગ્રહનય છે. સત્ રૂપે સર્વ દ્રવ્યો અને સર્વ ભાવોનો સંગ્રહ કરે છે તે પરસંગ્રહનય છે.

**(૨) અપરસંગ્રહનય :-** જેમ, ઘટત્વરૂપે સર્વ ઘટનો સંગ્રહ કરે તે અવાંતર સંગ્રહ અર્થાત્ અપરસંગ્રહ છે.

**મૂળ બોલ :-**

**અર્થનયો :- નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર.**

**શબ્દનયો :- શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.**

**ભાવાર્થ :-**

**અર્થનયો :-** અર્થને જોઈને તેને અવલોકન કરનાર જે નયોની દૃષ્ટિ છે તે અર્થનયો છે. નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય એ ચાર નયો અર્થનયો છે.

**શબ્દનયો :-** અર્થને જોયા પછી શબ્દને અવલંબીને વસ્તુનો ભેદ કરનારી દૃષ્ટિ છે તે શબ્દનયો છે. શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ ત્રણ નયો શબ્દનયો છે.

❖ પૂર્વમાં "નયોના સંબંધમાં કેટલીક વિશેષ સમજ" બતાવતી વખતે અર્થનયો અને શબ્દનયોને સ્પષ્ટ કરેલ છે. એ પ્રમાણે જ અહીં ગ્રહણ કરવું.

❖ "પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર"માં પદાર્થનું નિરૂપણ કરતી વખતે જે નયો ત્યાં પ્રાપ્ત છે તેનો વિભાગ કરેલ હોવાથી નયોના દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ બે ભેદો બતાવ્યા પછી દ્રવ્યાર્થિકના ત્રણ ભેદો બતાવ્યા, જેમાંથી નૈગમનયનું અને સંગ્રહનયનું નિરૂપણ અહીં કરેલ છે પરંતુ ત્રીજા ભેદ એવા વ્યવહારનયનું નિરૂપણ કરેલ નથી તથા પર્યાયાર્થિકનયનું પણ કોઈ નિરૂપણ કરેલ નથી.

**-: નયાભાસ દર્શનો :-**

**મૂળ બોલ :-**

**(૧) નૈગમ નયાભાસ દર્શન :- નૈયાયિક અને વૈશેષિક.**

**ભાવાર્થ :-**

નૈગમનયના નયાભાસ ઉપરનાં દર્શનો નૈયાયિકદર્શન અને વૈશેષિકદર્શન છે.

**મૂળ બોલ :-**

**(૨) સંગ્રહ નયાભાસ દર્શન :- અદ્વૈત દર્શનો અને સાંખ્યદર્શન.**

**ભાવાર્થ :-**

સંગ્રહનયના નયાભાસ ઉપર અદ્વૈતદર્શનો અને સાંખ્યદર્શન છે; કેમ કે અદ્વૈતદર્શનો સર્વનો સંગ્રહ કરીને બ્રહ્માદ્વૈત, શબ્દાદ્વૈત અને જ્ઞાનાદ્વૈતને સ્વીકારનારાં છે.

**મૂળ બોલ :-**

**(૩) વ્યવહાર નયાભાસ દર્શન :- ચાર્વાકદર્શન.**

**ભાવાર્થ :-**

વ્યવહારનયના આભાસ ઉપર ચાર્વાકદર્શન છે; કેમ કે દૃષ્ટ પદાર્થને જ સ્વીકારીને અરૂપી એવા આત્મદ્રવ્યનો અપલાપ કરે છે.

**મૂળ બોલ :-**

**(૪) ઋજુસૂત્ર નયાભાસ દર્શન :- બૌદ્ધદર્શન.**

**ભાવાર્થ :-**

ઋજુસૂત્રનયના નયાભાસ ઉપર બૌદ્ધદર્શન છે; કેમ કે આત્માને એકાંત ક્ષણિક સ્વીકારીને ત્રિકાળવર્તી આત્માનો અપલાપ કરે છે.

**મૂળ બોલ :-**

**(૫) શબ્દ નયાભાસ દર્શન :- શબ્દાદ્વૈતવાદી.**

**ભાવાર્થ :-**

શબ્દનયના નયાભાસ ઉપર શબ્દાદ્વૈતવાદી ભર્તૃહરિ છે; કેમ કે શબ્દથી અતિરિક્ત જગતમાં કાંઈ જ નથી તેમ કહીને આખા જગતની વ્યવસ્થા શબ્દમાં જ કઈ રીતે અંતર્ભાવ થાય છે ? તેનું સ્થાપન કરવા માટે તે યત્ન કરે છે.

**મૂળ બોલ :-**

**(૬) સમભિરૂઢ નયાભાસ દર્શન :- પ્રતિશબ્દ વ્યુત્પત્તિવાદી.**

**ભાવાર્થ :-**

સમભિરૂઢનયના નયાભાસ ઉપર બૌદ્ધદર્શનનો ત્રીજો ભેદ પ્રતિશબ્દ-વ્યુત્પત્તિવાદી છે.

**મૂળ બોલ :-**

**(૭) એવંભૂત નયાભાસ દર્શન :- સર્વશૂન્યવાદી.**

**ભાવાર્થ :-**

એવંભૂતનયના નયાભાસ ઉપર બૌદ્ધદર્શનનો ચોથો ભેદ સર્વશૂન્યવાદી છે; કેમ કે જગતમાં કાંઈ જ નથી તેનું સ્થાપન કરવા માટે લોકઅનુભવ અનુસાર અનેક યુક્તિઓ દ્વારા પોતાના મતનું સ્થાપન કરે છે. વસ્તુતઃ સિદ્ધના જીવોને રાગના કે દ્વેષના વિષયભૂત કોઈ પદાર્થ નથી, યાવત્ મુક્તિ અને સંસાર પણ રાગના કે દ્વેષના વિષય નથી, તેથી સિદ્ધના જીવોની અપેક્ષાએ જગત જ્ઞેયરૂપે હોવા છતાં સંશ્લેષનો વિષય શૂન્ય છે એટલા જ અંશથી એવંભૂતનય જગત્‌ને શૂન્ય સ્વીકારે છે, જેને એકાંત દૃષ્ટિવાળા સર્વશૂન્યવાદી સર્વ વસ્તુનો અપલાપ કરીને જગતને શૂન્ય સ્થાપન કરવા યત્ન કરે છે.

**મૂળ બોલ :-**

**નય, ઉપનય, ઉપચરિત, સદ્‌ભૂત, અસદ્‌ભૂત વગેરે પ્રકારો મૂળ ભેદોમાં સમાતા હોવાથી શ્વેતાંબર પ્રક્રિયાએ જુદા બતાવ્યા નથી.**

**ભાવાર્થ :-**

નય, ઉપનય, ઉપચરિત સદ્‌ભૂત, ઉપચરિત અસદ્‌ભૂત વગેરે તથા અનુપચરિત સદ્‌ભૂત અને અનુપચરિત અસદ્‌ભૂત વગેરે જે દિગંબરોએ બતાવ્યા છે, તે મૂળ ભેદોમાં સમાતા હોવાથી=નયના મૂળ ભેદોમાં જ સમાતા હોવાથી, શ્વેતાંબર પ્રક્રિયા પ્રમાણે ગ્રંથકારશ્રીએ જુદા બતાવ્યા નથી. તેથી દિગંબરો જે નયો, ઉપનયો, સદ્‌ભૂત કે અસદ્‌ભૂત આદિ ભેદો પાડે છે તે સર્વથા અપ્રમાણ નથી પરંતુ નયથી તેનો પૃથક્ વ્યવહાર નથી; તેથી શ્વેતાંબર પ્રક્રિયાનુસાર તેના જુદા ભેદો બતાવ્યા નથી.

**મૂળ બોલ :-**

**તેમ જ – દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક – એ બે પ્રકારના મૂળનયો વહેંચાતા હોવાથી નયોના જુદા ભેદો તરીકે તે બેને ગણાવવા નકામા છે, તેથી – પાંચ કે સાત નયો છે, નવ નયો નથી.**

**ભાવાર્થ :-**

વળી, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય - એ પ્રકારના મૂળ બે નયો વહેંચાતા હોવાથી=ઉત્તરભેદોરૂપે વિભાગરૂપે પ્રાપ્ત થતા હોવાથી, નયોના જુદા ભેદ તરીકે=સાત નયોથી અતિરિક્ત દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને ગ્રહણ કરીને નયોના જુદા ભેદ તરીકે, તે બેને ગણાવવા નકામા છે=તે બેને જે પ્રકારે દિગંબર અલગ ભેદ ગણે છે તે પ્રકારે જુદા ભેદ તરીકે ગણાવવા નકામા છે, તેથી પાંચ નયો કે સાત નયો છે, પરંતુ નવ નયો નથી=દિગંબર બતાવે છે એ પ્રમાણે નવ નયો નથી, એમ ગ્રંથકારશ્રીનો આશય છે.

**-: ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય :-**

પૂર્વમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ બતાવ્યા પછી નયોની વિચારણા બતાવી. હવે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યના ભેદો બતાવે છે –

**મૂળ બોલ :-**

**(૧) ઉત્પાદના ભેદો :- (a) પ્રયોગજનિત, (b) વિશ્રસાજનિત.**

**ભાવાર્થ :-**

(૧) ઉત્પાદના બે ભેદો છે : (a) પ્રયોગજનિત અને (b) વિશ્રસાજનિત.

**(a) પ્રયોગજનિત :-** જીવના પ્રયત્નથી જનિત જે ઉત્પાદ છે તે પ્રયોગજનિત છે. જેમ જીવના પ્રયત્નથી મકાનનું નિર્માણ થાય છે.

**(b) વિશ્રસાજનિત :-** જે ઉત્પાદ સ્વભાવથી જ થાય છે તે વિશ્રસાજનિત છે. જેમ પરમાણુઓ સ્વભાવથી જ સ્કંધરૂપે થાય છે, જીવના પ્રયત્નની અપેક્ષા રાખતા નથી તેથી વિશ્રસાજનિત છે.

**મૂળ બોલ :-**

**(a) પ્રયોગજનિત : સમુદયવાદ એ જ અવિશુદ્ધ છે.**

**ભાવાર્થ :-**

**(a) પ્રયોગજનિત ઉત્પાદ :-** અનેક પદાર્થોના સમુદાયથી થાય છે તે સમુદયવાદ ઉત્પાદ છે. આ ઉત્પાદ વ્યવહારનયનો છે, માટે એ જ અવિશુદ્ધ છે.

❖ સ્વયં ગ્રંથકારશ્રીએ દ્રવ્યગુણપર્યાયના રાસમાં પ્રયોગજનિત ઉત્પાદના બે ભેદ બતાવેલ નથી પણ પ્રયોગજનિત ઉત્પાદ સમુદયવાદનો છે અને એ જ અવિશુદ્ધ એમ બતાવેલ છે તેથી અહીં એ પ્રમાણે જ બતાવેલ છે.

**મૂળ બોલ :-**

**(b) વિશ્રસાઉત્પાદ :- (i) સમુદયજનિત, (ii) ઐકત્વિક.**

**ભાવાર્થ :-**

(b) વિશ્રસાઉત્પાદના બે ભેદો છે : (i) સમુદયજનિત અને (ii) ઐકત્વિક.

**(i) સમુદયજનિત :-** સમુદાયથી સ્વાભાવિક ઉત્પન્ન થાય તે સમુદયજનિત વિશ્રસા ઉત્પાદ છે. જેમ, અનેક પરમાણુના સમુદાયથી દ્વ્યણુક, ત્ર્યણુકાદિ સ્કંધો થાય છે. અને કાર્મણવર્ગણાદિ થાય છે તે સમુદયજનિત વિશ્રસા ઉત્પાદ છે.

**(ii) ઐકત્વિક :-** અનેકના સમુદાયમાંથી એક દ્રવ્ય છૂટું પડીને સહજ ઉત્પાદ થાય છે તે ઐકત્વિક વિશ્રસા ઉત્પાદ છે. જેમ, બે પરમાણુ સ્વભાવથી છૂટા પડીને એક એક પરમાણુરૂપે ઉત્પન્ન થાય છે તે ઐકત્વિક વિશ્રસા ઉત્પાદ છે અથવા જ્યારે જીવદ્રવ્ય સર્વ કર્મથી મુક્ત થાય છે ત્યારે સિદ્ધજીવરૂપે ઉત્પન્ન થાય છે તે ઐકત્વિક વિશ્રસા ઉત્પાદ છે.

**મૂળ બોલ :-**

**(૨) વ્યયના ભેદો :- (a) રૂપાંતર પરિણામ વ્યય (સમુદય વિભાગ વ્યય), (b) અર્થાંતરગમન વ્યય.**

**ભાવાર્થ :-**

(૨) વ્યયના બે ભેદો છે : (a) રૂપાંતર પરિણામ વ્યય અને (b)

અર્થાંતરગમન વ્યય.

**(a) રૂપાંતર પરિણામ વ્યય :-** જેમ માટી જ ઘટાકારરૂપે ઉત્પન્ન થાય છે ત્યારે પિંડાકાર જ ઘટાકારરૂપે પરિણમન પામે છે, તેથી ઘટાકારરૂપ રૂપાંતરપરિણામ પિંડનો વ્યય છે. વળી, જેમ લાકડામાંથી ખુરશી બને છે ત્યારે લાકડાનું ખુરશી આદિ આકારરૂપે રૂપાંતરપરિણામરૂપ પૂર્વપર્યાયનો વ્યય છે.

**(b) અર્થાંતરગમન વ્યય :-** જેમ અગ્નિથી લાકડા રાખરૂપે થાય છે, તેથી લાકડાનું રાખરૂપે અર્થાંતરગમન સ્વરૂપે વ્યય છે.

**મૂળ બોલ :-**

**(૩) ધ્રૌવ્યના ભેદો : (a) સૂક્ષ્મ ધ્રુવભાવ, (b) સ્થૂલ ધ્રુવભાવ.**

**ભાવાર્થ :-**

(૩) ધ્રૌવ્યના બે ભેદો છે : (a) સૂક્ષ્મ ધ્રુવભાવ અને (b) સ્થૂલ ધ્રુવભાવ.

**(a) સૂક્ષ્મ ધ્રુવભાવ :-** પ્રતિક્ષણ દરેક વસ્તુ પૂર્વપર્યાયના નાશપૂર્વક ઉત્તર-પર્યાયને પામે છે. તેથી ઉત્તરપર્યાયની ક્ષણમાં પૂર્વપર્યાયનો નાશ છે છતાં તે નાશના આધારભૂત દ્રવ્ય તે ક્ષણમાં પણ ધ્રુવ જ છે. તેથી તે ક્ષણમાં વર્તતા ઉત્પાદવ્યયના આધારરૂપે ધ્રુવભાવને જોનારી જે નયદૃષ્ટિ, તે સૂક્ષ્મ ધ્રુવભાવને બતાવનાર દૃષ્ટિ છે અને તે નયદૃષ્ટિના વિષયભૂત એકક્ષણવર્તી જે ધ્રુવભાવ છે તે સૂક્ષ્મ ધ્રુવભાવ છે.

**(b) સ્થૂલ ધ્રુવભાવ :-** વળી, જન્મથી માંડીને મૃત્યુ સુધી થતા જીવના પરિવર્તનમાં જે ધ્રુવ એવો એક પુરુષ જણાય છે તેને જોનારી જે દૃષ્ટિ, તે સ્થૂલ ધ્રુવભાવને જોનારી દૃષ્ટિ છે અથવા ચારે ગતિઓમાં યાવત્ મોક્ષમાં જનાર જે એક જીવ છે તે એક જીવમાં ચારે ગતિના અને મોક્ષના પર્યાયમાં અનુવૃત્તિરૂપે એક આત્મારૂપ ધ્રુવભાવને જોનારી દૃષ્ટિ છે તેના વિષયભૂત જે ધ્રુવભાવ છે તે સ્થૂલ ધ્રુવભાવ છે.

**-: દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદો :-**

હવે દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદો બતાવે છે –

**મૂળ બોલ :-**

**(૧) દ્રવ્યના ભેદો :- (a) અસ્તિકાય દ્રવ્ય, (b) ઔપચારિક દ્રવ્ય.**

**ભાવાર્થ :-**

(૧) દ્રવ્યના બે ભેદો છે : (a) અસ્તિકાય દ્રવ્ય અને (b) ઔપચારિક દ્રવ્ય.

**(a) અસ્તિકાય દ્રવ્ય :-** જેમ, જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો અસ્તિકાય દ્રવ્ય છે.

**(b) ઔપચારિક દ્રવ્ય :-** કાળ ઔપચારિક દ્રવ્ય છે. કાળ વાસ્તવિક દ્રવ્ય નથી; પરંતુ જીવદ્રવ્યનો અને અજીવદ્રવ્યનો કાળપર્યાય છે, જેના કારણે જીવમાં, અજીવમાં પરિવર્તનો થાય છે; છતાં પાંચ કારણોમાં એક કારણ તરીકે કાળનું પણ અસ્તિત્વ છે, તે રીતે પદાર્થની વિચારણામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વિચારણા કરાય છે. વળી, ઋતુપરિવર્તનમાં કાળનું માહાત્મ્ય દેખાય છે તે સર્વને સામે રાખીને કાળને ઉપચારથી દ્રવ્યરૂપે સ્વીકારાયું છે.

**મૂળ બોલ :-**

**(a) અસ્તિકાય-૨ :- (i) જીવાસ્તિકાય, (ii) અજીવાસ્તિકાય.**

**ભાવાર્થ :-**

(a) અસ્તિકાયના બે ભેદો છે : (i) જીવાસ્તિકાય અને (ii) અજીવાસ્તિકાય.

**(i) જીવાસ્તિકાય :-** 'જીવાસ્તિકાય' શબ્દથી સર્વ સંસારી જીવો અને સર્વ સિદ્ધના જીવોનો સંગ્રહ છે.

**(ii) અજીવાસ્તિકાય :-** 'અજીવાસ્તિકાય' શબ્દથી ચેતનારહિત સર્વ દ્રવ્યોનો સંગ્રહ છે. જો કે પુદ્‌ગલમાં પરમાણુ અસ્તિકાયરૂપ નથી તોપણ સ્કંધ થવાની યોગ્યતા હોવાને કારણે તેનો પણ પુદ્‌ગલાસ્તિકાયથી સંગ્રહ છે.

**મૂળ બોલ :-**

**(ii) અજીવાસ્તિકાય-૪ : (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય,**

**(૩) આકાશાસ્તિકાય, (૪) પુદ્‌ગલાસ્તિકાય.**

**ભાવાર્થ :-**

(ii) અજીવાસ્તિકાયના ચાર ભેદો છે, જે પૈકી (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય અને (૩) આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યો એક-એક જ દ્રવ્ય છે. વળી, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ચૌદ રાજલોકમાં વ્યાપીને રહેલા છે, જ્યારે આકાશાસ્તિકાય ચૌદ રાજલોક અને અલોક એમ સર્વત્ર વ્યાપક છે, તેથી અનંત છે. (૪) પુદ્‌ગલાસ્તિકાય :- પુદ્‌ગલ અનંત સંખ્યામાં છે અને ગતિશીલ પદાર્થ છે, ધર્માસ્તિકાયાદિની જેમ અવસ્થિત નથી.

**મૂળ બોલ :-**

**(b) ઔપચારિક દ્રવ્ય : કાળદ્રવ્ય.**

**ભાવાર્થ :-**

(b) ઔપચારિક દ્રવ્ય કાળદ્રવ્ય છે; કેમ કે તે દ્રવ્યસ્વરૂપ નથી પરંતુ જીવ-અજીવદ્રવ્યના પર્યાયસ્વરૂપ છે, તે પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરાય છે.

**મૂળ બોલ :-**

**(૧) ધર્માસ્તિકાયના ભેદો :- (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ.**

**ભાવાર્થ :-**

**(૧) ધર્માસ્તિકાયના ભેદો : (i) સ્કંધ :-** ધર્માસ્તિકાય ચૌદ રાજલોકવ્યાપી અખંડ એક દ્રવ્ય છે. તે રૂપે તે સ્કંધ છે. **(ii) દેશ :-** આખા એક સ્કંધની કલ્પનાથી નાના નાના ભાગો કરવામાં આવે તે દેશ કહેવાય છે. જેમ સિદ્ધશીલારૂપ ધર્માસ્તિકાયનો દેશ, મનુષ્યલોકરૂપ ધર્માસ્તિકાયનો દેશ ઇત્યાદિ દેશ છે. **(iii) પ્રદેશ :-** વળી, એક પરમાણુ જેટલી અવગાહનાવાળો દેશ એ ધર્માસ્તિકાયનો પ્રદેશ છે. પ્રદેશ એટલે પ્રકર્ષથી નાનો દેશ.

**મૂળ બોલ :-**

**(૨) અધર્માસ્તિકાયના ભેદો :- (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ.**

**ભાવાર્થ :-**

(૨) **અધર્માસ્તિકાયના ભેદો :-** ધર્માસ્તિકાયની જેમ અધર્માસ્તિકાયના પણ (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ - એ ત્રણ ભેદો પ્રાપ્ત થાય છે.

**મૂળ બોલ :-**

**(૩) આકાશાસ્તિકાયના ભેદો :- (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ.**

**ભાવાર્થ :-**

**(૩) આકાશાસ્તિકાયના ભેદો :- (i) સ્કંધ :-** આકાશાસ્તિકાયનો ધર્માસ્તિકાય કરતાં અનંતગણો મોટો એક સ્કંધ છે, જે લોક-અલોક સર્વત્ર વ્યાપી છે. **(ii) દેશ :-** આખા એક સ્કંધના નાના નાના ભાગો દેશ છે. **(iii) પ્રદેશ :-** પ્રકર્ષથી નાનો દેશ એ પ્રદેશ છે.

**મૂળ બોલ :-**

**(ii) દેશ આકાશાસ્તિકાયના ભેદો :- (a) લોકાકાશ દેશ, (b) અલોકાકાશ દેશ.**

**ભાવાર્થ :-**

(ii) દેશ આકાશાસ્તિકાયના લોક અને અલોક - એમ બે પ્રકારના વિભાગ કરીને (a) લોકાકાશ દેશ (b) અલોકાકાશ દેશ - એમ બે ભેદોની પ્રાપ્તિ થાય છે.

**મૂળ બોલ :-**

**(iii) પ્રદેશ આકાશાસ્તિકાયના ભેદો :- (a) લોકાકાશ પ્રદેશ, (b) અલોકાકાશ પ્રદેશ.**

**ભાવાર્થ :-**

(iii) પ્રદેશ આકાશાસ્તિકાયના લોક અને અલોક એમ બે પ્રકારના વિભાગ કરીને (a) લોકાકાશ પ્રદેશ (b) અલોકાકાશ પ્રદેશ એમ બે ભેદોની પ્રાપ્તિ થાય છે.

(a) **લોકાકાશ પ્રદેશ :-** લોકાકાશના પ્રદેશો સંખ્યાથી અસંખ્યાત છે.

(b) **અલોકાકાશ પ્રદેશ :-** અલોકાકાશના પ્રદેશો સંખ્યાથી અનંત છે; કેમ કે અલોકાકાશ અંત વગરનો છે.

**મૂળ બોલ :-**

**(i) જીવાસ્તિકાયના ભેદો :- (૧) જીવાસ્તિકાય વ્યક્તિ, (૨) જીવાસ્તિકાય સમુદાય.**

**ભાવાર્થ :-**

(i) જીવાસ્તિકાયના બે ભેદો છે : (૧) **જીવાસ્તિકાય વ્યક્તિ :-** જીવ નામની એક વ્યક્તિ એ જીવાસ્તિકાયનો વ્યક્તિરૂપ ભેદ છે. (૨) **જીવાસ્તિકાય સમુદાય :-** સર્વ જીવોનો સમુદાય અર્થાત્ સંસારી અને મુક્ત - સર્વ જીવોનો સમુદાય એ જીવાસ્તિકાયનો સમુદાયરૂપ ભેદ છે.

**મૂળ બોલ :-**

**(૧) જીવાસ્તિકાય વ્યક્તિના ભેદો :- (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ.**

**ભાવાર્થ :-**

જીવાસ્તિકાય વ્યક્તિના ભેદો :- (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ. એક જીવરૂપ એક વ્યક્તિ એક જીવાસ્તિકાય છે, જે અસંખ્યાત પ્રદેશોના સ્કંધસ્વરૂપ છે. તેની વિચારણા સ્કંધ, દેશ અને પ્રદેશથી થાય છે; કેમ કે અખંડ એક જીવ સ્કંધરૂપ છે અને કલ્પનાથી તેનો એક દેશ ગ્રહણ કરવામાં આવે ત્યારે તેના દેશની પ્રાપ્તિ થાય છે અને તેને આશ્રયીને જ તેમાં કયા દેશમાં ક્રિયાકાળમાં વીર્યનું અધિક પ્રવર્તન અને કયા દેશમાં વીર્યનું અલ્પ પ્રવર્તન છે ? તેની વિચારણા થઈ શકે છે. જેમ હાથની ચેષ્ટાકાળમાં સર્વ આત્મપ્રદેશોમાં વીર્યવ્યાપાર હોવા છતાં જે હાથમાં કંપન થાય છે તે હાથના આત્મપ્રદેશોમાં અધિક વીર્યાંશો છે અને તે હાથથી અત્યંત દૂરવર્તી પગાદિના આત્મપ્રદેશોમાં વીર્યવ્યાપાર હોવા છતાં પગાદિના આત્મપ્રદેશોમાં અત્યંત અલ્પ વીર્યવ્યાપાર છે. તે દેશના વિભાગથી જાણી શકાય છે. આત્માનો પ્રકૃષ્ટ એવો નાનો દેશ તે પ્રદેશ છે આ પ્રદેશના

બળથી જ નાભિના સ્થાનમાં આઠ પ્રદેશો સંપૂર્ણ કર્મરહિત છે અને અન્ય સર્વ સ્થાનમાં રહેલા આત્મપ્રદેશો અનંત કાર્મણવર્ગણાઓના ભારથી ભરાયેલા છે, તેનો બોધ કરાવી શકાય છે.

**મૂળ બોલ :-**

**(૨) જીવાસ્તિકાય સમુદાયના ભેદો :- ૧ ભેદ, ૨ ભેદ, ૩ ભેદ, ૪ ભેદ, ૫ ભેદ, ૬ ભેદ, ૭ ભેદ, ૮ ભેદ, ૯ ભેદ, ૧૦ ભેદ, ૧૧ ભેદ, ૧૨ ભેદ, ૧૩ ભેદ, ૧૪ ભેદ, ૧૫ ભેદ, ૩૨ ભેદ, ૫૬૩ ભેદ વગેરે, સંખ્યેય, અસંખ્યેય, અનંત.**

**(I) ૧ ભેદ : ચૈતન્યવાળા, (II) ૨ ભેદ : સંસારી અને સિદ્ધ; સયોગી અને અયોગી; છદ્મસ્થ અને કેવળી; જ્ઞાની અને અજ્ઞાની. (III) ૩ ભેદ : ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય; ત્રસ, સ્થાવર, સિદ્ધ; સૂક્ષ્મ, બાદર, અરૂપ; સમ્યગ્ દૃષ્ટિ, મિશ્ર દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ; અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિ; (IV) ૪ ભેદ : પુંલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ, અલિંગ; (V) ૫ ભેદ : ક્રોધી, માની, માયી, લોભી, અકષાયી; દેવ, નારક, મનુષ્ય, તિર્યંચ, સિદ્ધ; (VI) ૬ ભેદ : એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, અનિન્દ્રિય; (VII) ૭ ભેદ : પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય, અકાય; વગેરે...**

**ભાવાર્થ :-**

જીવાસ્તિકાય સમુદાયના ભેદો :- સર્વ જીવોને ગ્રહણ કરીએ ત્યારે તે જીવોના કેટલા ભેદો પડી શકે છે ? તે બતાવે છે –

**(I) ૧ ભેદ : ચૈતન્યવાળા :-** ચૈતન્યવાળા જીવોને ચેતનરૂપે સ્વીકારીએ ત્યારે જીવાસ્તિકાય સમુદાયનો ૧ ભેદ પ્રાપ્ત થાય છે; કેમ કે સંસારી જીવો અને સિદ્ધના જીવો બધા ચૈતન્યવાળા છે તે સ્વરૂપે સંસારી સર્વ જીવોનો એક જ ભેદ પ્રાપ્ત થાય છે.

**(II) ૨ ભેદ : સંસારી અને સિદ્ધ :-** સર્વ જીવોને ગ્રહણ કરીને સંસારી

અને સિદ્ધ - એ પ્રમાણે વિચારીએ તો બે ભેદની પ્રાપ્તિ થાય. 'અથવા'

**સયોગી અને અયોગી :-** અન્ય રીતે વિચારીએ તો તેરમા ગુણસ્થાનક સુધીના જીવો યોગવાળા છે તેથી સયોગી છે. વળી, ચૌદમા ગુણસ્થાનકવાળા જીવો અને સિદ્ધના જીવો યોગવગરના છે તેથી અયોગી છે એ પ્રમાણે બે ભેદમાં સર્વ જીવોના ભેદનો સમુદાય છે. 'અથવા'

**છદ્મસ્થ અને કેવળી :-** વળી, છદ્મસ્થ અને કેવળી એ રીતે પણ બે ભેદની પ્રાપ્તિ છે. બારમા ગુણસ્થાનક સુધીના જીવ છદ્મસ્થ છે. વળી, તેરમા, ચૌદમા ગુણસ્થાનકવાળા અને સિદ્ધના જીવો કેવળી છે. તેથી છદ્મસ્થ અને કેવળી એમ બે ભેદમાં સર્વ જીવોનો સમુદાય સમાયેલો છે. 'અથવા'

**જ્ઞાની અને અજ્ઞાની :-** વળી, જ્ઞાની અને અજ્ઞાની એમ બે ભેદની પ્રાપ્તિ છે; કેમ કે સમ્યક્ત્વ પામ્યા પછી જીવનું જે મતિજ્ઞાન છે તે હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરાવે છે માટે તે જીવ જ્ઞાની છે. વળી, સમ્યક્ત્વથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના સર્વ જીવો સમ્યગ્જ્ઞાનવાળા છે અને સિદ્ધના જીવો પણ સમ્યગ્જ્ઞાનવાળા છે તેથી જ્ઞાની છે. જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં પૂર્વે જીવ અજ્ઞાની છે. તેથી જ્ઞાની અને અજ્ઞાની એમ બે પ્રકારના ભેદમાં સર્વ પ્રકારના જીવોનો સમુદાય છે.

**(III) ૩ ભેદ : ભવ્ય, અભવ્ય અને દુર્ભવ્ય :-** મોક્ષમાં જવાને યોગ્ય જીવો ભવ્ય છે, ચરમાવર્તને પામ્યા ન હોય તેવા ભવ્ય જીવો દુર્ભવ્ય છે જ્યારે મોક્ષમાં જવાને અયોગ્ય હોય તેવા જીવો અભવ્ય છે. વળી, સિદ્ધના જીવો ભવ્યત્વના કાર્યરૂપ હોવાથી ફળથી ભવ્ય છે. આ રીતે સર્વ જીવાસ્તિકાયનો ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય - એમ ત્રણ ભેદમાં સંગ્રહ થાય છે. આનાથી જણાય છે કે કેટલાક જાતિભવ્યરૂપ ભેદ કરે છે તે ઉચિત નથી; છતાં તત્ત્વ બહુશ્રુત વિચારે. 'અથવા'

**ત્રસ, સ્થાવર, સિદ્ધ :-** સંસારવર્તી એકેન્દ્રિયજીવો સ્થાવર છે. બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવો યાવત્ ચૌદમા ગુણસ્થાનક સુધીના જીવો ત્રસ છે અને સર્વકર્મ રહિત મોક્ષે ગયેલા જીવો સિદ્ધ છે. તેથી સર્વ જીવોનો ત્રસ, સ્થાવર, સિદ્ધ - એમ ત્રણ ભેદમાં સંગ્રહ થાય છે. 'અથવા'

**સૂક્ષ્મ, બાદર, અરૂપી :-** સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો સૂક્ષ્મ છે. બાદર એકેન્દ્રિય,

બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવો યાવત્ ચૌદમા અયોગી ગુણસ્થાનક સુધીના જીવો બાદર છે. સિદ્ધના જીવો રૂપ વગરના છે તેથી અરૂપી છે. આ રીતે સૂક્ષ્મ, બાદર, અરૂપી - એમ ત્રણ ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે. 'અથવા'

**સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ :-** ચોથા ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના જીવો યાવત્ સિદ્ધના જીવો સમ્યગ્દૃષ્ટિ છે. ત્રીજા ગુણસ્થાનકે રહેલા જીવો મિશ્રદૃષ્ટિવાળા છે. પહેલા અને બીજા ગુણસ્થાનકે રહેલા જીવો મિથ્યાદૃષ્ટિવાળા છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ - એમ ત્રણ ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે. 'અથવા'

**અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિ :-** પહેલા ગુણસ્થાનકથી માંડીને ચોથા ગુણસ્થાનક સુધી રહેલા જીવો અવિરતિવાળા છે. પાંચમા ગુણસ્થાનકે રહેલા જીવો દેશવિરતિવાળા છે. છઠ્ઠા ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનકે રહેલા જીવો સર્વવિરતિવાળા છે. અહીં વિશેષ એ છે કે છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા જીવો પાપથી સંપૂર્ણ વિરામવાળા હોવા છતાં પાપકર્મના વિરામના પરિણામનો અભ્યાસ કરી રહ્યા છે. પાપકર્મના વિરામનો પરિણામ બારમા ગુણસ્થાનકે નિષ્ઠાને પ્રાપ્ત કરે છે અને સૂક્ષ્મ દૃષ્ટિથી યોગનિરોધકાળમાં નિષ્ઠાને પ્રાપ્ત કરે છે. સિદ્ધના જીવોને પાપની કોઈ પ્રવૃત્તિ નથી તેથી સર્વ પાપથી વિરતિ છે. આ રીતે અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિ - એમ ત્રણ ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે.

**(IV) ૪ ભેદ : પુંલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ, અલિંગ :-** પુરુષનું શરીર ધરાવતા જીવો પુંલ્લિંગવાળા છે. તેઓને બહુલતાએ પુરુષવેદનો ઉદય હોય છે અને વેદના ઉદય વગરના થાય તોપણ પુરુષનું શરીર ચૌદમા ગુણસ્થાનક સુધી છે. આ જીવો પુંલ્લિંગ છે. સ્ત્રીનું શરીર ધરાવતા જીવો સ્ત્રીલિંગવાળા છે. તેઓને બહુલતાએ સ્ત્રીવેદનો ઉદય હોય છે અને વેદના ઉદય વગરની થયેલી સ્ત્રીઓ પણ સ્ત્રીના શરીરવાળી હોવાથી તે સર્વ જીવો સ્ત્રીલિંગ છે. એકેન્દ્રિયથી માંડીને ચઉરિન્દ્રિય સુધીના સર્વ જીવો નપુંસકલિંગવાળા છે અને નારકીના જીવો પણ નપુંસકલિંગવાળા છે. તિર્યંચના જીવોમાં ત્રણે લિંગની પ્રાપ્તિ થઈ

શકે છે. જેઓ નપુંસકલિંગવાળા છે તેવા તિર્યંચોનો સમાવેશ નપુંસકલિંગમાં થાય છે. મનુષ્યમાં પુંલ્લિંગ અને સ્ત્રીલિંગથી વિલક્ષણ એવા નપુંસકલિંગવાળા જીવોનો સમાવેશ નપુંસકલિંગમાં થાય છે. દેવોને પુંલ્લિંગ અને સ્ત્રીલિંગ એમ બે જ લિંગ હોય છે, દેવોને નપુંસકલિંગવાળું શરીર હોતું નથી; પરંતુ ઉદયની અપેક્ષાએ ત્રણે લિંગોમાંથી કોઈપણ લિંગનો ઉદય થઈ શકે છે. વળી, સિદ્ધના જીવોને કોઈ લિંગ જ નથી તેથી તેઓ અલિંગી છે; કેમ કે તેઓને કોઈપણ પ્રકારનું શરીર જ નથી આથી સિદ્ધો અલિંગ છે. આ રીતે પુંલ્લિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ અને અલિંગ - એમ ચાર ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે.

**(V) ૫ ભેદ : ક્રોધી, માની, માયી, લોભી, અકષાયી :-** જ્યારે કોઈક બાહ્યનિમિત્તને પામીને જીવ ક્રોધાદિ ચાર કષાયમાંથી કોઈક એકના ઉપયોગવાળો હોય ત્યારે તે જીવને ક્રોધાદિમાંથી જેનો ઉપયોગ હોય તેમાં વર્તે છે. તેથી ક્રોધી આદિ ચાર ભેદ પ્રાપ્ત થાય છે. વળી, જે જીવો વીતરાગ થયા નથી પરંતુ જો તેઓ જિનવચનાનુસાર અત્યંત ઉપયુક્ત હોય તો તેઓને ક્રોધ, માન, માયા, લોભથી વિપરીત એવા ક્ષમાદિ ચારમાંથી એક ભાવ વર્તે છે. તેથી તે વખતે તેઓ અકષાયવાળા છે. વીતરાગ અકષાયી છે અર્થાત્ ૧૧મા, ૧૨મા, ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનકે રહેલા વીતરાગ અકષાયી છે તથા સિદ્ધ અવસ્થામાં રહેલા જીવો પણ અકષાયી છે. આ રીતે ક્રોધી, માની, માયી, લોભી, અકષાયી - એ પાંચ ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે.

**(VI) ૬ ભેદ : એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અનિન્દ્રિય :-** સંસારી જીવોનો એકેન્દ્રિયાદિ પાંચ ભેદમાં સંગ્રહ થાય છે અને સિદ્ધના જીવોને શરીર નહીં હોવાથી કોઈ ઇન્દ્રિય નથી માટે અનિન્દ્રિયમાં સંગ્રહ થાય છે. આ રીતે એકેન્દ્રિયાદિ છ ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે.

**(VII) ૭ ભેદ : પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય, અકાય :-** સર્વ સંસારી જીવોનો પૃથ્વીકાયાદિ છ ભેદમાં સમાવેશ થાય છે અને સિદ્ધના જીવોને કોઈ શરીર નહીં હોવાથી અકાય કહેવાય છે. આ રીતે પૃથ્વીકાયાદિ સાત ભેદથી સર્વ જીવોના સમુદાયનો સંગ્રહ થાય છે.

'વગેરે' શબ્દથી આઠથી માંડીને પંદર ભેદો સ્વયં ભાવન કરી લેવા જોઈએ તેમ ગ્રંથકારશ્રીએ સૂચન કર્યું છે. વળી, ૩૨ ભેદ અને ૫૬૩ ભેદો પણ અન્યત્ર પ્રસિદ્ધ છે તેનું પણ અહીં ભાવન કરવું જોઈએ. જેમ જીવવિચાર પ્રકરણમાં જીવોના ૫૬૩ ભેદો બતાવેલ છે.

વળી, અન્ય દૃષ્ટિથી વિભાગ કરીએ તો જીવોના સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભેદો પણ પડે છે. જેમ, સંસારી જીવોમાં કોઈ સમાનતા ગ્રહણ કરીને અથવા કોઈ વિષમતા ગ્રહણ કરીને વિભાગ કરવામાં આવે તો અપેક્ષાએ સંખ્યાતા ભેદો પ્રાપ્ત થાય. વળી, તે સમાનતાના અવાંતર ભેદોનો વિભાગ કરીને અસમાનતાના ભેદોથી ભેદ કરવામાં આવે તો જીવોના અસંખ્યાતા ભેદોની પ્રાપ્તિ થાય છે. વળી, સંસારવર્તી અને સિદ્ધના જીવો - બધા અનંત સંખ્યામાં છે અને દરેક જીવોના ભૂતકાળનો સંસાર સદૃશ નથી પરંતુ કંઈક વિલક્ષણ છે; તે જે જે અપેક્ષાએ વિલક્ષણ છે તે તે અપેક્ષાએ જીવોના ભેદ કરવામાં આવે તો અનંતા ભેદની પ્રાપ્તિ થાય.

**મૂળ બોલ :-**

**(૪) પુદ્ગલાસ્તિકાયના ભેદો :- (i) સ્કંધ, (ii) દેશ, (iii) પ્રદેશ, (iv) પરમાણુ.**

**ભાવાર્થ :-**

(૪) પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદો છે : સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ.

જેમ, ઔદારિકવર્ગણાના એક સ્કંધના એક ભાગની વિચારણા કરવામાં આવે ત્યારે એ ભાગ દેશરૂપ છે અને તે સ્કંધના જ પરમાણુતુલ્ય એક પ્રદેશની વિચારણા કરવામાં આવે ત્યારે એ વિચારણાનો વિષય પ્રદેશ બને છે. જ્યારે સ્કંધથી છૂટા પડેલા પરમાણુઓની વિચારણા કરાય ત્યારે તે વિચારણાનો વિષય પરમાણુ બને છે.

**મૂળ બોલ :-**

**(i) સ્કંધના ભેદો : (a) જઘન્ય સ્કંધ, (b) મધ્યમ સ્કંધ, (c) ઉત્કૃષ્ટ [મહા] સ્કંધ.**

**ભાવાર્થ :-**

**(i) સ્કંધના ભેદો :- (a) જઘન્ય સ્કંધ :-** બે પરમાણુના બનેલા સ્કંધને જઘન્ય સ્કંધ કહેવાય છે.

**(b) મધ્યમ સ્કંધ :-** ત્રણ પરમાણુના સ્કંધથી માંડીને ઉત્કૃષ્ટ સ્કંધના પરમાણુની સંખ્યા કરતાં એક પરમાણુ ન્યૂન સંખ્યાવાળા પરમાણુથી બનેલા સ્કંધને મધ્યમ સ્કંધ કહેવાય છે.

**(c) ઉત્કૃષ્ટ [મહા] સ્કંધ :-** જે સ્કંધ સૌથી વધુ અનંત સંખ્યાવાળા પરમાણુનો બનેલો હોય તેને ઉત્કૃષ્ટ સ્કંધ કહેવાય છે.

**મૂળ બોલ :-**

**(ii) દેશના ભેદો : (a) જઘન્ય દેશ (દ્વ્યણુક), (b) મધ્યમ દેશ (જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના), (c) ઉત્કૃષ્ટ દેશ [મહાસ્કંધમાં].**

**ભાવાર્થ :-**

**(ii) દેશના ભેદો :-** સ્કંધમાં રહેલા દેશના ભેદો બતાવે છે.

**(a) જઘન્ય દેશ :-** કોઈ મોટો સ્કંધ હોય તેના અનેક દેશોની કલ્પના કરીએ તેમાં બે પ્રદેશના બનેલા એક ભાગને જઘન્ય દેશ કહેવાય છે.

**(b) મધ્યમ દેશ :-** જઘન્ય દેશથી એક પરમાણુ વધુ અને ઉત્કૃષ્ટ દેશથી એક પરમાણુ ન્યૂન એવા દેશને મધ્યમ દેશ કહેવાય છે.

**(c) ઉત્કૃષ્ટ દેશ :-** સ્કંધના સર્વ પ્રદેશોમાંથી એક પ્રદેશ ન્યૂન એવા પ્રદેશોના સમૂહને ઉત્કૃષ્ટ દેશ કહેવાય છે.

દા.ત. આપણું શરીર એક સ્કંધ છે, તે સ્કંધમાં બે પરમાણુ જેટલા ભાગને ગ્રહણ કરીને વિચારવામાં આવે ત્યારે જઘન્ય દેશની પ્રાપ્તિ થાય અને આખા શરીરરૂપ સ્કંધમાંથી એક પરમાણુ ન્યૂન ગ્રહણ કરીને વિચારવામાં આવે ત્યારે આપણા શરીરરૂપ સ્કંધમાં ઉત્કૃષ્ટ દેશની પ્રાપ્તિ થાય છે. વળી, જઘન્ય દેશ અને ઉત્કૃષ્ટ દેશની વચલા સર્વ દેશો મધ્યમ દેશ કહેવાય છે.

**મૂળ બોલ :-**

**(b) ઔપચારિક દ્રવ્ય-કાળના ભેદો :- (i) નૈશ્ચયિક કાળ, (ii) વ્યાવહારિક કાળ.**

**ભાવાર્થ :-**

ઔપચારિક દ્રવ્ય એવા કાળના બે ભેદો છે : (i) નૈશ્ચયિક કાળ, (ii) વ્યાવહારિક કાળ.

**મૂળ બોલ :-**

**(i) નૈશ્ચયિક કાળના ભેદો :- (૧) વર્તના, (૨) ક્રિયા, (૩) પરિણામ, (૪) પરત્વ, (૫) અપરત્વ.**

**ભાવાર્થ :-**

નૈશ્ચયિક કાળના પાંચ ભેદો છે : (૧) વર્તના, (૨) ક્રિયા, (૩) પરિણામ, (૪) પરત્વ અને (૫) અપરત્વ.

**મૂળ બોલ :-**

**(૧) વર્તનાના ભેદો :- (i) ઉત્પત્તિ, (ii) સ્થિતિ, (iii) પ્રથમ સમયની ગતિ.**

**ભાવાર્થ :-**

**(૧) વર્તનાના ભેદો :-** વર્તનારૂપ નૈશ્ચયિકકાળના ત્રણ ભેદો છે.

**(i) ઉત્પત્તિ :-** દરેક પદાર્થો કોઈક સ્વરૂપે ઉત્પન્ન થાય છે તે ઉત્પત્તિરૂપ વર્તના છે.

**(ii) સ્થિતિ :-** ઉત્પન્ન થયેલ વસ્તુ સ્થિતિવાળી હોય છે અર્થાત્ ઉત્પત્તિક્ષણમાં પણ સ્થિતિવાળી હોય છે અથવા ગતિપરિણામ રહિત કોઈક સ્થાનમાં રહેવાસ્વરૂપ સ્થિતિવાળી હોય છે જે સ્થિતિરૂપ વર્તના છે; કેમ કે પૂર્વમાં ગતિપરિણામ હતો તેમાંથી સ્થિતિપરિણામની પ્રાપ્તિ થાય છે.

**(iii) પ્રથમ સમયની ગતિ :-** સ્થિર થયેલો પદાર્થ ગતિપરિણામવાળો બને

છે ત્યારે પ્રથમ સમયની ગતિરૂપ વર્તના છે; કેમ કે સ્થિર અવસ્થામાંથી ગતિરૂપ પરિણામને પામે છે. બીજા આદિ સમયની ગતિ એ અન્યસ્વરૂપે વર્તના નથી તેથી પ્રથમ સમયની ગતિને વર્તનારૂપે ગ્રહણ કરેલ છે.

**મૂળ બોલ :-**

**(૨) ક્રિયાના ભેદો :- (i) પ્રયોગગતિ, (ii) વિસ્રસાગતિ, (iii) મિશ્રગતિ.**

**ભાવાર્થ :-**

**(૨) ક્રિયાના ભેદો :-** જીવમાં થતો ગતિપરિણામ અને પુદ્ગલમાં વર્તતી ક્રિયા એ ક્રિયારૂપ નૈશ્ચયિક કાળ છે. તેના ત્રણ ભેદો છે.

**(i) પ્રયોગગતિ :-** કોઈ જીવના પ્રયત્નથી શરીરનું ગમન કે વાહનાદિનું ગમન થાય છે તે પ્રયોગગતિક્રિયારૂપ નૈશ્ચયિક કાળ છે.

**(ii) વિસ્રસાગતિ :-** પરમાણુ આદિ સ્કંધો સ્વાભાવિક રીતે એક સ્થાનથી બીજા સ્થાને જાય છે ત્યારે તેમાં વિસ્રસાગતિ થાય છે તેથી તે વિસ્રસાગતિવાળા પરમાણુ આદિમાં વર્તતો વિસ્રસાગતિક્રિયારૂપ પરિણામ તે નૈશ્ચયિક કાળ છે.

**(iii) મિશ્રગતિ :-** વળી, વાદળાં આદિ એક સ્થાનેથી અન્ય સ્થાને જાય છે ત્યારે વિસ્રસાગતિથી જાય છે છતાં તે વખતે પવનાદિ કે અન્ય કોઈ વિમાન આદિનો સંઘર્ષ થાય ત્યારે તેની ગમનક્રિયામાં પ્રયોગગતિ અને વિસ્રસાગતિ એમ બંને ગતિની પ્રાપ્તિ છે, તેથી મિશ્રગતિ છે.

અહીં વિશેષ એ છે કે કોઈક જીવ શાસ્ત્રશ્રવણ આદિ દ્વારા તત્ત્વની પ્રાપ્તિ અર્થે યત્ન કરે છે ત્યારે તે જીવના મનોવ્યાપારરૂપ ગતિ તે પ્રયોગગતિરૂપ ક્રિયા છે, જે અધિગમ સમ્યગ્દર્શનનું કારણ છે અને કોઈક જીવ નિસર્ગથી સમ્યગ્દર્શન પામે છે ત્યારે સહજ સ્વભાવે તત્ત્વને જોવાને અનુકૂળ તેનો મનોવ્યાપાર થાય છે તે વિસ્રસાગતિરૂપ ક્રિયા છે.

**મૂળ બોલ :-**

**(૩) પરિણામના ભેદો :- (i) આદિમાન, (ii) અનાદિ.**

**ભાવાર્થ :-**

**(૩) પરિણામના ભેદો :-** પરિણામના બે ભેદો છે : **(i) આદિમાન :-** જીવો જન્મે છે, સ્કંધો બને છે, તે આદિમાન પરિણામ છે. તે પરિણામ ઉત્પન્ન થયેલા જીવમાં અને ઉત્પન્ન થયેલા સ્કંધમાં આદિમાનરૂપે પ્રાપ્ત થાય છે તે નૈશ્ચયિક કાળ છે. **(ii) અનાદિ :-** આત્મદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય અનાદિના છે તેથી તેમાં જે અનાદિનો પરિણામ છે તે પરિણામ નૈશ્ચયિક કાળ છે.

**મૂળ બોલ :-**

**(૪) પરત્વ, (૫) અપરત્વના ભેદો કાળકૃત છે.**

**ભાવાર્થ :-**

**(૪) પરત્વ અને (૫) અપરત્વ :-** કાળને આશ્રયીને જીવમાં કે પુદ્ગલમાં પરત્વ કે અપરત્વ પ્રાપ્ત થાય છે. જેમ, કોઈ સ્કંધ પહેલાં ઉત્પન્ન થયેલો હોય અને ત્યારપછી બીજો સ્કંધ ઉત્પન્ન થાય ત્યારે તે સ્કંધમાં કાળને આશ્રયીને 'આ પર છે' અને 'આ અપર છે' તેમ કહેવાય છે. તેથી જે સ્કંધ પહેલાં ઉત્પન્ન થયેલો હોય તેમાં જે પરત્વ છે તે નૈશ્ચયિક કાળ છે અને જે સ્કંધ પાછળથી ઉત્પન્ન થયેલો છે તેમાં જે અપરત્વ છે તે નૈશ્ચયિક કાળ છે. વળી, કોઈ જીવ મનુષ્યાદિરૂપે ઉત્પન્ન થાય છે ત્યાર પછી અન્ય મનુષ્ય જન્મે તો પાછળથી જન્મેલા મનુષ્યની અપેક્ષાએ પૂર્વમાં જન્મેલા મનુષ્યમાં પરત્વની પ્રતીતિ થાય છે તે નૈશ્ચયિક કાળ છે અને પાછળથી જન્મેલામાં પૂર્વના જન્મેલાની અપેક્ષાએ અપરત્વની પ્રતીતિ થાય છે તે નૈશ્ચયિક કાળ છે.

**મૂળ બોલ :-**

**(ii) વ્યાવહારિક કાળના ભેદો :- (૧) (i) સમય, (ii) આવલિ, (iii) મુહૂર્ત, (iv) દિવસ, (v) માસ, (vi) વર્ષ, (vii) યુગ. વગેરે. (viii) પલ્યોપમ, (ix) સાગરોપમ, (x) ઉત્સર્પિણી-અવસર્પિણી, (xi) કાળચક્ર, (xii) સંખ્યેય કાળચક્ર, (xiii) અસંખ્યેય કાળચક્ર, (xiv) અનંત કાળચક્ર.**

**(૨) (i) ભૂત, (ii) ભવિષ્ય, (iii) વર્તમાન.**

**ભાવાર્થ :-**

(ii) વ્યાવહારિક કાળને બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (૧) સમયાદિરૂપે અને (૨) મોટા કાળના સમૂહરૂપે.

(૧) (i) **સમય :**-કેવલીના કેવળજ્ઞાનથી અવિભાજ્ય એવો કાળ. મંદગતિથી ગતિમાન પરમાણુ અન્ય આકાશપ્રદેશને સ્પર્શે તેનું જે કાળમાન તેને એક સમય કહેવાય છે.

(ii) **આવલિ :**- અસંખ્યાત સમયના જથ્થાને આવલિ કહેવાય છે.

(iii) **મુહૂર્ત :**- આવલિકાળનો સમૂહવિશેષ મુહૂર્ત છે.

(iv) **દિવસ :**- મુહૂર્તનો સમૂહવિશેષ દિવસ છે.

(v) **માસ :**- દિવસોનો સમૂહવિશેષ માસ છે.

(vi) **વર્ષ :**- બાર માસનું એક વર્ષ છે, ક્યારેક તેર માસનું પણ વર્ષ હોઈ શકે છે.

(vii) **યુગ :**- વર્ષોનો સમૂહવિશેષ યુગ છે વગેરે.

(viii) **પલ્યોપમ :**- અસંખ્યાતા યુગોના સમુદાયરૂપ પલ્યોપમ છે. એક યોજનપ્રમાણ ખાડો ખોદીને તેને સાત દિવસના જન્મેલા યુગલિક બાળના સૂક્ષ્મ વાળથી ભરવામાં આવે અર્થાત્ એક વાળના અસંખ્યાતા ટુકડા કરીને આખો ખાડો એવો ખચોખચ ભરવામાં આવે કે જેથી ઉપરથી હાથી પસાર થાય તોપણ દબાય નહીં. દર સો વર્ષે વાળનો એક ટુકડો બહાર કાઢવામાં આવે; આ રીતે કરવાથી જેટલા કાળે આખો ખાડો ખાલી થાય તે કાળને એક પલ્યોપમ કહેવાય છે.

(ix) **સાગરોપમ :**- દશ કોટાકોટી પલ્યોપમપ્રમાણ=દશ ક્રોડને દશ ક્રોડથી ગુણવામાં આવે એટલા પલ્યોપમ પ્રમાણ એક સાગરોપમ છે.

(x) **ઉત્સર્પિણી-અવસર્પિણી :**- ૧૦ કોટાકોટી સાગરોપમપ્રમાણ ઉત્સર્પિણી-કાળ અને ૧૦ કોટાકોટી સાગરોપમપ્રમાણ અવસર્પિણીકાળ કહેવાય છે.

(xi) **કાળચક્ર :**- એક ઉત્સર્પિણી + એક અવસર્પિણી કાળપ્રમાણને એક કાળચક્ર કહેવાય છે અર્થાત્ ૨૦ કોટાકોટી સાગરોપમપ્રમાણ એક કાળચક્ર છે.

**(xii) સંખ્યેય કાળચક્ર, (xiii) અસંખ્યેય કાળચક્ર, (xiv) અનંત કાળચક્ર :-** તે સર્વ વ્યાવહારિક કાળના ભેદો છે.

(૨) મોટાકાળના સમૂહરૂપ વ્યાવહારિક કાળને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**(i) ભૂતકાળ :-** જે પસાર થઈ ગયો છે તે કાળ ભૂતકાળ કહેવાય છે.

**(ii) ભવિષ્યકાળ :-** ભવિષ્યમાં જે પ્રાપ્ત થવાનો છે તે કાળ ભવિષ્યકાળ કહેવાય છે.

**(iii) વર્તમાનકાળ :-** વર્તમાનની ક્ષણ એ વર્તમાનકાળ છે.

અહીં વિશેષ એ છે કે વ્યાવહારિક કાળ એ લોકવ્યવહાર માટે ઉપયોગી છે અને જીવના સંસારમાં પરિભ્રમણના સ્વરૂપના બોધ માટે ઉપયોગી છે. એનાથી પોતે અનાદિ કાળથી સંસારમાં અનંત કાળચક્રો સુધી ભૂતકાળમાં ચારે ગતિમાં ફર્યો છે તેનો બોધ થાય છે. વળી, નૈશ્ચયિક કાળ એ જીવમાં અને અજીવમાં વર્તતા તે તે પ્રકારના પરિણામસ્વરૂપ છે. તે પરિણામને જ વર્તના આદિના ભેદથી ગ્રંથકારશ્રીએ ભિન્ન સ્વરૂપે બતાવેલ છે.

**મૂળ બોલ :-**

**(૨) ગુણના ભેદો :- (a) સામાન્ય ગુણો, (b) વિશેષ ગુણો.**

**ભાવાર્થ :-**

(૨) ગુણના બે ભેદો છે :- (a) સામાન્ય ગુણો અને (b) વિશેષ ગુણો.

**મૂળ બોલ :-**

**(a) સામાન્ય ગુણોના ભેદો :- (૧) પરસ્પર અવિરોધી, (૨) પરસ્પર વિરોધી.**

**ભાવાર્થ :-**

**(a) સામાન્ય ગુણોના ભેદો :-** સર્વ દ્રવ્યોમાં એક કાળમાં વર્તતા સદા સાથે રહેનારા જે ગુણો છે તે સામાન્ય ગુણો છે. તેના બે ભેદો છે : (૧) પરસ્પર અવિરોધી, (૨) પરસ્પર વિરોધી.

**(૧) પરસ્પર અવિરોધી :-** સામાન્ય ગુણો પૈકી કોઈ એક ગુણ તે દ્રવ્યમાં રહેલા બીજા ગુણનો વિરોધ કર્યા વગર રહેતો હોય તો તે ગુણો પરસ્પર અવિરોધી કહેવાય છે.

**(૨) પરસ્પર વિરોધી :-** સામાન્ય ગુણો પૈકી કોઈ એક ગુણ તે દ્રવ્યમાં હોય તો જે બીજો ગુણ તે દ્રવ્યમાં રહી ન શકે તે ગુણો પરસ્પર વિરોધી કહેવાય છે.

**મૂળ બોલ :-**

**(૧) પરસ્પર અવિરોધી ગુણોના ભેદો :- (i) અસ્તિત્વ, (ii) વસ્તુત્વ, (iii) દ્રવ્યત્વ, (iv) પ્રમેયત્વ, (v) અગુરુલઘુત્વ, (vi) સપ્રદેશત્વ.**

**ભાવાર્થ :-**

(૧) પરસ્પર અવિરોધી ગુણોના છ ભેદો આ પ્રમાણે છે.

**(i) અસ્તિત્વ :-** દરેક દ્રવ્ય વિદ્યમાન છે અર્થાત્ દરેક દ્રવ્ય 'અસ્તિ' એ પ્રમાણે કહેવાય છે. માટે તેમાં અસ્તિત્વગુણ છે.

**(ii) વસ્તુત્વ :-** દરેક દ્રવ્ય વસ્તુ સ્વરૂપે છે, તેથી તેમાં વસ્તુત્વગુણ છે.

**(iii) દ્રવ્યત્વ :-** દરેક દ્રવ્યમાં દ્રવ્યત્વગુણ છે, તેથી જ તેને દ્રવ્ય કહેવાય છે.

**(iv) પ્રમેયત્વ :-** દરેક દ્રવ્યો જ્ઞાનનો વિષય છે, તેથી પ્રમેય છે. માટે તેમાં પ્રમેયત્વગુણ છે.

**(v) અગુરુલઘુત્વ :-** દરેક દ્રવ્યો અગુરુલઘુત્વગુણવાળા છે. તે તે દ્રવ્યોમાં રહેલો અગુરુલઘુત્વગુણ કેવલીગમ્ય છે.

**(vi) સપ્રદેશત્વ :-** દરેક દ્રવ્યો પ્રદેશવાળા છે, તેથી સપ્રદેશ કહેવાય છે, માટે તેમાં સપ્રદેશત્વગુણ છે. જો કે પરમાણુને પ્રદેશ નથી, તેમ છતાં તેમાં સપ્રદેશત્વની યોગ્યતા હોવાને કારણે અર્થાત્ સ્કંધ થવાની યોગ્યતા હોવાને કારણે યોગ્યતાથી પરમાણુને પણ સપ્રદેશ કહેવાય છે.

અસ્તિત્વાદિ છએ ગુણો દરેક દ્રવ્યોમાં પરસ્પર અવિરોધીપણે પ્રાપ્ત થાય છે.

**મૂળ બોલ :-**

**(૨) પરસ્પર વિરોધી ગુણોના ભેદો :- (i) ચેતનત્વ, (ii) અચેતનત્વ, (iii) મૂર્તત્વ, (iv) અમૂર્તત્વ.**

**ભાવાર્થ :-**

(૨) પરસ્પર વિરોધી ગુણોના ચાર ભેદો આ પ્રમાણે છે.

**(i) ચેતનત્વ, (ii) અચેતનત્વ :-** દરેક ચેતન દ્રવ્યોમાં ચેતનત્વગુણ રહેલો છે અને દરેક અચેતન દ્રવ્યોમાં અચેતનત્વગુણ રહેલો છે, તેથી સામાન્ય ગુણ છે છતાં પરસ્પર વિરોધી છે; કેમ કે ચેતન દ્રવ્યમાં અચેતનત્વ ન રહી શકે અને અચેતન દ્રવ્યમાં ચેતનત્વ ન રહી શકે. જેમ બધા ઘટમાં ઘટત્વગુણ રહે છે તેથી ઘટમાત્રવૃત્તિ હોવાને કારણે ઘટત્વ સામાન્ય ગુણ છે; આમ છતાં અઘટમાં ઘટત્વ રહેતું નથી તેથી પટત્વાદિ ગુણો સાથે ઘટત્વનો વિરોધ છે. તે રીતે ચેતનત્વનો અને અચેતનત્વનો પરસ્પર વિરોધ હોવા છતાં સર્વ ચેતન દ્રવ્યોમાં અનુગત હોવાને કારણે ચેતનત્વ ગુણ ચેતન દ્રવ્યોની અપેક્ષાએ સામાન્ય ગુણ છે અને અચેતનત્વ પણ સર્વ અચેતન દ્રવ્યોમાં અનુગત હોવાને કારણે અચેતનત્વ-ગુણ અચેતન દ્રવ્યોની અપેક્ષાએ સામાન્ય ગુણ છે.

**(iii) મૂર્તત્વ, (iv) અમૂર્તત્વ :-** બધા મૂર્ત એવા પુદ્ગલદ્રવ્યોમાં મૂર્તત્વ સામાન્ય ગુણ છે અને અમૂર્ત એવા આકાશાદિ દ્રવ્યોમાં અમૂર્તત્વ સામાન્ય ગુણ છે, તેમ છતાં મૂર્તત્વ અને અમૂર્તત્વ પરસ્પર વિરોધી છે. તેથી અમૂર્ત દ્રવ્યોમાં મૂર્તત્વગુણની પ્રાપ્તિ નથી અને મૂર્ત દ્રવ્યોમાં અમૂર્તત્વગુણની પ્રાપ્તિ નથી.

**મૂળ બોલ :-**

**(૧) પરસ્પર અવિરોધી ગુણોના આશ્રયભૂત દ્રવ્યો :-**

**(i) જીવોમાં – અચેતનત્વ અને મૂર્તત્વ સિવાયના-૮.**

**(ii) પુદ્ગલોમાં – ચેતનત્વ અને અમૂર્તત્વ સિવાયના-૮.**

**(iii) ધર્માસ્તિકાયમાં – ચેતનત્વ અને મૂર્તત્વ સિવાયના-૮.**

**(iv) અધર્માસ્તિકાયમાં – ચેતનત્વ અને મૂર્તત્વ સિવાયના-૮.**

**(v) આકાશાસ્તિકાયમાં – ચેતનત્વ અને મૂર્તત્વ સિવાયના-૮.**

**ભાવાર્થ :-**

પરસ્પર અવિરોધી ગુણો કયાં દ્રવ્યોમાં, કેટલા છે ? તે બતાવે છે –

(i) **જીવોમાં** અચેતનત્વ અને મૂર્તત્વ સિવાયના આઠ સામાન્ય ગુણો પરસ્પર અવિરોધીરૂપે પ્રાપ્ત થાય છે; કેમ કે અસ્તિત્વાદિથી માંડીને સપ્રદેશત્વ સુધીના છ ગુણો બધાં દ્રવ્યોમાં સામાન્ય છે તેથી જીવમાં પણ પ્રાપ્ત થાય છે. આ છ ગુણો સાથે બધા જીવોમાં ચેતનત્વ અને અમૂર્તત્વ પણ રહે છે તેથી અસ્તિત્વથી માંડીને સપ્રદેશત્વ સુધીના છ ગુણોની જેમ ચેતનત્વ અને અમૂર્તત્વ પરસ્પર અવિરોધીપણે બધા જીવોમાં પ્રાપ્ત થાય છે.

(ii) **પુદ્ગલોમાં** ચેતનત્વ અને અમૂર્તત્વ સિવાયના આઠ સામાન્ય ગુણો પરસ્પર અવિરોધીરૂપે પ્રાપ્ત થાય છે; કેમ કે પુદ્ગલોમાં જેમ અસ્તિત્વાદિથી માંડીને સપ્રદેશત્વ સુધીના છ ગુણો પ્રાપ્ત થાય છે તેમ અચેતનત્વ અને મૂર્તત્વ પણ બધા પુદ્ગલોમાં પ્રાપ્ત થાય છે. આ આઠે ગુણો પરસ્પર અવિરોધીપણે પુદ્ગલમાં સદા રહે છે. તેથી સામાન્ય ગુણો છે.

**(iii) ધર્માસ્તિકાય, (iv) અધર્માસ્તિકાય અને (v) આકાશાસ્તિકાય :-** આ ત્રણે દ્રવ્યોમાં ચેતનત્વ અને મૂર્તત્વ સિવાયના આઠ સામાન્ય ગુણો સદા પ્રાપ્ત થાય છે. આ આઠ ગુણો ધર્માસ્તિકાયાદિમાં પરસ્પર વિરોધ વગર રહેનારા હોવાથી અવિરોધી છે.

**મૂળ બોલ :-**

**(૧) પરસ્પર વિરોધી ગુણોના આશ્રયભૂત દ્રવ્યો :-**

**(i) જીવોમાં – ચેતનત્વ અને અમૂર્તત્વ હોય.**

**(ii) પુદ્ગલોમાં – અચેતનત્વ અને મૂર્તત્વ હોય.**

**(iii) ધર્માસ્તિકાયમાં – અચેતનત્વ અને અમૂર્તત્વ હોય.**

**(iv) અધર્માસ્તિકાયમાં – અચેતનત્વ અને અમૂર્તત્વ હોય.**

**(v) આકાશાસ્તિકાયમાં – અચેતનત્વ અને અમૂર્તત્વ હોય.**

**ભાવાર્થ :-**

પરસ્પર વિરોધી જે ચાર ગુણો છે તેના આશ્રયભૂત દ્રવ્યોમાં કયા કયા વિરોધી એવા સામાન્ય ગુણો રહે છે ? તે બતાવે છે –

**(i) જીવોમાં** ચેતનત્વ અને અમૂર્તત્વ એ બે સામાન્ય ગુણો છે, જે અચેતનત્વ અને મૂર્તત્વ સાથે વિરોધી છે. આ બે ગુણો જીવમાં સદા વર્તે છે માટે સામાન્ય ગુણો છે.

**(ii) પુદ્ગલોમાં** અચેતનત્વ અને મૂર્તત્વ સદા રહે છે. અચેતનત્વ એ ચેતનત્વનો વિરોધી છે અને મૂર્તત્વ એ અમૂર્તત્વનો વિરોધી છે અને પુદ્ગલમાં અચેતનત્વ અને મૂર્તત્વ સદા વર્તે છે તેથી સામાન્ય ગુણો છે.

**(iii) ધર્માસ્તિકાયમાં, (iv) અધર્માસ્તિકાયમાં અને (v) આકાશાસ્તિકાયમાં** અચેતનત્વ અને અમૂર્તત્વ ગુણો સદા રહે છે. અચેતનત્વ એ ચેતનત્વનો વિરોધી ગુણ છે અને અમૂર્તત્વ એ મૂર્તત્વનો વિરોધી ગુણ છે. અચેતનત્વ અને અમૂર્તત્વ ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યોમાં સદા પ્રાપ્ત થાય છે, માટે સામાન્ય ગુણો છે.

**મૂળ બોલ :-**

**(b) વિશેષ ગુણોના ભેદો :- (૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) સુખ, (૪) વીર્ય, (૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ, (૯) ગતિહેતુતા, (૧૦) સ્થિતિહેતુતા, (૧૧) અવગાહનાહેતુતા, (૧૨) વર્તનાહેતુતા, (૧૩) ચેતનત્વ, (૧૪) અચેતનત્વ, (૧૫) મૂર્તત્વ, (૧૬) અમૂર્તત્વ.**

**ભાવાર્થ :-**

**(b) વિશેષ ગુણોના ભેદો :-** જગતવર્તી સર્વ દ્રવ્યોમાં કયા કયા વિશેષ ગુણો છે ? તે સર્વ વિશેષ ગુણોને ગ્રંથકારશ્રી બતાવે છે –

**(૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) સુખ, (૪) વીર્ય :-** આ ચાર વિશેષ ગુણો જીવમાં જ રહે છે, અજીવમાં રહેતા નથી તેથી જીવના વિશેષ ગુણો છે. જ્ઞાન વિશેષ બોધાત્મક છે, દર્શન સમ્યગ્દર્શનસ્વરૂપ છે, સુખ આત્માની નિરાકુલ અવસ્થારૂપ છે અને વીર્ય સંસારઅવસ્થામાં મનવચનકાયાના વ્યાપારસ્વરૂપ છે

તથા સિદ્ધ અવસ્થામાં આત્મભાવમાં સ્થિરતારૂપ છે.

**(૫) વર્ણ, (૬) ગંધ, (૭) રસ, (૮) સ્પર્શ :-** આ ચાર ગુણો પુદ્ગલના વિશેષ ગુણો છે. પુદ્ગલ સિવાયના અન્ય દ્રવ્યોમાં નથી તેથી પુદ્ગલના વિશેષ ગુણો છે.

**(૯) ગતિહેતુતા :-** જીવ-અજીવદ્રવ્યની ગતિમાં ધર્માસ્તિકાય હેતુ બને છે. ગતિહેતુતા એ ધર્માસ્તિકાયનો વિશેષ ગુણ છે; કેમ કે ધર્માસ્તિકાય સિવાય અન્ય દ્રવ્યમાં તે ગુણ પ્રાપ્ત થતો નથી.

**(૧૦) સ્થિતિહેતુતા :-** જીવ-અજીવદ્રવ્યની સ્થિતિમાં અધર્માસ્તિકાય હેતુ બને છે. સ્થિતિહેતુતા એ અધર્માસ્તિકાયનો વિશેષ ગુણ છે; કેમ કે અધર્માસ્તિકાય સિવાય અન્ય દ્રવ્યમાં તે ગુણ પ્રાપ્ત થતો નથી.

**(૧૧) અવગાહનાહેતુતા :-** જીવ-અજીવદ્રવ્યને આકાશાસ્તિકાય અવગાહના આપે છે તેથી અવગાહનાહેતુતા એ આકાશાસ્તિકાયનો વિશેષ ગુણ છે; કેમ કે આકાશાસ્તિકાય સિવાય અન્ય દ્રવ્યમાં તે ગુણ પ્રાપ્ત થતો નથી.

**(૧૨) વર્તનાહેતુતા :-** વર્તનાહેતુતા એ વ્યાવહારિકકાળનો વિશેષ ગુણ છે; કેમ કે સમય, આવલિકારૂપે પસાર થતો વ્યાવહારિકકાળ દરેક પદાર્થોને તે તે ભાવરૂપે વર્તન કરાવે છે.

**(૧૩) ચેતનત્વ :-** ચેતનત્વ એ ચેતનનો વિશેષ ગુણ છે; કેમ કે માત્ર જીવદ્રવ્યમાં જ તે ગુણ રહે છે, અજીવદ્રવ્યમાં રહેતો નથી. જો કે સર્વ ચેતન દ્રવ્યમાં ચેતનત્વ રહે છે એ અપેક્ષાએ ચેતનત્વને સામાન્ય ગુણ સ્વીકારેલ છે તોપણ ચેતનત્વગુણ અચેતનમાં રહેતો નથી, માત્ર ચેતનમાં જ રહે છે, તે અપેક્ષાએ ચેતનત્વ એ ચેતનનો વિશેષ ગુણ છે.

**(૧૪) અચેતનત્વ :-** અચેતનત્વ એ અજીવદ્રવ્યનો વિશેષ ગુણ છે; કેમ કે માત્ર અજીવદ્રવ્યમાં જ તે ગુણ રહે છે, જીવમાં રહેતો નથી. જો કે સર્વ અચેતન દ્રવ્યમાં અચેતનત્વ રહે છે એ અપેક્ષાએ અચેતનત્વને સામાન્ય ગુણ સ્વીકારેલ છે તોપણ અચેતનત્વ ગુણ ચેતનમાં રહેતો નથી, માત્ર અચેતનમાં જ રહે છે, તે અપેક્ષાએ અચેતનત્વ એ અચેતનનો વિશેષ ગુણ છે.

**(૧૫) મૂર્તત્વ :-** મૂર્તત્વ એ પુદ્ગલ દ્રવ્યનો વિશેષ ગુણ છે; કેમ કે

પુદ્ગલ દ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યમાં તે ગુણ રહેતો નથી. જો કે સર્વ મૂર્ત દ્રવ્યોમાં મૂર્તત્વ રહે છે એ અપેક્ષાએ મૂર્તત્વને સામાન્ય ગુણ સ્વીકારેલ છે તોપણ અમૂર્ત દ્રવ્યોમાં મૂર્તત્વગુણ રહેતો નથી, માત્ર મૂર્તમાં જ રહે છે, તે અપેક્ષાએ મૂર્તત્વ એ મૂર્ત એવા પુદ્ગલનો વિશેષ ગુણ છે.

(૧૬) **અમૂર્તત્વ :-** અમૂર્તત્વ એ પુદ્ગલ સિવાયનાં સર્વ દ્રવ્યોનો વિશેષ ગુણ છે; કેમ કે અમૂર્તત્વ એ પુદ્ગલને છોડીને સર્વ પદાર્થોમાં રહે છે. જો કે સર્વ અમૂર્ત દ્રવ્યોમાં અમૂર્તત્વ રહે છે એ અપેક્ષાએ અમૂર્તત્વને સામાન્ય ગુણ સ્વીકારેલ છે તોપણ મૂર્ત દ્રવ્યોમાં અમૂર્તત્વ ગુણ રહેતો નથી, માત્ર અમૂર્તમાં જ રહે છે તે અપેક્ષાએ અમૂર્તત્વ એ પુદ્ગલ સિવાયનાં સર્વ અમૂર્ત દ્રવ્યોનો વિશેષ ગુણ છે.

**મૂળ બોલ :-**

**વિશેષ ગુણોના આશ્રયભૂત દ્રવ્યો :-**

| | આત્મ દ્રવ્ય | પુદ્ગલાસ્તિકાય | ધર્મ | અધર્મ | આકાશાસ્તિકાય | કાળ | કુલ દ્રવ્યો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. જ્ઞાન | ૧ | x | x | x | x | x | ૧ |
| ૨. દર્શન | ૧ | x | x | x | x | x | ૧ |
| ૩. સુખ | ૧ | x | x | x | x | x | ૧ |
| ૪. વીર્ય | ૧ | x | x | x | x | x | ૧ |
| ૫. વર્ણ | x | ૧ | x | x | x | x | ૧ |
| ૬. ગંધ | x | ૧ | x | x | x | x | ૧ |
| ૭. રસ | x | ૧ | x | x | x | x | ૧ |
| ૮. સ્પર્શ | x | ૧ | x | x | x | x | ૧ |
| ૯. ગતિહેતુતા | x | x | ૧ | x | x | x | ૧ |
| ૧૦. સ્થિતિહેતુતા | x | x | x | ૧ | x | x | ૧ |
| ૧૧. અવગાહનાહેતુતા | x | x | x | x | ૧ | x | ૧ |
| ૧૨. વર્તનાહેતુતા | x | x | x | x | x | ૧ | ૧ |
| ૧૩. ચેતનત્વ | ૧ | x | x | x | x | x | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪. અચેતનત્વ | x | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૧૫. મૂર્તત્વ | x | ૧ | x | x | x | x | ૧ |
| ૧૬. અમૂર્તત્વ | ૧ | x | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| કુલ ગુણો | ૬ | ૬ | ૩ | ૩ | ૩ | ૩ | ૨૪ |

**દરેકના મળીને કુલ ગુણો ૨૪ :- ૧૦ સામાન્ય ગુણો ચેતનત્વ, મૂર્તત્વ**
**+ ૧૬ વિશેષ ગુણો અચેતનત્વ, અમૂર્તત્વ**
**૨૬ કુલ ગુણો**

**તેમાંના ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વ - એ બંને જોડકામાંનો ગમે તે એક હોય, બન્નેય સાથે ન હોય. માટે તે બે બાદ જતાં ૨૪ની સંખ્યા થશે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં દસ સામાન્ય ગુણો અને સોળ વિશેષ ગુણો બતાવ્યા. સામાન્ય ગુણોને અને વિશેષ ગુણોને ભેગા કરવાથી ૨૬ ગુણોની પ્રાપ્તિ થાય; તોપણ ચેતનત્વ અને અચેતનત્વ બંને સાથે રહેતા નથી તથા મૂર્તત્વ અને અમૂર્તત્વ બંને સાથે રહેતા નથી. તેથી બંને જોડકામાંથી એક-એકની પ્રાપ્તિ છે. બંને સાથે બધાં દ્રવ્યોમાં પ્રાપ્ત થતા નથી માટે તે બેને બાદ કરતાં ૨૪ની સંખ્યા સામાન્ય અને વિશેષ ગુણોની પ્રાપ્ત થાય છે.

૧૬ વિશેષ ગુણોના આશ્રયભૂત ગુણના ભેદથી દ્રવ્યનો ભેદ સ્વીકારીને મૂળ દ્રવ્યોની કુલ સંખ્યા કેટલી છે ? તે કુલ દ્રવ્યોથી ૨૪ સંખ્યા બતાવેલ છે.

**-: સ્વભાવો :-**

દિગંબર માન્યતાનુસાર દ્રવ્ય, ગુણ, પર્યાયથી અતિરિક્ત સ્વભાવનો ભેદ છે. તેની દૃષ્ટિ મુજબ ૧૧ સામાન્ય સ્વભાવો છે અને ૧૦ વિશેષ સ્વભાવો છે. તે હવે બતાવે છે.

**મૂળ બોલ :-**

**(a) ૧૧ સામાન્ય સ્વભાવો :- (૧) અસ્તિ સ્વભાવ, (૨) નાસ્તિ**

**સ્વભાવ, (૩) નિત્ય સ્વભાવ, (૪) અનિત્ય સ્વભાવ, (૫) એક સ્વભાવ, (૬) અનેક સ્વભાવ, (૭) ભેદ સ્વભાવ, (૮) અભેદ સ્વભાવ, (૯) ભવ્ય સ્વભાવ, (૧૦) અભવ્ય સ્વભાવ, (૧૧) પારિણામિક સ્વભાવ - જેનું બીજું નામ પરમભાવ સ્વભાવ.**

**ભાવાર્થ :-**

(a) સામાન્ય સ્વભાવો દરેક દ્રવ્યો ધરાવે છે, તે ૧૧ ભેદે છે.

(૧) **અસ્તિ સ્વભાવ :-** દરેક વસ્તુને જોઈને 'આ વસ્તુ છે' એવી જે પ્રતીતિ થાય છે તે પ્રતીતિનો નિયામક તે વસ્તુમાં રહેલ અસ્તિ સ્વભાવ છે.

(૨) **નાસ્તિ સ્વભાવ :-** વળી, દરેક પદાર્થોને જોઈને 'આ વસ્તુ કોઈક સ્વરૂપે નથી' એવી પ્રતીતિ થાય છે. જેમ જીવદ્રવ્ય પુદ્ગલરૂપે નથી તેવી પ્રતીતિ થાય છે, તેથી જીવમાં પુદ્ગલનો નાસ્તિ સ્વભાવ છે તેને આશ્રયીને જ 'આ નથી' એ પ્રકારની પ્રતીતિ થાય છે.

(૩) **નિત્ય સ્વભાવ :-** દરેક દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય છે તેવી પ્રતીતિ થાય છે. તેથી તે પદાર્થમાં નિત્ય સ્વભાવ છે, તેને આશ્રયીને જ દ્રવ્યમાં નિત્યતાની પ્રતીતિ થાય છે.

(૪) **અનિત્ય સ્વભાવ :-** દરેક દ્રવ્યોમાં વર્તતા પર્યાયો પ્રતિક્ષણ નવા નવા ઉત્પન્ન થાય છે અને પૂર્વના પર્યાયો નાશ પામે છે, તેથી દરેક પદાર્થમાં પર્યાયની અપેક્ષાએ અનિત્ય સ્વભાવ છે. તેને આશ્રયીને પદાર્થમાં અનિત્યતાની પ્રતીતિ થાય છે.

(૫) **એક સ્વભાવ :-** સહભાવી અનેક ધર્મોનો આધાર એવો એક સ્વભાવ દરેક પદાર્થમાં છે. જેમ જીવમાં જ્ઞાન, દર્શન, વીર્ય, સુખરૂપ અનેક ધર્મોનો આધાર એવો એક સ્વભાવ વર્તે છે, તેથી આધારત્વરૂપ એક સ્વભાવને કારણે અનેક ધર્મના એક આધારની પ્રાપ્તિ થાય છે.

(૬) **અનેક સ્વભાવ :-** વળી, દરેક દ્રવ્યોમાં ક્રમસર અનેક અવસ્થાનો પ્રવાહ વર્તે છે. જેમ જીવમાં પ્રતિક્ષણના તે તે ભાવોકૃત અવસ્થાનો પ્રવાહ સદા

વર્તે છે, આથી બાલ્યાવસ્થાળો જીવ, યુવાવસ્થાવાળો જીવ, વૃદ્ધાવસ્થાવાળો જીવ એ રૂપ અનેક અવસ્થાનો પ્રવાહ પ્રતીત થાય છે. તેને આશ્રયીને જીવમાં અનેક સ્વભાવ છે તેમ અન્ય દ્રવ્યોમાં પણ અનેક સ્વભાવ છે.

**(૭) ભેદ સ્વભાવ :-** દરેક પદાર્થોનો પરસ્પર કથંચિત્ ભેદ છે, આથી જ ઘટ કરતાં પટ જુદો દેખાય છે અને જીવ કરતાં અજીવનો ભેદ દેખાય છે. ભેદ સ્વભાવને કારણે જીવને જોઈને જીવમાં રહેલો અજીવનો ભેદ પ્રતીત થાય છે. બે જીવોમાં પણ, બંને જીવો જીવરૂપે સમાન હોવા છતાં પરસ્પર ભિન્ન દ્રવ્ય છે તે, તેઓમાં વર્તતા ભેદસ્વભાવને કારણે ભિન્નરૂપે પ્રતીત થાય છે.

**(૮) અભેદ સ્વભાવ :-** વળી, દરેક પદાર્થમાં કોઈક અપેક્ષાએ અભેદ સ્વભાવ છે. આથી જ, છએ દ્રવ્યોમાં સત્ સત્ રૂપે જે સમાન પ્રતીતિ થાય છે, તે દૃષ્ટિથી તેઓમાં અભેદની પ્રતીતિ છે, તે અભેદ સ્વભાવને કારણે છે. વળી, દ્રવ્યમાં વર્તતા ગુણોનો તે તે દ્રવ્ય સાથે અભેદ છે, તે પણ અભેદ સ્વભાવને કારણે છે.

**(૯) ભવ્ય સ્વભાવ :-** દરેક દ્રવ્યમાં કોઈક રૂપે થવાનો સ્વભાવ છે. આથી માટી ઘડારૂપે થાય છે તેથી ઘડારૂપે થવાનો તેનો ભવ્ય સ્વભાવ છે. જીવમાં પણ તે તે ભાવોરૂપે થવાનો સ્વભાવ છે, આથી જ જીવ તે તે ભાવો કરે છે. તે તે ભાવોનો કર્મબંધ કરવાનો સ્વભાવ છે તેથી જીવ કર્મ સાથે એકમેકતાને પામે છે. ઉદયમાન કર્મોને કારણે જીવનો તે તે ગતિમાં જવાનો સ્વભાવ છે તેથી જીવ તે તે ગતિમાં જાય છે. જીવનો કર્મથી મુક્ત થવાનો સ્વભાવ પણ છે, તેથી મહાત્માઓ પોતાના ભવ્ય સ્વભાવના બળથી જ સર્વ કર્મોનો નાશ કરીને મુક્ત થાય છે.

**(૧૦) અભવ્ય સ્વભાવ :-** વળી, દરેક પદાર્થોમાં અભવ્ય સ્વભાવ છે. આથી જ જીવ ક્યારેય પુદ્ગલ થતો નથી એવી પ્રતીતિ તેના અભવ્ય સ્વભાવને કારણે છે. વળી, અભવ્યજીવ ક્યારેય મુક્ત થતો નથી, તે પણ તેના અભવ્ય સ્વભાવને કારણે છે. વળી, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો પણ ક્યારેય અધર્માસ્તિકાયાદિ રૂપે થતા નથી તેથી તેરૂપે નહીં થવારૂપ અભવ્ય સ્વભાવ તેઓમાં છે.

**(૧૧) પારિણામિક સ્વભાવ જેનું બીજું નામ પરમભાવ સ્વભાવ :-** જેમ આત્માનો પરમભાવ સ્વભાવ સિદ્ધસદૃશ છે અને તેને અનુકૂળ એવા વીતરાગભાવને સ્પર્શનારો નિર્વિકલ્પરૂપ ભાવ છે, તે જીવનો પારિણામિક સ્વભાવ છે. આથી જ મહાત્માઓ ધર્મની સર્વ પ્રવૃત્તિઓમાં પારિણામિક ભાવને જ પ્રમાણ માને છે. તેથી જે ધર્મની પ્રવૃત્તિમાં વીતરાગતાને અનુકૂળ પારિણામિક ભાવનો અંશ નથી તે પ્રવૃત્તિને બાહ્યથી ધર્મરૂપે હોવા છતાં ધર્મરૂપે સ્વીકારતા નથી.

**મૂળ બોલ :-**

**(b) ૧૦ વિશેષ સ્વભાવો :- (૧) ચેતનત્વ સ્વભાવ, (૨) અચેતનત્વ સ્વભાવ, (૩) મૂર્તત્વ સ્વભાવ, (૪) અમૂર્તત્વ સ્વભાવ, (૫) એક પ્રદેશીત્વ સ્વભાવ, (૬) અનેક પ્રદેશીત્વ સ્વભાવ, (૭) વિભાવ સ્વભાવ, (૮) શુદ્ધ સ્વભાવ, (૯) અશુદ્ધ સ્વભાવ, (૧૦) ઉપચરિત સ્વભાવ :- (i) કર્મજન્ય (સંસારીને) (ii) સ્વભાવજન્ય (સિદ્ધને).**

**ભાવાર્થ :-**

પદાર્થોમાં વર્તતા ૧૦ વિશેષ સ્વભાવો છે.

**(૧) ચેતનત્વ સ્વભાવ :-** ચેતનત્વ સ્વભાવ ચેતનમાં જ રહે છે, અચેતનમાં રહેતો નથી. તેથી ચેતનનો વિશેષ સ્વભાવ છે.

**(૨) અચેતનત્વ સ્વભાવ :-** અચેતનત્વ સ્વભાવ અચેતનમાં જ રહે છે, ચેતનમાં રહેતો નથી. તેથી અચેતનનો વિશેષ સ્વભાવ છે.

**(૩) મૂર્તત્વ સ્વભાવ :-** મૂર્તત્વ સ્વભાવ મૂર્ત એવા પુદ્ગલમાં જ રહે છે, ધર્માસ્તિકાયાદિ અમૂર્ત દ્રવ્યોમાં રહેતો નથી. તેથી મૂર્ત એવા પુદ્ગલનો વિશેષ સ્વભાવ છે.

**(૪) અમૂર્તત્વ સ્વભાવ :-** અમૂર્તત્વ સ્વભાવ અમૂર્ત એવા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં રહે છે, મૂર્ત એવા પુદ્ગલ દ્રવ્યોમાં રહેતો નથી. તેથી અમૂર્ત દ્રવ્યોનો વિશેષ સ્વભાવ છે.

**(૫) એક પ્રદેશીત્વ સ્વભાવ :-** એક પ્રદેશીત્વ સ્વભાવ પરમાણુમાં જ રહે છે, અન્ય સ્કંધોમાં કે જીવાદિમાં રહેતો નથી, તેથી પરમાણુનો વિશેષ સ્વભાવ છે. વળી, કાળના દરેક સમયો પૃથક્ પૃથક્ છે; પરંતુ જીવની જેમ અનેક પ્રદેશના સ્કંધરૂપ નથી. તેથી કાળના સમયમાં પણ એક પ્રદેશીત્વ સ્વભાવ છે, તે તેનો વિશેષ સ્વભાવ છે.

**(૬) અનેક પ્રદેશીત્વ સ્વભાવ :-** પરમાણુને છોડીને અને કાળના સમયોને છોડીને ધર્માસ્તિકાયાદિ બધાં દ્રવ્યોમાં અનેક પ્રદેશીત્વ સ્વભાવ રહેલો છે તેથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો વિશેષ સ્વભાવ છે.

**(૭) વિભાવસ્વભાવ :-** સંસારી જીવમાં વિભાવસ્વભાવ પ્રાપ્ત થાય છે, ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં વિભાવસ્વભાવ રહેતો નથી અને સિદ્ધના જીવોમાં પણ વિભાવસ્વભાવ રહેતો નથી; કેમ કે કર્મના નિમિત્તે થતા જીવના પરિણામોરૂપ વિભાવસ્વભાવ છે. તે સંસારી જીવમાં જ પ્રાપ્ત થતો હોવાથી સંસારી જીવનો વિશેષ સ્વભાવ છે.

**(૮) શુદ્ધ સ્વભાવ :-** કર્મરહિત આત્મામાં પોતાનો સહજભાવે વર્તતો જે ભાવ, તે શુદ્ધ સ્વભાવ છે. જેમ, સિદ્ધના જીવોમાં સર્વ બાધાઓથી રહિત જ્ઞાનના ઉપયોગરૂપ જે સ્વભાવ છે તે શુદ્ધ સ્વભાવ છે. આથી જ, સિદ્ધના જીવોમાં દેહના ભાવરૂપ બાધા નથી અને કર્મજન્ય બાધા નથી; પરંતુ સર્વ ઉપદ્રવ વગરની જ્ઞાનમય ચેતના સદા સુસ્થિત રહે છે, તેથી શુદ્ધ સ્વભાવ સિદ્ધના જીવદ્રવ્યનો વિશેષ સ્વભાવ છે.

**(૯) અશુદ્ધ સ્વભાવ :-** સંસારી જીવોમાં કર્મના નિમિત્તને પામીને જે રાગાદિ ભાવો દેખાય છે તે જીવનો અશુદ્ધ સ્વભાવ છે. તે અશુદ્ધ સ્વભાવ સિદ્ધના જીવોમાં નથી કે અન્ય દ્રવ્યોમાં પણ નથી, માટે સંસારી જીવનો વિશેષ સ્વભાવ છે.

**(૧૦) ઉપચરિત સ્વભાવ :-** જ્ઞાન સ્વપરવ્યવસાયી છે અર્થાત્ જ્ઞાન પોતાના સ્વરૂપનું વેદન કરે છે અને પરના સ્વરૂપની પણ પ્રતીતિ કરે છે. જેમ, ઘટનું જ્ઞાન થાય છે ત્યારે તે ઘટના સ્વરૂપનું અને વેદન થાય છે ઘટના નીલાદિ

વર્ણનું અને ઘટના આકારનું પણ સંવેદન થાય છે. વળી તે જ્ઞાનનો વિષય પરદ્રવ્ય હોવાથી સ્વનિરૂપિત વિષયતાસંબંધથી જ્ઞાન ઘટમાં રહે છે, તેથી ઘટમાં સ્વનિરૂપિત વિષયતાસંબંધથી બોધ રહેલો છે તે ઘટનો ઉપચરિત સ્વભાવ છે.

આ ઉપચરિત સ્વભાવના બે ભેદો છે :-

**(i) કર્મજન્ય (સંસારીને) :-** ગાડું ચલાવનારને ગોર્વાહક કહેવાય છે. વસ્તુતઃ ગાડું બળદથી સહજ ગમન કરે છે પરંતુ તેમાં ઉપચારથી ગોર્વાહકને નિમિત્તકારણ તરીકે સ્વીકારાય છે અને તે કર્મજનિત ઉપચરિત સ્વભાવ છે; કેમ કે અન્યને ગમનાદિ ક્રિયામાં નિમિત્ત થનાર કર્મવાળા સંસારી જીવો છે, તેથી તે ઉપચરિત સ્વભાવ કર્મજનિત છે. તે રીતે કોઈ પુરુષ પોતાના સોપક્રમ જ્ઞાનાવરણીય કર્મને સમ્યગ્ ઉપયોગ દ્વારા ક્ષયોપશમરૂપે પરિણમન પમાડવા યત્ન કરે છે ત્યારે તે જીવનો પ્રયત્ન સોપક્રમ કર્મને ક્ષયોપશમરૂપે પરિણમન પમાડવા માટે પુરુષકારરૂપે પ્રવર્તે છે. તે પુરુષકાર કરવામાં તે પુરુષ સ્વયં સમર્થ ન હોય તો ઉપદેશકના વચનથી તે પ્રકારનો પ્રયત્ન કરે છે ત્યારે તે ઉપદેશકમાં 'આ જીવને જ્ઞાનનો ક્ષયોપશમ કરાવવાનો ઉપચરિત સ્વભાવ છે' તેમ સ્વીકારવામાં આવે છે. વસ્તુતઃ તે ઉપદેશક સ્વપ્રયત્નથી સ્વપરિણામને જ કરે છે, અન્યના પરિણામને કરતો નથી, છતાં અન્યના ક્ષયોપશમમાં નિમિત્તકારણ હોવાથી તેમાં અન્યના ક્ષયોપશમનો ઉપચરિત સ્વભાવ કહેવાય છે. આ પ્રકારનો ઉપચરિત સ્વભાવ ઉપદેશકાદિમાં તે પ્રકારના કર્મથી જન્ય છે જે ઉપચરિત સ્વભાવ સંસારી જીવોમાં જ પ્રાપ્ત થાય છે. માટે કર્મજન્ય ઉપચરિત સ્વભાવ સંસારી જીવોનો વિશેષ સ્વભાવ છે.

**(ii) સ્વભાવજન્ય (સિદ્ધને) :-** સિદ્ધના જીવોમાં સ્વભાવજન્ય ઉપચરિત સ્વભાવ પ્રાપ્ત થાય છે; કેમ કે સિદ્ધના જીવો જેમ સ્વભાવથી પોતાના જ્ઞાનનું વેદન કરે છે તેમ જગતના સર્વ પદાર્થોનું પણ વેદન કરે છે. આ પ્રકારે પર પદાર્થોનું જ્ઞાનથી વેદન એ સ્વભાવજન્ય સિદ્ધનો ઉપચરિત સ્વભાવ છે અને આ સ્વભાવ સિદ્ધના જીવમાં પ્રાપ્ત થાય છે માટે વિશેષ સ્વભાવ છે.

મૂળ બોલ :-

## કુલ ૨૧ સ્વભાવોના આશ્રય સ્થાનનો કોઠો

| | જીવ | પુદ્ગલ | ધર્મ | અધર્મ | આકાશ | કાળ | કેટલા દ્રવ્યમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧. અસ્તિત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૨. નાસ્તિત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૩. નિત્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૪. અનિત્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૫. એક સ્વભાવત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૬. અનેક સ્વભાવત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૭. ભેદત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૮. અભેદત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૯. ભવ્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૦. અભવ્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૧. પરમભાવત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૨. ચેતનત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૧૩. અચેતનત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૪. મૂર્તત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૧૫. અમૂર્તત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૬. એકપ્રદેશીત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૭. અનેકપ્રદેશીત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | + | ૫ |
| ૧૮. વિભાવત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૧૯. શુદ્ધત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૨૦. અશુદ્ધત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૨૧. ઉપચરિતત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| કેટલા ગુણ ? | ૨૧ | ૨૧ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૫ | ૧૦૫ |

કોષ્ટક ચાલુ....

| સ્વભાવના નામ | નયાવતાર |
| --- | --- |
| (૧) અસ્તિત્વ | સ્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ગ્રાહક દ્રવ્યાર્થિકનયથી. |
| (૨) નાસ્તિત્વ | પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ગ્રાહક દ્રવ્યાર્થિકનયથી. |
| (૩) નિત્યત્વ | ઉત્પાદવ્યયની ગૌણતા કરીને સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયથી. |
| (૪) અનિત્યત્વ | ઉત્પાદવ્યયની મુખ્યતાએ સત્તાગ્રાહક પર્યાયાર્થિકનયથી. |
| (૫) એકત્વ | ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. |
| (૬) અનેકત્વ | ભેદકલ્પનાયુક્ત દ્રવ્યાર્થિકનયથી. |
| (૭) ભેદત્વ | ગુણગુણીના ભેદની અપેક્ષાએ સદ્ભૂત વ્યવહારનયથી. |
| (૮) અભેદત્વ | ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિક-નયથી. |
| (૯) ભવ્યત્વ | પરમભાવગ્રાહક નયથી. |
| (૧૦) અભવ્યત્વ | પરમભાવગ્રાહક નયથી. |
| (૧૧) પરમભાવત્વ | શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. |
| (૧૨) ચેતનત્વ | અસદ્ભૂત વ્યવહારનયથી કર્મોનો, (ચેતનત્વ સ્વભાવ છે) ચેતન સ્વભાવી આત્માનો ચેતનત્વ સ્વભાવ પરમભાવગ્રાહક નયથી. |
| (૧૩) અચેતનત્વ | અસદ્ભૂત વ્યવહારનયથી જીવમાં અચેતનત્વ છે અને પરમભાવગ્રાહક નયથી પુદ્ગલાદિ અચેતન છે. |
| (૧૪) મૂર્તત્વ | પરમભાવગ્રાહક નયથી અજીવની મૂર્તતા અને અસદ્ભૂત વ્યવહારનયથી જીવની મૂર્તતા. |
| (૧૫) અમૂર્તત્વ | પરમભાવગ્રાહક નયથી જીવાદિક અમૂર્ત છે. અસદ્ભૂત વ્યવહારનયથી પુદ્ગલ પરમાણુ વગેરે અમૂર્ત છે. |
| (૧૬) એકપ્રદેશીત્વ | પરમભાવગ્રાહક નયથી કાળ અને પુદ્ગલાણુની એકપ્રદેશતા છે. ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિક-નયની અપેક્ષાએ બાકીના ચારમાં એકપ્રદેશતા છે. |
| (૧૭) અનેકપ્રદેશીત્વ | શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવાદિ ૪ અનેકપ્રદેશી અને પુદ્ગલ પરમાણુ અસદ્ભૂત વ્યવહારનયથી અનેકપ્રદેશી છે. |
| (૧૮) વિભાવત્વ | શુદ્ધઅશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. |
| (૧૯) શુદ્ધત્વ | શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. |
| (૨૦) અશુદ્ધત્વ | અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. |
| (૨૧) ઉપચરિતત્વ | અસદ્ભૂત વ્યવહારનયથી. |

**ભાવાર્થ :-**

દરેક સ્વભાવના આશ્રયભૂત દ્રવ્યને પૃથક્ ગ્રહણ કરીને ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોમાંથી કેટલાં દ્રવ્યો છે ? તે બતાવવા 'કેટલાં દ્રવ્યોમાં' એ મથાળાની નીચે સંખ્યા ૧૦૫ બતાવેલ છે.

**-: સ્વભાવો ઉપર નયાવતાર :-**

પૂર્વમાં ૨૧ સ્વભાવોનું વર્ણન કરીને ૧૧ સામાન્ય સ્વભાવો અને ૧૦ વિશેષ સ્વભાવો બતાવ્યા. હવે તે ૨૧ સ્વભાવોમાંથી કયા સ્વભાવને ગ્રહણ કરનાર કયો નય છે? તે બતાવવારૂપ નયાવતાર કહે છે –

**મૂળ બોલ :-**

**(૧) અસ્તિત્વ સ્વભાવ :- સ્વ-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ગ્રાહક દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

દરેક દ્રવ્યમાં રહેલો અસ્તિત્વસ્વભાવ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવના ગ્રાહક દ્રવ્યાર્થિકનયથી છે. જેમ, ઘટ તેના પરમાણુદ્રવ્યની અપેક્ષાએ અસ્તિત્વસ્વભાવવાળો છે. જે ક્ષેત્રમાં રહેલો છે તે ક્ષેત્રની અપેક્ષાએ અસ્તિત્વસ્વભાવવાળો છે, અન્ય ક્ષેત્રની અપેક્ષાએ નથી. જે કાળમાં વિદ્યમાન છે, તે કાળમાં અસ્તિત્વસ્વભાવવાળો છે, અન્ય કાળમાં નથી અને જે પ્રકારના રૂપ-રસાદિ ભાવો તે ઘટમાં વર્તે છે તે ભાવોરૂપે તે ઘટમાં અસ્તિત્વસ્વભાવ છે, અન્ય ભાવરૂપે તે ઘટ અસ્તિત્વસ્વભાવવાળો નથી. તેથી દ્રવ્યને જોનારી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી તે ઘટરૂપ દ્રવ્ય સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને ગ્રહણ કરનાર હોવાથી તે સ્વરૂપે તે ઘટ અસ્તિરૂપે દેખાય છે. માટે તેમાં અસ્તિત્વ સ્વભાવ છે.

**મૂળ બોલ :-**

**(૨) નાસ્તિત્વ સ્વભાવ :- પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ગ્રાહક દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

દરેક પદાર્થોમાં પરદ્રવ્યની અપેક્ષાએ, પરક્ષેત્રની અપેક્ષાએ, પરકાળની અપેક્ષાએ=જે કાળમાં વિદ્યમાન છે તેનાથી અન્ય કાળની અપેક્ષાએ, અને પરભાવની અપેક્ષાએ=અન્ય દ્રવ્યમાં વર્તતા ભાવની અપેક્ષાએ, નાસ્તિત્વ સ્વભાવ છે. તેથી દરેક પદાર્થોમાં પરદ્રવ્યક્ષેત્રકાળભાવગ્રાહક દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી જોતાં નાસ્તિત્વ સ્વભાવ દેખાય છે; કેમ કે વિવક્ષિત વસ્તુરૂપ દ્રવ્યને તે સ્વરૂપે જોનારી દૃષ્ટિથી તે વસ્તુ નથી તેવો બોધ થાય છે. માટે નાસ્તિત્વ સ્વભાવની ગ્રાહક દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે.

**મૂળ બોલ :-**

**(૩) નિત્યત્વ સ્વભાવ :- ઉત્પાદવ્યયની ગૌણતા કરીને સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

ઉત્પાદવ્યયને ગૌણ કરીને સત્તાને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી પદાર્થમાં રહેલો નિત્યત્વસ્વભાવ દેખાય છે; કેમ કે ધ્રુવ અંશને જોનારી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે અને પદાર્થની સત્તા ત્રિકાળવર્તી હોવા છતાં તે સત્તા ઉત્પાદવ્યયથી આક્રાંત છે પરંતુ ઉત્પાદવ્યયથી રહિત નથી. પુરુષ ઉત્પાદવ્યયને ગૌણ કરીને સત્તાને જોવામાં વ્યાપાર કરે છે ત્યારે ધ્રુવઅંશને જોનારી દ્રવ્યની દૃષ્ટિ પ્રવર્તે છે. તેથી દ્રવ્યાર્થિકનયથી પદાર્થનો નિત્ય સ્વભાવ દેખાય છે માટે પદાર્થમાં નિત્યત્વ સ્વભાવ છે.

**મૂળ બોલ :-**

**(૪) અનિત્યત્વ સ્વભાવ :- ઉત્પાદવ્યયની મુખ્યતાએ સત્તાગ્રાહક પર્યાયાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

ઉત્પાદવ્યયની મુખ્યતા અને સત્તાની ગૌણતા ગ્રાહક પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી અનિત્યત્વ સ્વભાવ છે અર્થાત્ દરેક પદાર્થોમાં ઉત્પાદ, વ્યય અને સત્તા

ત્રણે વિદ્યમાન છે છતાં પર્યાયને જોનારી દૃષ્ટિથી જ્યારે ઉપયોગ પ્રવર્તે છે ત્યારે ઉત્પાદવ્યય મુખ્ય દેખાય છે અને સત્તા ગૌણ દેખાય છે. તેથી પર્યાયનયની દૃષ્ટિથી પદાર્થમાં રહેલા ઉત્પાદવ્યય દેખાય છે. ઉત્પાદવ્યય અનિત્યસ્વરૂપ છે તેથી અનિત્યત્વને બતાવનાર સ્વભાવને ગ્રહણ કરનાર દૃષ્ટિ પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે.

**મૂળ બોલ :-**

**(૫) એકત્વ સ્વભાવ :- ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી એકત્વ સ્વભાવ દેખાય છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનય ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્યને ગ્રહણ કરનાર છે. તિર્યક્સામાન્યને જોનારી દૃષ્ટિથી પદાર્થમાં પરસ્પર ભેદ દેખાતો નથી; પરંતુ બધા પદાર્થો દ્રવ્યરૂપે છે એમ જ દેખાય છે. દરેક દ્રવ્યો ત્રિકાળવર્તી દ્રવ્યરૂપે શાશ્વત છે, તેથી દ્રવ્યોમાં પરસ્પર ભેદનો પણ અભાવ છે અને દ્રવ્યના પૂર્વ-ઉત્તર કાળમાં પણ ભેદનો અભાવ છે. આમ શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી સર્વ પદાર્થોમાં એકત્વની પ્રતીતિ થાય છે અર્થાત્ ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો, અનંત પુદ્ગલો અને અનંત જીવો તે સર્વમાં દ્રવ્યરૂપે કોઈ ભેદ નથી. બધા એકસ્વરૂપવાળા છે તેથી એકત્વની પ્રતીતિ થાય છે, માટે શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી એકત્વ સ્વભાવ દેખાય છે.

**મૂળ બોલ :-**

**(૬) અનેકત્વ સ્વભાવ :- ભેદકલ્પનાયુક્ત દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

ભેદકલ્પનાયુક્ત દ્રવ્યાર્થિકનયથી દરેક પદાર્થોમાં અનેકત્વ સ્વભાવ છે; કેમ કે ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો અને અનંતા જીવો તથા અનંતા પુદ્ગલો એ સર્વ વચ્ચે ભેદની પ્રતીતિ છે. પદાર્થમાં વર્તતા ઉત્પાદવ્યયને ગૌણ કરીને દ્રવ્યને જોનારી દૃષ્ટિથી જોવામાં આવે તો અનેક દ્રવ્યો છે તેવી પ્રતીતિ થાય છે, માટે દ્રવ્યોમાં અનેકત્વ સ્વભાવ છે.

**મૂળ બોલ :-**

**(૭) ભેદત્વ સ્વભાવ :- ગુણગુણીના ભેદની અપેક્ષાએ સદ્‌ભૂત વ્યવહારનયથી.**

**ભાવાર્થ :-**

ગુણગુણીના ભેદની અપેક્ષાએ સદ્‌ભૂત વ્યવહારનયથી ભેદસ્વભાવની પ્રતીતિ થાય છે. દરેક દ્રવ્ય ગુણી દ્રવ્ય છે અને તે દરેકમાં વર્તતા ગુણો જુદા છે, તેથી ભેદપણાની પ્રતીતિ થાય છે. જેમ ગુણી એવા આત્મામાં જ્ઞાન, સુખ, વીર્ય આદિ અનેક ગુણો છે, જ્યારે ગુણી એવો આત્મા એક છે. માટે ગુણોથી આત્મા જુદો છે તેવી પ્રતીતિ સદ્‌ભૂત વ્યવહારનયથી થાય છે.

**મૂળ બોલ :-**

**(૮) અભેદત્વ સ્વભાવ :- ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિક-નયથી.**

**ભાવાર્થ :-**

ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દરેક દ્રવ્યોમાં અભેદત્વસ્વભાવની પ્રતીતિ થાય છે; કેમ કે દરેક દ્રવ્યોમાં વર્તતા ગુણો તેનાથી ભિન્ન નથી પરંતુ તે દ્રવ્યસ્વરૂપ જ છે; કારણ કે ઘટ, પટની જેમ ગુણ, ગુણી ભિન્ન દેખાતા નથી પરંતુ ગુણી સ્વરૂપ જ ગુણ છે.

**મૂળ બોલ :-**

**(૯) ભવ્યત્વ સ્વભાવ :- પરમભાવગ્રાહક નયથી.**

**ભાવાર્થ :-**

દરેક દ્રવ્ય કોઈક સ્વરૂપે થવાના સ્વભાવવાળું છે. તે દ્રવ્યમાં તેરૂપે થવાનો સ્વભાવ છે, તે ભવ્યત્વ સ્વભાવ છે. પરમભાવગ્રાહક નયની દૃષ્ટિથી ભવ્યત્વ સ્વભાવ દેખાય છે; કેમ કે દરેક દ્રવ્યનો કોઈક મુખ્ય ભાવ છે કે કોઈક સ્વરૂપે થવું. તે મુખ્ય ભાવને જોનારી દૃષ્ટિથી તેમાં ભવ્યત્વસ્વભાવ દેખાય છે. આથી

જ દરેક દ્રવ્યમાં પ્રતિક્ષણ જે પ્રકારે ભવ્યત્વ સ્વભાવ છે તે રૂપે સતત થાય છે. વળી, જે જીવદ્રવ્યનો સિદ્ધરૂપે થવાનો ભવ્યત્વ સ્વભાવ છે તે સિદ્ધરૂપે પણ થાય છે.

**મૂળ બોલ :-**

**(૧૦) અભવ્યત્વ સ્વભાવ :- પરમભાવગ્રાહક નયથી.**

**ભાવાર્થ :-**

દરેક દ્રવ્યોમાં પરમભાવગ્રાહક નયથી અભવ્યત્વ સ્વભાવ છે. આથી જ, ધર્માસ્તિકાય ક્યારેય અધર્માસ્તિકાય થતું નથી, માટે ધર્માસ્તિકાયનો અધર્માસ્તિકાયરૂપે નહીં થવાનો અભવ્યત્વ સ્વભાવ છે. તે જ રીતે જીવ પણ ક્યારેય અજીવ થતો નથી, તે તેનો અભવ્યત્વ સ્વભાવ છે. અભવ્ય જીવોમાં સિદ્ધરૂપે થવાનો અભવ્યત્વ સ્વભાવ છે, તેથી તેઓ ક્યારેય સિદ્ધરૂપે થતા નથી. આ અભવ્યત્વ સ્વભાવ પદાર્થના પરમ ભાવને જોનાર નયદૃષ્ટિથી દેખાય છે; કેમ કે તે રૂપે નહીં થવાનો અભવ્યત્વ સ્વભાવ તેનો પરમભાવ છે અર્થાત્ મુખ્ય સ્વભાવ છે અને તેને જોનારી દૃષ્ટિથી અભવ્યત્વ સ્વભાવ દેખાય છે.

**મૂળ બોલ :-**

**(૧૧) પરમભાવત્વ સ્વભાવ :- શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

દ્રવ્યમાં રહેલો પરમભાવત્વ સ્વભાવ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દેખાય છે. દરેક પદાર્થોમાં પોતાનો મુખ્ય ભાવ હોય છે. જેમ આત્મામાં મોહથી અનાકુળ એવું જ્ઞાન છે, તે આત્માનો પરમભાવ છે. તે પરમભાવને જોનારી શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સંસારઅવસ્થામાં જ્ઞાનાવરણીય કર્મથી આત્મા કંઈક તિરોહિત હોવા છતાં અને મોહથી કંઈક આકુળ હોવા છતાં સંપૂર્ણ મોહથી અનાકુળ કેવળજ્ઞાન સ્વરૂપવાળો આત્મા શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દેખાય છે; કેમ કે કર્મ ઉપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો સંસારી જીવ પણ મોહથી અનાકુળ કેવળજ્ઞાન સ્વરૂપવાળો જ છે.

**મૂળ બોલ :-**

**(૧૨) ચેતનત્વ સ્વભાવ :- અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મોનો, (ચેતનત્વ સ્વભાવ છે) ચેતન સ્વભાવી આત્માનો ચેતનત્વ સ્વભાવ પરમભાવગ્રાહક નયથી.**

**ભાવાર્થ :-**

અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મોમાં ચેતનત્વ સ્વભાવ છે=જીવની સાથે એકમેક ભાવને પામેલાં કર્મોમાં ચેતનત્વ સ્વભાવ છે; કેમ કે અસદ્‌ભૂત વ્યવહારનય આત્માનો અને કર્મનો અભેદ કરીને કર્મોના અસદ્‌ભૂત એવા ચેતનત્વભાવને પણ કર્મોના ભાવરૂપે સ્વીકારે છે.

વળી, ચેતનસ્વભાવી આત્મામાં પરમભાવગ્રાહકનય ચેતનત્વ સ્વભાવ સ્વીકારે છે; કેમ કે આત્માનું ચેતનપણું આત્માનો મુખ્ય ભાવ છે, તેથી તેને જોનારી દૃષ્ટિથી આત્મામાં ચેતનત્વ સ્વભાવની પ્રાપ્તિ છે.

**મૂળ બોલ :-**

**(૧૩) અચેતનત્વ સ્વભાવ :- અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવમાં અચેતનત્વ છે અને પરમભાવગ્રાહક નયથી પુદ્‌ગલાદિ અચેતન છે.**

**ભાવાર્થ :-**

અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવમાં અચેતનત્વ સ્ભાવ છે; કેમ કે વ્યવહારનય કર્મોરૂપ અને દેહરૂપ પુદ્‌ગલો સાથે આત્માનો અભેદ સ્વીકારે છે. તેથી આત્મા સાથે અભિન્ન એવાં કર્મોનો અને દેહનો અચેતનત્વ સ્વભાવ આત્મામાં છે. પરમભાવગ્રાહક નયથી પુદ્‌ગલાદિમાં અચેતનત્વ સ્વભાવ છે; કેમ કે ધર્માસ્તિકાયાદિ સર્વ અજીવદ્રવ્યોનો પરમભાવ અચેતનત્વ સ્વભાવ છે. તેને જોનારી દૃષ્ટિથી પુદ્‌ગલાદિનો અચેતનત્વ સ્વભાવ પ્રતીત થાય છે.

**મૂળ બોલ :-**

**(૧૪) મૂર્તત્વ સ્વભાવ :- પરમભાવગ્રાહક નયથી અજીવની મૂર્તતા અને અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવની મૂર્તતા.**

**ભાવાર્થ :-**

પરમભાવગ્રાહકનયથી અજીવ એવા પુદ્ગલમાં મૂર્તતા છે; કેમ કે અજીવ એવા પુદ્ગલદ્રવ્યનો પરમભાવ મૂર્તત્વ છે. માટે તે નયદૃષ્ટિથી જોવામાં આવે તો અજીવ એવા પુદ્ગલદ્રવ્યમાં મૂર્તત્વ સ્વભાવ દેખાય છે. વળી, અસદ્ભૂત વ્યવહારનયથી જીવની મૂર્તતા છે; કેમ કે મૂર્ત એવા કર્મની સાથે અને દેહની સાથે જીવનો અભેદ દેખાય છે. તેથી જીવમાં મૂર્તતા નહીં હોવા છતાં દેહની અને કર્મની મૂર્તતા સાથે જીવ એકમેક ભાવે જોડાયેલો હોવાથી જીવમાં પણ અસદ્ભૂત વ્યવહારનયથી મૂર્તતા દેખાય છે.

**મૂળ બોલ :-**

**(૧૫) અમૂર્તત્વ સ્વભાવ :- પરમભાવગ્રાહક નયથી જીવાદિક અમૂર્ત છે. અસદ્ભૂત વ્યવહારનયથી પુદ્ગલ પરમાણુ વગેરે અમૂર્ત છે.**

**ભાવાર્થ :-**

પરમભાવગ્રાહકનયથી જીવાદિક અમૂર્ત છે અર્થાત્ પુદ્ગલ સિવાયનાં પાંચે દ્રવ્યો અમૂર્ત છે; કેમ કે ધર્માસ્તિકાયાદિ પાંચે દ્રવ્યોનો પરમભાવ અમૂર્તત્વ છે. વળી, અસદ્ભૂત વ્યવહારનયથી પુદ્ગલ, પરમાણુ વગેરે અમૂર્ત છે. અર્થાત્ અસદ્ભૂત વ્યવહારનયથી પુદ્ગલમાં અને પરમાણુમાં અમૂર્તત્વ છે; કેમ કે પુદ્ગલો જીવની સાથે સંબંધવાળા થયા છે તે સર્વની સાથે જીવનો એકમેક ભાવ હોવાથી તે પુદ્ગલોમાં પણ અમૂર્ત સ્વભાવ છે એમ અસદ્ભૂત વ્યવહારનય સ્વીકારે છે. વળી, જીવ સાથે અસંબંધવાળા પરમાણુ, દ્વ્યણુકાદિ સ્કંધો ભવિષ્યમાં સંબંધ થવાની યોગ્યતાવાળા હોવાને કારણે ઉપચારને સ્વીકારનાર અસદ્ભૂત વ્યવહારનય તે પરમાણુઓમાં અને તે દ્વ્યણુકાદિ સ્કંધોમાં પણ અમૂર્તત્વ સ્વભાવ સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(૧૬) એકપ્રદેશીત્વ સ્વભાવ :- પરમભાવગ્રાહક નયથી કાળ અને પુદ્ગલાણુની એકપ્રદેશતા છે. ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિક-નયની અપેક્ષાએ બાકીના ચારમાં એકપ્રદેશતા છે.**

**ભાવાર્થ :-**

પરમભાવગ્રાહકનયથી કાળરૂપ એક સમયમાં એકપ્રદેશતા છે અને પુદ્ગલના પરમાણુમાં એકપ્રદેશતા છે; કેમ કે વર્તમાન કાળ એકસમયપ્રમાણ છે અને પૂર્વના તથા ઉત્તરના સમયો સાથે વર્તમાનના સમયનો પરસ્પર કોઈ સંબંધ નથી, તેથી કાળમાં એકપ્રદેશતા છે. કાળમાં રહેલો એકપ્રદેશત્વ સ્વભાવ કાળનો પરમભાવ છે. તેથી પરમભાવગ્રાહકનયથી કાળમાં એકપ્રદેશીત્વ સ્વભાવ છે. વળી, પુદ્ગલના પરમાણુમાં પ્રદેશો નથી પરંતુ પૃથક્ એકપ્રદેશસ્વરૂપ પરમાણુ છે તેથી તેમાં એકપ્રદેશીત્વ સ્વભાવ વિદ્યમાન છે, જે પરમાણુનો પરમભાવ છે. માટે પરમભાવગ્રાહકનયની દૃષ્ટિથી પુદ્ગલના પૃથક્ પરમાણુમાં એકપ્રદેશીત્વ સ્વભાવ છે.

વળી, ભેદકલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કાળ અને પુદ્ગલ-પરમાણુ સિવાયનાં ચાર દ્રવ્યોમાં અર્થાત્ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય એ ચારેય દ્રવ્યોમાં એકપ્રદેશતા છે; કેમ કે ભેદ કલ્પનારહિત શુદ્ધ દ્રવ્યને જોનારી નયદૃષ્ટિ અખંડદ્રવ્યને બતાવે છે. તેથી અખંડ એવા ધર્માસ્તિકાયનો ભેદકલ્પનાથી વિચાર કરીએ તો અસંખ્યાત પ્રદેશવાળું હોવા છતાં અખંડ હોવાને કારણે ભેદની કલ્પના ન કરવામાં આવે તો તે ધર્માસ્તિકાય એક હોવાથી એકપ્રદેશીત્વ સ્વભાવવાળું છે. આ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ અખંડ એકદ્રવ્ય હોવાથી એકપ્રદેશીત્વ સ્વભાવવાળાં છે. વળી, અનંતા જીવોમાંથી પ્રત્યેક જીવને ગ્રહણ કરીને વિચારીએ તો તે તે જીવ અખંડ એકદ્રવ્ય છે. તેથી કલ્પનાથી તેના ભેદો ન વિચારીએ અને વાસ્તવિક એવી તેની અખંડતાનો વિચાર કરીએ તો તે જીવદ્રવ્ય પણ એકપ્રદેશીત્વ સ્વભાવવાળું છે અર્થાત્ પરમાણુપ્રમાણ એકપ્રદેશીત્વ સ્વભાવવાળું નહીં; પરંતુ સ્વઆત્મપ્રદેશોના સમૂહરૂપ અખંડ એકદ્રવ્ય સ્વરૂપ એકપ્રદેશીત્વ સ્વભાવવાળું છે. વળી, પુદ્ગલોમાં પરમાણુને છોડીને દ્વ્યણુકાદિ સ્કંધો ભેદ પામવાના સ્વભાવવાળા હોવાથી ભેદની કલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પણ તેઓને અખંડ એકદ્રવ્ય સ્વીકારાતા નથી; કેમ કે તેઓના ભેદ પ્રત્યક્ષસિદ્ધ છે તેથી તે સ્કંધોમાં એકપ્રદેશીત્વ સ્વભાવ નથી.

**મૂળ બોલ :-**

**(૧૭) અનેકપ્રદેશીત્વ સ્વભાવ :- શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવાદિ ૪ અનેકપ્રદેશી અને પુદ્ગલ પરમાણુ અસદ્ભૂત વ્યવહારનયથી અનેકપ્રદેશી છે.**

**ભાવાર્થ :-**

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવાદિ ચાર અર્થાત્ જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ચાર દ્રવ્યોમાં, અનેકપ્રદેશીત્વ સ્વભાવ છે; કેમ કે એ ચારે દ્રવ્યો અખંડ દ્રવ્ય હોવા છતાં પરમાણુની અવગાહનાતુલ્ય પ્રદેશો તેઓમાં એક નથી પરંતુ અનેક છે. વળી, આકાશમાં અનંત પ્રદેશો હોવાથી અનેકપ્રદેશીત્વ સ્વભાવ છે અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા એક જીવમાં અસંખ્યાત પ્રદેશો હોવાથી અનેકપ્રદેશીત્વ સ્વભાવ છે. વળી, પુદ્ગલ અને પરમાણુમાં અસદ્ભૂત વ્યવહારનયથી અનેકપ્રદેશીત્વ સ્વભાવ છે; કેમ કે પુદ્ગલને પણ અનેકપ્રદેશના સ્કંધો હોવા છતાં તે અખંડ એકદ્રવ્ય નથી પરંતુ તેના પ્રદેશો છૂટા પડે છે, તેથી વર્તમાનમાં અનેકપ્રદેશના સ્કંધો હોવા છતાં અસદ્ભૂત વ્યવહારનયથી તેને અનેકપ્રદેશીત્વ સ્વભાવ સ્વીકારાય છે. વળી, પરમાણુમાં અનેકપ્રદેશો નહીં હોવા છતાં અનેકપ્રદેશવાળો થવાની યોગ્યતા હોવાથી ઉપચારથી અસદ્ભૂત વ્યવહારનય તેમાં અનેકપ્રદેશીત્વ સ્વભાવ સ્વીકારે છે.

**મૂળ બોલ :-**

**(૧૮) વિભાવત્વ સ્વભાવ :- શુદ્ધઅશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આત્માનો વિભાવસ્વભાવ છે. જેમ કોઈ જીવ સંસારવર્તી પોતાના આત્માને શુદ્ધ સ્વરૂપે જોનારી દૃષ્ટિથી જ્ઞાનસ્વરૂપે અને અશુદ્ધ સ્વરૂપે જોનારી દૃષ્ટિથી મોહાદિ સ્વરૂપે એક સાથે જોવાનો યત્ન કરે ત્યારે પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપ, મોહથી આકુળ, શાતા-અશાતા આદિ ભાવોથી યુક્ત દેખાય છે. વળી સત્તામાં પૂર્ણ જ્ઞાન હોવા છતાં તે જ્ઞાન વિકૃતરૂપ છે તેમ

સ્વસંવેદનથી પ્રતીત થાય છે. અહીં તે જ્ઞાન મોહ અને શાતા-અશાતાદિથી વિકૃતિને પામ્યું છે તે વિભાવસ્વભાવ છે.

**મૂળ બોલ :-**

**(૧૯) શુદ્ધત્વ સ્વભાવ : શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આત્માનો શુદ્ધત્વ સ્વભાવ છે. જેમ પોતાનો આત્મા વર્તમાનમાં કર્મયુક્ત હોવા છતાં શુદ્ધ આત્માને જોવાના અંશથી આત્માને જોવા માટે ઉપયોગ મૂકવામાં આવે તો પોતાનો આત્મા મોહથી અનાકુળ અને શાતા-અશાતાદિના પરિણામથી રહિત સિદ્ધના જેવો નિષ્ક્રિય સ્વભાવવાળો છે એવું દેખાય છે. તેથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શુદ્ધત્વ સ્વભાવ આત્મામાં છે.

**મૂળ બોલ :-**

**(૨૦) અશુદ્ધત્વ સ્વભાવ :- અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી.**

**ભાવાર્થ :-**

અશુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી જોવામાં આવે ત્યારે કર્મોથી યુક્ત પોતાનો આત્મા અશુદ્ધ છે તેવી પ્રતીતિ સ્વસંવેદનથી થાય છે. તેથી એ પ્રકારના બોધના વિષયભૂત અશુદ્ધત્વ સ્વભાવ સંસારી આત્મામાં છે.

**મૂળ બોલ :-**

**(૨૧) ઉપચરિતત્વ સ્વભાવ :- અસદ્‌ભૂત વ્યવહારનયથી.**

**ભાવાર્થ :-**

અસદ્‌ભૂત વ્યવહારનયથી ઉપચરિતત્વ સ્વભાવ છે. જેમ પોતાનો આત્મા દેહરૂપ છે એ પ્રકારની વ્યવહારનયની પ્રતીતિ છે. દેહની સાથે પોતાનો અભેદ ઉપચાર કરીને જોવામાં આવે ત્યારે પોતાનો આત્મા દેહરૂપ દેખાય છે. તેથી અસદ્‌ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી જોવાનો યત્ન કરવામાં આવે ત્યારે બુદ્ધિરૂપી ચક્ષુથી ઉપચરિતત્વ સ્વભાવ દેખાય છે.

**મૂળ બોલ :-**

**(૩) પર્યાયના ભેદો :- (a) વ્યંજનપર્યાય, (b) અર્થપર્યાય.**

**ભાવાર્થ :-**

દરેક પદાર્થ દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે. દ્રવ્યમાં વર્તતા પર્યાયોને જોનારી જુદી જુદી દૃષ્ટિઓ છે. તેથી પર્યાયના બે ભેદો પ્રાપ્ત થાય છે : (a) વ્યંજનપર્યાય અને (b) અર્થપર્યાય.

**મૂળ બોલ :-**

**(a) ત્રિકાલસ્પર્શી પર્યાય, તે - વ્યંજનપર્યાય.**

**(b) સૂક્ષ્મ વર્તમાનકાળસ્પર્શી પર્યાય, તે - અર્થપર્યાય.**

**ભાવાર્થ :-**

**(a) વ્યંજનપર્યાય :-** ત્રણકાળમાં સ્પર્શનારો જે પર્યાય છે તે વ્યંજનપર્યાય છે. જેમ પોતાનો આત્મા જન્મથી માંડીને મૃત્યુ સુધી મનુષ્યરૂપે છે એમ પ્રતીત થાય છે, ત્યાં આત્માનો મનુષ્યત્વપર્યાય ત્રણ કાળને સ્પર્શનારો છે અર્થાત્ જન્મથી માંડીને મૃત્યુ સુધી 'હું મનુષ્ય છું,' 'હું મનુષ્ય છું' એ પ્રકારની પ્રતીતિ ત્રણે કાળમાં સ્પર્શનારી છે. જેમ વર્તમાન તરુણકાળના સમયની પ્રતીતિ પૂર્વના બાલ્યકાળને સ્પર્શનારી છે અને ઉત્તરના વૃદ્ધકાળને સ્પર્શનારી છે. ત્રણે કાળમાં જીવને મનુષ્યરૂપે વ્યક્ત કરનાર તે પર્યાય છે માટે વ્યંજનપર્યાય છે.

**(b) અર્થપર્યાય :-** સૂક્ષ્મ વર્તમાનકાળસ્પર્શી જે પર્યાય છે તે અર્થપર્યાય છે. જેમ, પોતાના આત્મામાં વર્તમાનમાં જે બાલ્યાવસ્થા, યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થા હોય તેટલા પર્યાયને સ્પર્શનારી દૃષ્ટિથી જે પર્યાય દેખાય તે અર્થપર્યાય છે અર્થાત્ વર્તમાન ક્ષણે જે અવસ્થામાં વિદ્યમાન હોય તે અવસ્થાને બતાવનાર તેનો ભાવ તે તેનો અર્થપર્યાય છે. જેમ વર્તમાન બાલ્યકાળની ક્ષણમાં જે બાલ્યભાવ વર્તતો હોય, યુવાકાળમાં જે તરુણભાવ વર્તતો હોય અને વૃદ્ધાવસ્થામાં જે વૃદ્ધભાવ વર્તતો હોય તે તેનો અર્થપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(a) વ્યંજનપર્યાયના ૨ ભેદ :- (૧) દ્રવ્યથી, (૨) ગુણથી.**

**ભાવાર્થ :-**

(a) વ્યંજનપર્યાયના બે ભેદો છે : (૧) દ્રવ્યવ્યંજનપર્યાય, (૨) ગુણવ્યંજન-પર્યાય.

**મૂળ બોલ :-**

**(૧) દ્રવ્યવ્યંજનપર્યાયના ૨ ભેદ :- (i) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય, (ii) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય.**

**ભાવાર્થ :-**

(૧) દ્રવ્યવ્યંજનપર્યાયના બે ભેદો છે.

**(i) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :-** શુદ્ધ દ્રવ્યને જોનારી દૃષ્ટિથી વિચારીએ તો આત્માનો શુદ્ધ પર્યાય ત્રણે કાળમાં વ્યક્ત દેખાય છે. આ શુદ્ધ પર્યાય જીવનો શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે; કેમ કે સંસારઅવસ્થામાં પોતાનો આત્મા સિદ્ધતુલ્ય છે અને મુક્ત અવસ્થામાં પણ પોતાનો આત્મા સિદ્ધ છે તેથી શુદ્ધ છે. માટે શુદ્ધ દ્રવ્યને ત્રણ કાળમાં વ્યક્ત કરનાર જે પર્યાય તે શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય છે.

**(ii) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :-** સંસારી જીવ મનુષ્યરૂપે છે ત્યારે અશુદ્ધ દ્રવ્યરૂપે છે, દેવરૂપે છે ત્યારે પણ અશુદ્ધ દ્રવ્યરૂપે છે, નારકરૂપે છે ત્યારે પણ અશુદ્ધ દ્રવ્યરૂપે છે અને તિર્યંચરૂપે છે ત્યારે પણ અશુદ્ધ દ્રવ્યરૂપે છે. તેથી અશુદ્ધ દ્રવ્યને વ્યક્ત કરનાર જે મનુષ્યાદિ પર્યાય છે, તે અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(૨) ગુણવ્યંજનપર્યાયના ૨ ભેદ :- (i) શુદ્ધગુણવ્યંજનપર્યાય, (ii) અશુદ્ધગુણવ્યંજનપર્યાય.**

**ભાવાર્થ :-**

(૨) ગુણવ્યંજનપર્યાયના બે ભેદો છે.

**(i) શુદ્ધ ગુણવ્યંજનપર્યાય :-** આત્માના શુદ્ધગુણવ્યંજનપર્યાયને જોનારી દૃષ્ટિથી વિચારીએ તો કેવલીના આત્મામાં કેવળજ્ઞાનાદિ ગુણો રહેલા છે. તે

કેવળજ્ઞાનાદિ ગુણો ત્રણે કાળમાં સ્પર્શનારા છે તેથી વ્યંજનપર્યાય છે અને આત્માના શુદ્ધ ગુણ હોવાથી શુદ્ધગુણવ્યંજનપર્યાય છે.

**(ii) અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય :-** વળી, આત્મામાં મતિ આદિ જ્ઞાનો છે એ અશુદ્ધ ગુણો છે; કેમ કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનરૂપ ચાર જ્ઞાનો ક્ષયોપશમભાવવાળા હોવાથી અશુદ્ધ ગુણ છે. વળી, સંસારી જીવમાં તે તે જ્ઞાનના ક્ષયોપશમકાળમાં તે તે અશુદ્ધગુણની પ્રાપ્તિ એક સમયથી અધિક કેટલોક કાળ વર્તે છે, તેથી ત્રણ કાળમાં તે તે ગુણનો સ્પર્શ છે, માટે અશુદ્ધગુણ-વ્યંજનપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(b) અર્થપર્યાયના ૨ ભેદ :- (૧) શુદ્ધ અર્થપર્યાય, (૨) અશુદ્ધ અર્થપર્યાય.**

**ભાવાર્થ :-**

(b) અર્થપર્યાયના બે ભેદ છે.

**(૧) શુદ્ધ અર્થપર્યાય :-** સિદ્ધ અવસ્થાની વર્તમાનક્ષણમાં જે કેવળજ્ઞાનનો ઉપયોગ વર્તે છે, તે શુદ્ધ અર્થપર્યાય છે; કેમ કે કેવળજ્ઞાન એ આત્માનો શુદ્ધ ગુણ છે અને શુદ્ધ એવા આત્મામાં એકક્ષણમાત્ર વર્તે છે માટે શુદ્ધ અર્થપર્યાય છે.

**(૨) અશુદ્ધ અર્થપર્યાય :-** ભવસ્થ એવા કેવળીમાં વર્તતો વર્તમાનક્ષણનો કેવળજ્ઞાનનો ઉપયોગ એ અશુદ્ધ અર્થપર્યાય છે; કેમ કે કેવળજ્ઞાન એ આત્માનો શુદ્ધ ગુણ હોવા છતાં ભવસ્થ કેવળજ્ઞાનનો ઉપયોગ આત્માના અશુદ્ધ વર્તમાનક્ષણના પર્યાયસ્વરૂપ છે; કેમ કે અશુદ્ધ આત્મામાં જ ભવસ્થ કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે માટે અશુદ્ધ અર્થપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(૧) પુરુષ ઉપર વ્યંજનપર્યાય અને અર્થપર્યાય :-**

**(૧) વ્યંજનપર્યાય :- (i) જન્મથી મરણપર્યંત,**

**(૨) અર્થપર્યાય :- (ii) બાળ-તરુણ વગેરે પર્યાય.**

**ભાવાર્થ :-**

(૧) પુરુષ ઉપર વ્યંજનપર્યાયનું અને અર્થપર્યાયનું યોજન બતાવે છે –

**(i) જન્મથી મરણ પર્યંત :-** જન્મથી માંડીને મરણ સુધી પુરુષનો જે મનુષ્યપર્યાય દેખાય છે તે વ્યંજનપર્યાય છે; કેમ કે ત્રણ કાળમાં સ્પર્શે છે અને મનુષ્યરૂપે તે જીવને વ્યક્ત કરે છે.

**(ii) બાળ-તરુણ વગેરે પર્યાય :-** વળી, પુરુષને આશ્રયીને અર્થપર્યાય બાળ-તરુણ વગેરે પર્યાયો છે અર્થાત્ વર્તમાનક્ષણમાં જે બાળભાવ વર્તતો હોય, જે તરુણભાવ વર્તતો હોય વગેરે પર્યાયો વર્તમાનકાળસ્પર્શી હોવાથી અર્થપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(૨) કેવળજ્ઞાન ઉપર વ્યંજનપર્યાય અને અર્થપર્યાય :-**

**(i) શુદ્ધ વ્યંજનપર્યાય :- શુદ્ધ આત્મગુણત્વ,**

**(ii) અર્થપર્યાય (ઋજુસૂત્રાદેશથી) :- (૧) ભવસ્થત્વ, (૨) સિદ્ધસ્થત્વ.**

**ભાવાર્થ :-**

(૨) કેવળજ્ઞાન ઉપર વ્યંજનપર્યાય અને અર્થપર્યાયનું યોજન બતાવે છે –

**(i) શુદ્ધ વ્યંજનપર્યાય :-** શુદ્ધ આત્મગુણત્વ એ શુદ્ધ વ્યંજનપર્યાય છે; કેમ કે કેવલીમાં વર્તતું કેવળજ્ઞાન એ આત્માનો શુદ્ધ ગુણ છે, તેથી તેમાં શુદ્ધ આત્મગુણત્વ છે. તે શુદ્ધ આત્મગુણત્વ ત્રિકાળવર્તી છે માટે કેવળજ્ઞાનમાં વર્તતું શુદ્ધ આત્મગુણત્વ શુદ્ધ વ્યંજનપર્યાય છે.

**(ii) અર્થપર્યાય (ઋજુસૂત્રાદેશથી) :-** સ્થૂલથી કેવળજ્ઞાનના બે ભેદ છે : (૧) ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) સિદ્ધસ્થ કેવળજ્ઞાન. તેથી તે બેને આશ્રયીને અર્થપર્યાયના બે ભેદ છે.

**(૧) ભવસ્થત્વ :-** ભવસ્થ કેવળજ્ઞાનની વર્તમાનક્ષણના ઉપયોગને સામે રાખીને જોવામાં આવે તો કેવલીમાં રહેલ ભવસ્થત્વ પર્યાય એકક્ષણવર્તી હોવાથી અર્થપર્યાય છે.

(૨) **સિદ્ધસ્થત્વ :-** સિદ્ધમાં રહેલા કેવલીમાં સિદ્ધસ્થત્વ રહેલું છે. તે સિદ્ધસ્થત્વ પર્યાય પ્રત્યેક ક્ષણને આશ્રયીને વિચારવામાં આવે તો એકક્ષણવર્તી એવો સિદ્ધસ્થત્વ પર્યાય અર્થપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(૩) પુદ્ગલદ્રવ્ય ઉપર વ્યંજનપર્યાય અને અર્થપર્યાય :-**

**(i) (૧) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- પરમાણુત્વ, (૨) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- દ્વ્યણુકાદિત્વ.**

**(ii) (૧) શુદ્ધ ગુણવ્યંજનપર્યાય :- પરમાણુના ગુણો, (૨) અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય :- દ્વ્યણુકાદિના ગુણો.**

**ભાવાર્થ :-**

(૩) પુદ્ગલદ્રવ્ય ઉપર વ્યંજનપર્યાયનું યોજન બતાવે છે. જેમાં દ્રવ્યવ્યંજન-પર્યાય અને ગુણવ્યંજનપર્યાય-એ બંનેને શુદ્ધ અને અશુદ્ધ-એમ બે વિભાગમાં યોજવામાં આવે છે.

(i) (૧) **શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- પરમાણુત્વ :-** પુદ્ગલદ્રવ્યમાં જે પરમાણુત્વ છે તે અન્ય દ્રવ્યની સાથે સંશ્લેષ વગરનું શુદ્ધ દ્રવ્ય છે અને તે પરમાણુમાં રહેલો પરમાણુત્વ પર્યાય ત્રણ કાળને સ્પર્શે છે માટે વ્યંજનપર્યાય છે. અર્થાત્ પરમાણુ પૂર્વમાં કેટલોક કાળ પરમાણુરૂપે હતો, વર્તમાનમાં પરમાણુરૂપે છે અને ભવિષ્યમાં કેટલોક કાળ પરમાણુરૂપે રહેશે. તે પરમાણુમાં રહેલ પરમાણુત્વ પર્યાય ત્રણ કાળને સ્પર્શનાર હોવાથી વ્યંજનપર્યાય છે. પરમાણુ અન્ય દ્રવ્યની સાથે સંશ્લેષ વગરનો હોવાથી શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે.

(૨) **અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- દ્વ્યણુકાદિત્વ :-** દ્વ્યણુકાદિમાં દ્વ્યણુકાદિત્વ પર્યાય છે, દ્વ્યણુકાદિ સ્કંધો સંશ્લેષવાળા છે તેથી અશુદ્ધ દ્રવ્ય છે. આ દ્વ્યણુકાદિ સ્કંધો વર્તમાનમાં છે, પૂર્વમાં પણ કેટલોક કાળ હતા અને ભવિષ્યમાં પણ કેટલોક કાળ રહેશે. તેથી દ્વ્યણુકાદિમાં રહેલું દ્વ્યણુકાદિત્વ ત્રિકાળવર્તી હોવાથી વ્યંજનપર્યાય છે.

**(ii) (૧) શુદ્ધ ગુણવ્યંજનપર્યાય : પરમાણુના ગુણો :-** પરમાણુના ગુણો શુદ્ધ ગુણવ્યંજપર્યાય છે; કેમ કે પરમાણુ એ શુદ્ધ દ્રવ્ય છે અને તેમાં વર્તતા ગુણો એ શુદ્ધ દ્રવ્યના ગુણો છે. આ પરમાણુના ગુણો કેટલોક કાળ પ્રાપ્ત થતાં હોય તો પૂર્વમાં હતાં, વર્તમાનક્ષણમાં છે અને ઉત્તરક્ષણમાં તે ગુણ રહેશે, તેથી ત્રિકાળવર્તી હોવાથી શુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે.

**(૨) અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય :- દ્વચણુકાદિના ગુણો :-** દ્વચણુકાદિના ગુણો અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય છે; કેમકે દ્વચણુકાદિમાં જે ગુણો ત્રણ કાળમાં પ્રાપ્ત થતા હોય તે વ્યંજનપર્યાય છે અને દ્વચણુકાદિ અનેક પરમાણુના સંયોગથી બનેલા હોવાથી તેના ગુણો અશુદ્ધ છે. તેથી દ્વચણુકાદિમાં ત્રિકાળવર્તી જે ગુણો હોય તે અશુદ્ધગુણવ્યંજનપર્યાય છે.

**મૂળ બોલ :-**

**(૪) ધર્માસ્તિકાયાદિમાં વ્યંજનપર્યાય :-**

**(i) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- લોકાકાશમાન સંસ્થાનાકૃતિત્વ.**

**(ii) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- લોકવર્તી દ્રવ્યસંયોગત્વ.**

**ભાવાર્થ :-**

(૪) ધર્માસ્તિકાયાદિમાં વ્યંજનપર્યાયનું યોજન બતાવે છે –

**(i) શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય :- લોકાકાશમાન સંસ્થાનાકૃતિત્વ :-** ધર્માસ્તિકાયમાં અને અધર્માસ્તિકાયમાં રહેલું લોકાકાશમાન સંસ્થાન આકૃતિપણું શુદ્ધ દ્રવ્યવ્યંજન-પર્યાય છે; કેમ કે ધર્માસ્તિકાયમાં અને અધર્માસ્તિકાયમાં કોઈના સંયોગ વગર તે પ્રકારનું લોકાકાશમાન સંસ્થાન આકૃતિપણું છે અને તે ત્રિકાળવર્તી છે, તેથી તે શુદ્ધ એવા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યના વ્યંજનપર્યાય છે. વળી, આકાશાસ્તિકાયમાં રહેલું સર્વવ્યાપી સંસ્થાનાકૃતિત્વ શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય છે.

**(ii) અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય : લોકવર્તી દ્રવ્યસંયોગત્વ :-** ધર્માસ્તિકાય સાથે લોકવર્તી અધર્માસ્તિકાયનો, આકાશાસ્તિકાયનો, જીવનો અને પુદ્ગલનો સંયોગ છે, તેથી ધર્માસ્તિકાયમાં રહેલો લોકવર્તી દ્રવ્યસંયોગત્વ પર્યાય અન્યના સંયોગથી થયેલો હોવાથી અશુદ્ધ દ્રવ્યનો પર્યાય છે અને તે ત્રિકાળવર્તી હોવાથી

અશુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય છે. એ જ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં પણ જાણવું.

**મૂળ બોલ :-**

**બીજી રીતે પર્યાયના ચાર પ્રકાર (નયચક્રના અભિપ્રાયથી) :-**

**(૧) સજાતીય દ્રવ્યપર્યાય :- દ્વિપ્રદેશાદિક સ્કંધો.**

**(૨) વિજાતીય દ્રવ્યપર્યાય :- આત્મ-પુદ્ગલ સંયોગે-મનુષ્યત્વાદિ પર્યાય.**

**(૩) સ્વભાવ ગુણપર્યાય :- કેવળજ્ઞાન.**

**(૪) વિભાવ ગુણપર્યાય :- મતિજ્ઞાન વિગેરે.**

**આ ચાર ભેદ પણ ખરી રીતે તો પ્રાયઃ જાણવા; કેમ કે પરમાણુરૂપ દ્રવ્યપર્યાય - આ ચારમાં સમાતો નથી; કેમ કે પરમાણુપણાને પણ શાસ્ત્રમાં વિભાગજાત [भेदादणुः] પર્યાયપણું કહ્યું છે.**

**ભાવાર્થ :-**

નયચક્રના અભિપ્રાયથી પર્યાયના ચાર પ્રકાર બતાવે છે –

**(૧) સજાતીય દ્રવ્યપર્યાય :-** દ્વિપ્રદેશાદિક સ્કંધો સજાતીય દ્રવ્યપર્યાય છે; કેમ કે એકપરમાણુ સાથે અન્ય પરમાણુનો સંયોગ થવાથી દ્વિપ્રદેશાદિક સ્કંધો બને છે. તેથી દ્વિપ્રદેશાદિક સ્કંધત્વ એ સજાતીય દ્રવ્યપર્યાય છે.

**(૨) વિજાતીય દ્રવ્યપર્યાય :-** આત્માના અને પુદ્ગલના સંયોગથી મનુષ્યત્વાદિ જે પર્યાયો છે તે ચેતન એવા આત્મા અને અચેતન એવા દેહાદિરૂપ પુદ્ગલના સંયોગથી થયેલા છે. માટે મનુષ્યત્વાદિ વિજાતીય દ્રવ્યપર્યાય છે.

**(૩) સ્વભાવ ગુણ-પર્યાય :-** કેવળજ્ઞાન એ સ્વભાવ ગુણ-પર્યાય છે; કેમ કે જીવનો ગુણ જ્ઞાન છે અને ગુણ પર્યાયથી પૃથક્ નથી તેથી કેવળજ્ઞાનગુણ એ જીવનો સ્વભાવ ગુણ-પર્યાય છે.

**(૪) વિભાવ ગુણ-પર્યાય :-** મતિજ્ઞાન વિગેરે ચાર જ્ઞાનો વિભાવ ગુણ-પર્યાય છે; કેમ કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન એ

ચાર જ્ઞાન કર્મના ક્ષયોપશમથી થનારી જીવની પરિણતિરૂપ છે. અન્યના સંયોગથી થનારો ગુણ એ વિભાવગુણ કહેવાય અને તે વિભાવગુણરૂપ પર્યાય જીવના મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાનના પરિણામરૂપ જ છે.

નયચક્રના અભિપ્રાયથી પર્યાયના આ ચાર ભેદ પણ ખરી રીતે તો પ્રાયઃ જાણવા; કેમ કે અપેક્ષાએ તો પરમાણુરૂપ દ્રવ્યપર્યાય જુદો છે તેથી પાંચ ભેદ થાય છતાં ચાર ભેદ કહ્યા તેથી તે પ્રાયઃ જાણવા; કેમ કે પરમાણુરૂપ દ્રવ્યપર્યાય આ ચારમાં સમાતો નથી.

અહીં પ્રશ્ન થાય કે પરમાણુને પર્યાય કેમ કહ્યો ? દ્રવ્ય કેમ ન કહ્યો ? તે બતાવવા અર્થે મૂળ બોલમાં 'કેમ કે'થી કહે છે – પરમાણુપણાને પણ શાસ્ત્રમાં વિભાગજાત પર્યાયપણું કહ્યું છે અર્થાત્ भेदादणुः=ભેદથી અણુ ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે, અને જે ઉત્પન્ન થાય છે તે પર્યાય છે માટે અપેક્ષાએ અણુ પર્યાય છે, તેથી પુદ્ગલદ્રવ્યનો પરમાણુ પર્યાય છે એ પ્રમાણે ફલિત થાય છે.

## સંપૂર્ણ

❋ ❋ ❋

જગતમાં નયવ્યવસ્થાનું બીજ :-
દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેયની
પરસ્પર ભેદ અને અભેદની અપેક્ષાએ
જુદાં જુદાં દ્રવ્યો, ક્ષેત્રો, કાળો અને ભાવોને
આશ્રયીને અનેક અભિપ્રાયભેદો=વિચારણાના ભેદો,
પડે છે, તે સઘળા નય પ્રકારો ગણાય.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com